


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક રવિશંકર મ. રાવળ

તંત્રી

ધીરુ પરીખ

સંપાદક

બિહારીલાલ ટાંક

અખંડ અંક

૮૧૪

વર્ષ : ૬૮મું



શિશિરની સંગીતિ] [કાંતિક ત્રિવેદી

૧૯૮૪માં કાંતિક ત્રિવેદીએ આ તૈલરંગી ચિત્ર ૧૮ ઈંચ × ૨૨ ઈંચના કૈનવાસ પર તૈયાર કરેલું છે. સમગ્ર ચિત્રમાં આસમાની રંગનો ઉઠાવ અને વૃક્ષોની શુષ્કતા તે ચિત્રમાંના નારીપાત્રની હૃદયશૂન્યતાને પ્રતીકાત્મક રીતે અભિવ્યક્ત કરે છે. વળી, એને શિશિરની સંગીતિ જેવું કાવ્યાત્મક શીર્ષક આપીને ચિત્રકારે ચિત્રમાંના નારીપાત્રના ચિત્તમાં વ્યાપેલા વિષાદની પણ લયમધુરતા પ્રકટાવી છે.

નવેમ્બર ૧૯૯૫

કુમાર

કુમાર સળંગ અંક ૮૧૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

અંક ૮૦૩ (ડિસેમ્બર ૧૯૯૪)માં શ્રી મોહનલાલ પટેલનો 'પાટિયાં'નો લેખ વાંચ્યો.

૧૯૨૭થી ૧૯૩૩ દરમિયાન હું સર પ્રભાશંકર પટ્ટણીને ત્યાં રહી સામળદાસ કોલેજમાં અભ્યાસ કરતો હતો. ત્યારે તેઓ પ્રસંગોચિત વાતો કરતા. એકવાર તેઓએ અમને વિદ્યાર્થીઓને 'પાટિયાં' સંબંધી નીચેની વાત કરી હતી તે યાદ આવી જવાથી લખું છું.

લંડનમાં એક સારી અને પ્રખ્યાત હોટલ હતી, તેના વિશેની માહિતી સાંભળી વી.આઈ.પી. લોકો અને બીજાં પહોંચતાં લોકો ત્યાં ઊતરવાનું પસંદ કરતાં. તે હોટલનું નામ 'ધી એસ' ('The Ass') હતું.

ધંધામાં હરીફાઈ તો હોય જ. અમુક વિઘ્ન-સંતોષી મિત્રોએ હોટલની વધતી જતી ખ્યાતિ અને કમાણી ન જોઈ શકતાં તેના માલિકને એવી સલાહ આપી કે આવી સારી હોટલને 'The Ass' નામ શોભતું નથી. એમ કહી, માલિકના પૂછવાથી 'King George V Hotel' નામ રાખવા સૂચન કર્યું. અને પાટિયામાં તેમનું ચિત્ર મૂકવા પણ સૂચવ્યું. અને કોઈ પણ શંકા-કુશંકા વિના માલિકે તેમ કર્યું.

બીજે જ દિવસે તે કહેવાતા મિત્રોએ આલેશાન હોટલ શરૂ કરી અને તેને 'The Ass'નું પાટિયું લગાવી દીધું. એ નામની ખ્યાતિને લીધે તેમને અઢળક કમાણી શરૂ થઈ અને 'King George V Hotel'ની કમાણી બેસતી ગઈ.

થોડાક દિવસ તો આમ ચાલ્યું. પછી મૂળ 'The Ass'ના માલિકે તેના કહેવાતા મિત્રોને આ વાત કરી. એ મિત્રબંધુઓ (!) જાણે વિચાર કરીને કહેતા હોય તેમ 'હા, હા, વાત તો ખરી. Ass હોટલના નામને લીધે જ આમ થયું.' પછી રસ્તો સુઝાડતા હોય તેમ સલાહ આપી કે બોર્ડના નીચેના ભાગમાં 'This is The Original Ass' એમ લખાણ લખવું. મૂળ માલિકે તેમ કર્યું. આ લખાણ પંચમ જ્યોર્જની છબી નીચે આપ્યું. ધારું છું કે પછી શું બન્યું તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય. મહાસુખરામ પટ્ટણી (ભાવનગર)

'કુમાર'ના સપ્ટે. '૯૫ના અંકમાં 'ઊંટ, લામા, આલ્પાકા' વચ્ચેની તુલનાત્મક માહિતી રસપ્રદ રીતે અપાઈ છે. ઊંટની તુલનામાં લામા, આલ્પાકા, ગ્વાનકો... વચ્ચેનો ભેદ સ્પષ્ટ ગણાવી શકાય. લામા પાણી વિના લાંબો સમય ઊંટની જેમ, ચલાવી શકે છે. પરંતુ ઊંટના પગે ગાદી હોઈને રેતાળ પ્રદેશમાં ઉપયોગી; જ્યારે લામા, આલ્પાકા વગેરે ડુંગરાળ-ખડકાળ પ્રદેશનાં હોઈને તે ખરીવાળાં પ્રાણીઓ છે. આ ભેદ પણ અગત્યનો ગણાય. - મોહનભાઈ જાની (અમદાવાદ)

લોચન-મનનો ઝઘડો

લોચનમનનો રે ! કે ઝઘડો લોચનમનનો !
રસિયા તે જનનો રે ! કે ઝઘડો લોચનમનનો !

પ્રીત પ્રથમ કોણે કરી નંદકુંવરની સાથ !
મન કહે : 'લોચન ! તેં કરી,' લોચન કહે, 'તુજ હાથ. ઝઘડો૦

'નટવર નિરખ્યા નેન ! તેં, સુન્દર આવ્યું તુજભાગ
બંધાવ્યું તેં મુજને, લગન લગાડી આગ !' ઝઘડો૦

'હે મન ! તુજ અધીન હું, જ્યહાં પ્રેરે ત્યાં જાઉં,
સહુ ઇંદ્રિનું તું ધણી, હું, તુજ દાસ કહેવાઉં.' ઝઘડો૦

'સુણ ચક્ષુ ! હું પાંગળું, તું માહારું વાહન,
નિગમઅગમ કહ્યું સાંભળ્યું દીઠા વિના ગયું મન.' ઝઘડો૦

'ભલું કરાવ્યો મેં તુને, સુંદરવરસંજોગ,
મને તજી તું નિત મળે, હું રહું દુઃખવિજોગ !' ઝઘડો૦

'વનમાં વ્હાલાજી કને હુંય વસું છું નેન !
પણ તુજને વણ મેળવ્યે, હું ન ભોગવું ચેન !' ઝઘડો૦

મન કહે : 'હું ધીકું હદે, ધૂમ પ્રગટ ત્યાં હોય,
તે તુંને લાગે રે નેન ! નેહ થકી તું રોય.' ઝઘડો૦

બેઉ આવ્યાં બુદ્ધિ કને, તેણે ચૂકવ્યો ન્યાય,
'મન ! લોચનનો પ્રાણ તું, લોચન ! તું મન કાય.' ઝઘડો૦

સુખથી સુખ, દુઃખ દુઃખથી મન લોચન ! એ રીત,
દયા-પ્રીતમ નંદલાલશું બેઉ વડેથી પ્રીત. ઝઘડો૦

દયારામ

મળી લૈયે / કનુભાઈ જાની

(ગાન)

તમ્મનેય આમ મળી લૈયે
મનોમન્ન ! તમ્મનેય૦...

અમૂંઝણ અમ્મારી
આભલું ભરાય એક !
કોને જઈને હવે કૈયે ? તમ્મનેય૦...

વાયદાના વાયરા, ને
મેખુંની રેખું, ને
વાવડની વરખાયે વૈ ગૈ !
બોલુંના તોલ હવે
ર્યાં છે જ ક્યાં કે પછી
'હવે કાંઈ બાકી ?'
ઈમ કૈયે ! તમ્મનેય૦....

નો આવો, કાંઈ નંઈ;
ઠાલા કાં મોકલતા
હંધેહા આમ કાંક તાકી ?
દરશણનું, જીવણ, તો
થાય તંઈ હાચું
પણ વેણ આમ રાખો કાં બાકી ?
વાટે મંડાઈ મીટ
વાટ થૈને હળગે
પણ હંકોરવાનું કોને કૈયે ? તમ્મનેય૦...

ચૂંદડી ચીરાય તંઈ
ટેભા ભરાય,
આ તો
ચંદરવો ઊભો ચીરાણો !
કોરાટી ધરતીયે
ફાટ પડે; હમજ્યા
લ્યા ! આભલે તીરાડ
ક્યાંય જાણી ?
ડુંગરડા કોરા લ્યા હોય
કાંક હમજ્યા, પણ
હેમાળે ઝાળ
કાંઉં કરીયેં ?! તમ્મનેય૦...

પંખીહૃદય / જગદીશ ત્રિવેદી

(શિખરિણી-સૉનેટ)

ભરીને પાંખોમાં નવલ બલ-ઉત્સાહ અધિકાં
જતાં સંધ્યાકાળે નિબિડ વનપ્રાંતે નીડ પ્રતિ-
અહો પંખીટોળાં - દિવસભરના શૂન્ય નભને
કશા હર્ષોલ્લાસે ટહુકી ટહુકીને ગજવતાં;
અને ઝિલાયેલા નભહૃદય ટૌકા વિહગના
ખીલી ઊઠે રાત્રે કુસુમ ધવલા તારક થઈ !

ફરું સંધ્યાકાળે ઘર તરફ ઉત્સાહહીન હું -
ખર્યું કો ડાળેથી તરુવર તણી જીર્ણ પરણું
તણાતું જાતું રે પવન-હડસેલે ડગુમગુ;
હણાયાં જાણે ચેતન ચરણનાં એમ પગલાં
પડે આડાંટેડાં, ઘર-સ્વજન વચ્ચે થતું ઉરે :
પ્રવેશ્યો જાણે કે પરિચય વિનાના ઘર વિશે !

મળે જો પંખીનું હૃદય ઘડી એકાદ પણ તો
કરી મૂકું ગાતાં કણ કણ ધરાનાં હૃદયને.

ભાષાન્તર હતું / દિનેશ ડોંગરે 'નાદાન'

(ગઝલ)

સૌ હતાં પાસે છતાં અન્તર હતું,
લાગણીવશ હું હતો ને ઘર હતું.
એની મેળે થઈ ગયું સાકાર એ-
મારું સપનુંયે સ્વયં પગભર હતું.
અંતમાં સમજી શક્યો છું એટલું,
આપણી વચ્ચે બધું સરભર હતું.
મેં સફળતાને લડાવ્યા લાડ – પણ,
વેંત છેટું મારું મુકદ્દર હતું.
આ અચાનક શ્વાસનું અટકી જવું,
જિન્દગીનું માત્ર ભાષાન્તર હતું.

કિરણો ઉપર સવારી / 'ઉશનસ્'

(મુક્તક)

તો ચલ, હવે કિરણો ઉપર અસવાર થા,
પથ્થર મટી રજકણ થવા તૈયાર થા !
ઝીલી શકે ના ભાર છતનો ભીંત જો,
એ ભીંતનો તું સ્તંભ થઈ આધાર થા !

મળી લૈયે • જ્યારે રૂબરૂ મિલન અશક્ય બન્યું છે ત્યારે કાવ્યનાયક આમ મનોમન પોતાની પ્રિયતમાને મળવાની ઇચ્છા પ્રકટ કરે છે. નહિ આવતી પ્રેયસીના ખાલી વાયદાથી નિરાશ થએલા નાયકના હૃદયની સ્થિતિ 'ચૂંદડી ચીરાય....'વાળા અંતરામાં બળકટ અને નાવીન્યપૂર્ણ અભિવ્યક્તિ પામી છે. રોમેન્ટિક મૂડનું આ ગાન તળપદ બાનીમાં સાહજિક ઉદ્વેગ રજૂ કરી જાય છે. પંખીહૃદય • સંધ્યાકાળે માળા ભણી પાછાં ફરી રહેલાં પંખીઓને જોઈ કાવ્યનાયક મનુષ્ય દેહધારી પ્રાણી તરીકેની એકલતા અનુભવી રહે છે અને પંખીના જેવું જો હૃદય મળે તો પૃથ્વીને કલકિલ્લોલથી છલકાવી દેવાની મનીષા આ સૉનેટમાં વ્યક્ત કરે છે. ભાષાન્તર હતું • આજના મનુષ્યની ઘર વચ્ચે, સ્વજનો વચ્ચે પણ પરજન જેવી વિષમ સ્થિતિ છે તેનું સુપેરે બયાન કરતી ગઝલ અન્તે જતાં જીવન અને મૃત્યુની સમાનતાના આશાવાદમાં પરિણમે છે; અને મૃત્યુ એ બીજું કશું જ નહિ, પણ જિન્દગીનું ભાષાન્તર છે એવો સુભગ વિચાર પ્રકટ કરે છે. - ધી. પ.

નામ તો તેમનું હરકુંવર, પણ સહુ ઓળખે હરકોર શેઠાણીથી. ત્યારે રૂઢિગત સમાજમાં આછીપાતળી તકોનો ઉદય થતાં સ્ત્રીઓની શક્તિ કેવી નૈસર્ગિક રીતે ખીલી ઊઠે છે તેનું જ્વલંત ઉદાહરણ આજથી પોણાબસો વર્ષ પહેલાં જન્મેલાં આ હરકોર શેઠાણી (૧૮૨૦-૧૮૭૬) છે. ધોળકા તાલુકાના ઘોઘા બંદરના જૈન કુટુંબમાં જન્મેલાં હરકુંવરનું અવસાન ૫ ઑક્ટોબર ૧૮૭૬ના રોજ થયું હતું.

સામાન્ય રીતે વિદ્યાબહેન નીલકંઠને (૧૮૭૬-૧૯૫૮) ગુજરાતની પ્રથમ પેઢીના મહિલા સમાજ-સુધારક તરીકે ગણવામાં આવે છે. પરંતુ જે વર્ષે તેમનો જન્મ થયો તે જ વર્ષે ૫૬ વર્ષની ઉંમરે હરકુંવરનું મૃત્યુ થયું હતું ! આમ, બન્ને વચ્ચે બે-ત્રણ પેઢીનું અંતર હતું. હરકુંવરનો સમય પ્રમાણમાં વધારે સ્થિતિચુસ્ત હતો. અમદાવાદના અતિ શ્રીમંત વેપારીનાં તે પત્ની ખરાં, પરંતુ ત્રીજી વારનાં. ત્રણે પત્નીઓમાંથી કોઈને સંતાન નહીં ! વળી, ૨૬ વર્ષની ભરયુવાવસ્થામાં વિધવા થયાં અને જે વર્ષે પતિનું મૃત્યુ થયું તે જ વર્ષે સાસુ પણ અવસાન પામ્યાં. સસરા તો પતિને ચાર વર્ષના મૂકીને ગુજરી ગયા હતા. પિયર ખરું, પણ તેમનાં માતાપિતા કોણ તેને વિષે તો ભલભલા જૈન વિદ્વાનો અને મુનિઓ પણ મૌન છે. વિધવાવસ્થા દરમિયાન જ્યારે તેઓ તદ્દન એકલાં હતાં ત્યારે પણ પિયર તરફથી તેમને

(અમદાવાદમાંનાં દિલ્હી દરવાજા બહાર
આવેલાં હઠીસિંગના દહેરાંનો એક ભાગ)



મળવા અને હૂંફ આપવા કેમ કોઈ જ ન ફરક્યું ? બાર વર્ષની કાચી ઉંમરે ઘોઘા છોડ્યા બાદ તેમણે જીવન પર્યંત પિયરનું નામ પણ કેમ ન ઉચ્ચાર્યું ? વ્યક્તિગત જીવનની આ કરુણતા હોવા છતાં તેમનાં કાર્યોની સુવાસ જે રીતે ગુજરાતમાં જ નહીં પણ છેક ઈંગ્લન્ડ સુધી પહોંચી તે દાદ માગી લે તેવી છે.

૧૮૩૨માં જ્યારે તેમનું લગ્ન અમદાવાદના સુપ્રસિદ્ધ વેપારી હઠીસીંગ કેસરીસીંગ (૧૭૯૬-૧૮૪૬) સાથે થયું ત્યારે તેમની ઉંમર ૧૨ વર્ષની અને પતિની ઉંમર ૩૬ વર્ષની હતી ! હઠીસીંગનું પ્રથમ લગ્ન અમદાવાદના નગરશેઠ હિમાભાઈની પુત્રી રૂક્ષ્મણી (મૃ. ૧૮૫૯) સાથે થયું હતું. પરંતુ શીતળાના રોગમાં તે અંધ બનતાં હિમાભાઈએ પોતાની બીજી પુત્રી પ્રસન્નને તેમની સાથે પરણાવી ! પ્રસન્ન ગુજરી જતાં હઠીસીંગ ઘોઘાની બાળા સાથે પરણ્યા ! ઘોઘામાં સૌપ્રથમ શાળા ૧૮૫૨માં થઈ હોવાથી હરકુંવર અભણ રહી ગયાં હતાં. તેમણે ઘરમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવો સંભવ ઓછો છે. લોકવાયકા એવી હતી કે હઠીસીંગ વેપારાર્થે જ્યારે ઘોઘા ગયા ત્યારે તેમણે છાણાં વીણતી આ બાળાના પગના તળિયે પદ્મ જોયું અને તેને શુકનનું ચિહ્ન ગણીને તેની સાથે લગ્ન કર્યું હતું.

હઠીસીંગ શરાફીમાં અને ખાસ કરીને ચીનમાં અફીણની નિકાસ કરીને અઢળક ધન કમાયા હતા. મૃત્યુ સમયે તેમની મિલકત ૮૦ લાખની અંકાઈ હતી. તેમણે ૧૨ લાખને ખર્ચે અમદાવાદના દિલ્હી દરવાજાની બહાર જે ભવ્ય દેરાસર બંધાવ્યું તે આજે પ્રવાસીઓ માટે જોવાલાયક સ્થળ ગણાય છે. અમદાવાદની સાંસ્કૃતિક ઈમારતોમાંની તે એક ગણાય છે. જોકે તે પૂર્ણ થાય પહેલાં જ હઠીસીંગનું તથા માતા સૂરજબહેનનું અવસાન થવાથી હરકુંવરે તે પૂર્ણ કરાવ્યું અને ૧૮૪૭માં ધામધૂમથી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેમના સમયમાં સ્વશાંતિ તથા ધર્મનો ઉત્કર્ષ કરવો તે પ્રતિષ્ઠાપાત્ર ગણાતું હોવાથી હરકુંવરે હિંદભરનાં તીર્થધામોમાં સંઘો કાઢ્યા એટલું જ નહીં પણ રૂ. ૫૦,૦૦૦ના ખર્ચે અમદાવાદમાં ફતાસાની પોળમાં હંસનાથજીનું મંદિર બંધાવ્યું. રૂ. ૨૦,૦૦૦ના ખર્ચે ટંકશાળની પોળમાં ધર્મનાથનું મંદિર બાંધનાર પણ હરકોર શેઠાણી જ હતાં. આ ઉપરાંત તેમણે સુપ્રસિદ્ધ વેપારી અને સમાજસુધારક મગનભાઈ કરમચંદનાં પત્ની જોઈતીબાઈના સહકારથી રૂ. ૨૩,૦૦૦ના ખર્ચે 'હરકોરબાઈ અને જોઈતીબાઈ પાઠશાળા' ૧૮૫૫માં શરૂ કરી. તેમાં સંસ્કૃત અને પાલી ભાષાઓ ઉપરાંત જ્યોતિષ અને અલંકારશાસ્ત્રનું શિક્ષણ પણ આપવામાં આવતું. તેનો લાભ સ્ત્રીઓ અને પુરુષો લેતાં. શેત્રુંજય પર્વત પર આવેલા હીંગળજના દેરાસરનું ચડાણ મુશ્કેલ હોવાથી તેમણે ત્યાં પગથિયાં કરાવ્યાં.

હરકોર શેઠાણી ધાર્મિક મનોવૃત્તિવાળા ખરાં, પરંતુ તેમનાં

‘નેક નામદાર સખાવતે બહાદુર,’ ગુજરાતના પ્રથમ મહિલા સમાજ-સુધારક અને કેળવણીકાર



હરકોર શેઠાણી

ડૉ. મકરન્દ મહેતા • ડૉ. શિરીન મહેતા

દાનોનો મુખ્ય પાયો ધર્મ અને કોમના કોઈ પણ ભેદભાવ વગર સમાજોપયોગી કાર્યો પર રચાયો હતો. તેનો સાચો યશ બ્રિટિશ શાસનને વિકસાવેલી લૌકિક અને બુદ્ધિગમ્ય (સેક્યુલર અને રૅશનલ) વિચારસરણીને જાય છે. એ.કે. ફોર્બ્સ (‘ફાર્બસ સાહેબ’)ના સંપર્કમાં આવ્યા બાદ કવિ દલપતરામે ‘સુધારાના કવિ’ તરીકે નામના મેળવી હતી તેવી રીતે હરકુંવરે પણ આ રીતે પ્રગતિશીલ બ્રિટિશ અમલદારો ઉપરાંત ગોપાળ હરિ દેશમુખ (‘લોકહિતવાદી’), સત્યેન્દ્રનાથ ટાગોર (રવીન્દ્રનાથના વડીલ ભાઈ), દલપતરામ, અને સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ જેવા સમાજસુધારકોના સંપર્કમાં આવી કીર્તિ પ્રાપ્ત કરી હતી. અમદાવાદ અને ગુજરાતના જૈનો અને વૈષ્ણવ વાણિયાઓએ તો સૈકાઓથી વ્યાપારી સંસ્કૃતિ વિકસાવી હતી. તેમણે ઉત્સાહપૂર્વક સમાજસુધારાનાં કામોમાં ભાગ લીધો. શેઠીઆ વર્ગ અને બૌદ્ધિકો વચ્ચેનો આ સહકાર ગુજરાતની સંસ્કૃતિને અનુરૂપ હતો. હરકોર શેઠાણી માત્ર દાનો આપીને જ બેસી ન રહ્યાં, પણ સાર્વજનિક ઉત્કર્ષનાં કાર્યો પાછળ તેમણે તન અને મનને પરોવીને વૈધવ્યને કાર્યરત અને આનંદમય બનાવ્યું. તેઓ અવારનવાર તે સમયની વિધવાને અનુરૂપ કાળાં કે શ્વેત વસ્ત્રો ધારણ કરીને જાહેર મેળાવડાઓમાં, ખાસ કરીને સ્ત્રીઓની સભાઓમાં, ગૌરવપૂર્વક ભાગ લેતાં. આજે ઘણાંને આ વાત તદ્દન સામાન્ય લાગે, પણ જે જમાનામાં વિધવાને અપશુકનિયાળ ગણીને તરછોડવામાં આવતી તે સમયનો વિચાર કરતાં એમ જરૂર લાગે કે હરકોર શેઠાણીમાં પ્રચંડ આત્મવિશ્વાસ હતો. કવિ દલપતરામ, ભોગીલાલ અને મગનભાઈ કરમચંદ જેવા સંસ્કારી સમાજસુધારકોએ પૂરા પાડેલા નૈતિક પીઠબળને લીધે તેમની હિંમત વધી હોય તેમ લાગે છે. દલપતરામે નોંધ્યું છે. : ‘હું જ્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો આસિસ્ટંટ સેક્રેટરી હતો ત્યારે ‘સાહેબ’ (ફાર્બસ)ના અને સોસાયટીના સેક્રેટરી ટી.બી. કર્ટીસના કહેવાથી હરકોરબાઈને મળવા તેમને બંગલે આંતરે દિવસે જતો અને સંસારસુધારાની વાતો કરતો. શેઠાણી પણ પ્રસંગોપાત્ત વસ્ત્રો આપીને મારું બહુમાન કરતાં.’ આમ, હરકોર શેઠાણીનું પરિચિત વર્તુળ (reference group) સમાજપરિવર્તનની દૃષ્ટીએ મહત્ત્વનું હતું.

૧૮૪૮માં સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની ‘વિદ્યાસભા’) સાથે હરકુંવર પહેલેથી જ સંકળાયાં હતાં. સોસાયટીએ દાયકાઓ સુધી કરેલી લોકસેવાનું મહત્ત્વ પિછાનીને જ પાછળથી (૧૯૧૭) મહાત્મા ગાંધી તેના આજીવન સભ્ય બન્યા હતા. હરકુંવરે ૧૮૫૦માં એક કન્યાશાળા સ્થાપીને તેનો વહીવટ સોસાયટીને સોંપ્યો હતો. આ શાળા ‘હરકોર શેઠાણીની છોડીઓની નિશાળ’ તરીકે લોકજીભે ચડી ગઈ. તેઓ પોતાની તેમજ તે જ વર્ષે મગનભાઈ કરમચંદે સ્થાપેલી કન્યાશાળામાં જતાં, છોકરીઓની પરીક્ષા લેતાં, તેમની પાસેથી ગરબીઓ સાંભળતાં અને અંતે ઈનામો અને ગોળ-પતાસાં વહેંચતાં. શિષ્યવૃત્તિઓ તો ખરી જ. આલીબહેન ખરશેદજી, મહીપતરામ રૂપરામનાં પત્ની પાર્વતીકુંવર તેમજ ગોપાળ હરિ દેશમુખ અને સત્યેન્દ્રનાથ ટાગોરની પત્નીઓ સાથે આ યુવાન વિધવા જ્યારે સ્ત્રીશિક્ષણના કાર્યોમાં પરોવાયાં ત્યારે તેમને કેવો આનંદ અને આત્મસંતોષ થયો હશે ! ઘણીવાર અમદાવાદના ત્યારના ક્લેક્ટરનાં પત્ની અને મિસિસ ચેમ્બરલેન, કોલેટ અને મિશલ જેવી ‘મઢમો’ પણ સાથે હોય. આ બધું સાચે જ અભૂતપૂર્વ હતું. આજે આપણે જે ‘ગ્લોબલ સિસ્ટિમ’ની વાત કરીએ છીએ તેનું આ પ્રથમ સોપાન હતું. યુરોપ સાથેનો ગુજરાતનો સંપર્ક ભલે સાંસ્થાનિક ઢાંચામાં થયો; આમ છતાં તે અનેક રીતે ક્રાંતિકારી નીવડ્યો હતો. હરકુંવર આ પ્રક્રિયાનાં ભાગીદાર હતાં. મગનલાલ વખતચંદ (‘અમદાવાદનો ઈતિહાસ’ ૧૮૫૧) અને

રતનજી ફરામજી વાછાએ (મુંબઈનો બહાર, મુંબઈ, ૧૮૭૨) તેમને આ જ કારણથી બુદ્ધિશાળી નિર્ભય અને પરોપકારી સન્નારી તરીકે બિરદાવ્યાં છે. વાછાએ તો નોંધ્યું છે કે હરકોર શેઠાણીએ લગ્ન અને મૃત્યુ પાછળના જમણવારો અને રોવા-કૂટવાના રિવાજ સામે પણ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો ! એક અશિક્ષિત સંપન્ન સન્નારીની આ હિમ્મતને આજે પણ દાદ આપવા જેવી છે.

હરકુંવર સંવેદનશીલ મહિલા હતાં. વળી, વિધવા હોવાથી તેઓ વિધવાઓનાં દુઃખદર્દ સારી રીતે સમજી શકેલાં. જો કે બધી જ સ્ત્રીઓને કંઈ તેમના પ્રત્યે હમદર્દી નહોતી. કૃષ્ણાગૌરી રાવલ અને અંબા જીવરામ જેવી તેમના સમયની પરિણીત શિક્ષિકાઓએ પણ જ્યારે વિધવાઓને સ્ત્રીશિક્ષણના વિકાસ માટે અવરોધરૂપ ગણી હતી ('કુમાર,' જુલાઈ ૧૯૯૫) ત્યારે નીડર રહીને વિધવા બાળાઓને શિક્ષણના વ્યવસાય માટે તૈયાર કરનાર હરકુંવર શેઠાણી હતાં. તે કંઈ નાનીસૂની વાત નથી. કુમારી મેરી કાર્પેન્ટર (૧૮૦૭-૧૮૭૭) નામનાં બ્રિટિશ કેળવણીકાર અને નારીવાદી સમાજસુધારકે હરકુંવર અને પાર્વતીકુંવર જેવી ગુજરાતી સ્ત્રીઓ સાથે શેઠાણીની શાળામાં જે જોયું તેનું શબ્દચિત્ર 'Six Months in India' (London, 1868)ના બે ગ્રંથોમાં દોર્યું છે. ૩ ઑક્ટોબર ૧૮૬૬ના રોજ તેમણે ૬ થી ૧૧ વર્ષની ૮૦ બાળાઓને અભ્યાસમાં મગ્ન રહેલી જોઈ હતી. તે સમયે કેટલીક વિધવા બાળાઓને શિક્ષિકાના વ્યવસાય માટેની તાલીમ લેતાં જોઈ કાર્પેન્ટરે નોંધ્યું છે : 'મેં જોયું કે વિધવાઓ શિક્ષિકા બનવાને આતુર હતી. તેમને આ રીતે શાળામાં અભ્યાસ કરતી જોઈને હું ખૂબ પ્રસન્ન થઈ.'

જો કે મેરી કાર્પેન્ટર એક વાતથી ખિન્ન થયાં હતાં – ત્યાં બધા જ પુરુષ શિક્ષકો, એક પણ શિક્ષિકા નહોતી ! તેથી હરકુંવર, મહીપતરામ, પાર્વતીકુંવર, નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઈ અને રા. બ. મગનભાઈ કરમચંદની સાથે ચર્ચાઓ થઈ કે જ્યાં સુધી સ્ત્રી-શિક્ષકો તૈયાર નહીં કરીએ ત્યાં સુધી કન્યાઓની સંખ્યા નહીં વધે. આથી સ્ત્રી અધ્યાપન પાઠશાળાની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો અને તેને પરિણામે ૧૮૭૪માં 'મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજ'ની સ્થાપના થઈ. તેને માટે દાન આપનાર કડવા કણબીની જ્ઞાતિના ઉદ્યોગપતિ અને સમાજસુધારક બેચરદાસ લશ્કરી હતા. તેમની પુત્રી મહાલક્ષ્મીની અભ્યાસ કરવાની ઇચ્છા હોવા છતાં તેને માટે કોઈ શિક્ષિકા મળતી ન હોવાથી અને તે દરમિયાન મહાલક્ષ્મીનું અકાળે અવસાન થવાથી પિતાએ તેની સ્મૃતિમાં આ કૉલેજ શરૂ કરી હતી. ઐતિહાસિક સમયની દૃષ્ટિએ જોઈએ તો બનાવોના આ સુગ્રથિત ઘટનાક્રમો (integrated sequence of events) સમાજપરિવર્તન માટેના મુખ્ય પ્રવાહકો હતા.

હરકુંવરે ૧૮૫૬માં, એટલે કે ૧૮૫૭-૫૮ના બળવા પહેલાં 'ગુજરાત પ્રાંતની કૉલેજ' (આજની અમદાવાદમાંની સરકારી 'ગુજરાત કૉલેજ' નહીં) શરૂ કરવા રૂ. ૫,૦૦૦નું દાન કર્યું હતું. ચાર વર્ષ બાદ (૧૮૬૧) તેમાંથી નાનાભાઈ હરિદાસની કાયદાના પ્રોફેસર તરીકેની નિમણૂક દ્વારા 'લૉ ક્લાસીસ'ની શરૂઆત થઈ. તે જ વર્ષના અંતમાં એન્જિનિઅરિંગનો અભ્યાસક્રમ ઘડતાં કાવસજી મંચેરજી નામના મુંબઈના યંત્રવિદની નિમણૂક કરવામાં આવી. કૉલેજ શરૂ થતાં પહેલાં કવિ દલપતરામ ગુજરાતમાં ઠેર ઠેર ઘૂમતા હતા અને 'સુધારાના કામમાં' મદદ મેળવવા ફંડફાળા ઊઘરાવતા હતા. તેઓ લોકોને જણાવતા હતા કે 'જે દાનો આપતાં રાજામહારાજાઓ પણ



← ગોપાળ હરિ દેશમુખ




શેઠ હિમાભાઈ



મગનલાલ વખતચંદ



ગુજરાતનાં પહેલાં સ્નાતક મહિલાઓ
શારદાગૌરી • વિદ્યાગૌરી



હરકોર શેઠાણીની 'છોડીઓની નિશાળ'

અચકાય છે તેવાં દાનો હરકોરબાઈ આપે છે. તે કારણસર અને સુધારાનાં બીજાં કામો કરતાં હોવાથી તેમની કીર્તિ ઠેઠ ઇંગ્લન્ડ સુધી પહોંચી છે. જુઓ, આ કાંઈ નાનીસૂની વાત છે ?!'

હરકોર શેઠાણીએ ૧૮૬૫ના દુકાળ વખતે બજારોમાંથી હજારો મણ અનાજ ખરીદીને ગરીબો માટે સસ્તા અનાજની દુકાનો શરૂ કરી હતી. વળી, ૧૮૬૮ અને ૧૮૭૫ની રેલ વખતે, જ્યારે અમદાવાદ તારાજ થઈ ગયું ત્યારે, તેમણે રૂ. ૭૦,૦૦૦ જેટલી જંગી રકમ રાહતકાર્યો માટે આપી હતી. પરંતુ તેમનું એક અતિ મહત્ત્વનું કાર્ય તે તો ગરીબો માટે તેમણે બંધાવેલી હૉસ્પિટલ. તેને માટે તેમણે રૂ. [illegible]૨,૦૦૦નું અને નગરશેઠ પ્રેમાભાઈએ રૂ. ૨૨,૧૫૦નું દાન કર્યું. 'હઠીસીંગ અને પ્રેમાભાઈ હૉસ્પિટલ' તરીકે ૧૮૫૫માં શરૂ થયેલી આ સંસ્થા આજે તો સિવિલ હૉસ્પિટલ તરીકે દેશભરમાં ખ્યાતનામ બની છે, પરંતુ તેનો પાયો નાંખનાર આ મહિલા દાનેશ્વરી હતાં.

કવિ દલપતરામ



'આંખોના ઔષધ અને વાઢકાપ' ઉપરાંત અન્ય રોગોના નિદાન ને સારવાર માટે રિલીફ રોડ, ઘીકાંટા ચાર રસ્તા પાસે શરૂ થયેલી આ હૉસ્પિટલમાં પાછળથી પ્રસૂતિ વૉર્ડ ઉમેરવામાં આવ્યો હતો. ડૉ. કોલીયર જેવા ઘણાખરા તબીબો અંગ્રેજ હતા. તેમાં ગરીબોની દવા મફત થતી હોવાથી અમદાવાદની આસપાસનાં ગામડાંઓમાંથી પણ લોકો ઊમટતાં. હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન ત્યારના મુંબઈના ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટને કર્યું હતું અને તે સમયે તેમણે હરકોર શેઠાણીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમની અનેકવિધ સેવાઓની કદરરૂપે મુંબઈ સરકારે ૧૨ જૂન ૧૮૫૬ના રોજ તેમને સોનાના ચાંદ સહિત 'નેક નામદર સખાવતે બહાદુર'નો ઈલકાબ આપ્યો હતો. ગાયકવાડ સરકારે પણ તેમને પાલખી, છત્ર અને મશાલ સહિત 'ચોબદાર'નો ઈલકાબ આપ્યો હતો.

હરકોર શેઠાણી આધુનિક ગુજરાતનાં સૌપ્રથમ મહિલા કેળવણીકાર અને સમાજ-સુધારક હતાં. કવિ નર્મદની જેમ તેમને પણ 'અર્વાચીનોમાં આદ્ય' ગણી શકાય. પોતે એકલાં, પણ મહિલા સહકાર્યકરો, શાળા અને 'છોડીઓ'ને તેમણે કુટુંબરૂપ ગણ્યું. સ્વભાવે ખૂબ આનંદી, ખાનગીમાં વાચાળ અને મળતાવડાં હતાં. સતત કાર્યરત. ૧૮૭૭માં અમદાવાદનાં નાગરિકોએ સત્યેન્દ્રનાથ ટાગોરના પ્રમુખપદ નીચે ગોપાળ હરિ દેશમુખનો વિદાય સમારંભ યોજ્યો હતો. તે પ્રસંગે દેશમુખે જે કહ્યું તે સ્મરવાયોગ્ય છે :

'જાહેર સખાવતો અને સ્ત્રી કેળવણીની બાબતમાં નેક નામદાર સખાવતે બહાદુર હરકોર શેઠાણીની હરીફાઈ કરી શકે તેવું ગુજરાતમાં હાલ બીજું કોઈ દેખાતું નથી.' □

પાકેલો અંધકાર

પ્રફુલ્લ રાવલ

મારી પાસે પાકેલો અંધકાર છે. બરાબર પાકેલો. એ સતત પકવ થયા કરે છે, પરંતુ સડતો નથી. આવા જ અંધકારમાં એકવાર હું ખોવાયો હતો. પછી હું મને જડી ગયો છું. પણ હું હવે પહેલાં જેવો રહ્યો નથી. આથી જ હવે હું મને શોધું છું. પણ હું મને મળતો નથી. અંધકારે મને એની પારદર્શક પાંખમાં સંતાડી દીધો લાગે છે. આથી હું એ પાંખમાંથી સહુને જોઈ શકું છું. ક્યારેક ઉષાની આભાને પણ...

મારી કૉટેજની સામે જ દરિયો છે. જોકે અહીંથી એ થોડોક દૂર છે. સારું છે કે એ અહીંથી દૂર છે, નહીંતર એવાં ઊછળતાં પાણીને સ્પર્શવાનું મને મન થાત અને દરિયાનાં પાણીને અડતાં જ મારી ભીતર કશોક ખળભળાટ થાય છે. એ પાણી મારા તનને કંપનો અનુભવ કરાવે છે. જાણે ભરતી મારા અંગમાં ઊભરાય છે ! આ જ પાણીએ સંગસ્નાનનો બાલબોધી પરિચય કરાવ્યો હતો. પછી તો દરિયો મારામાં અશ્વ બનીને હણહણતો થઈ ગયેલો. દરિયાનું પાણી અંગને અડે ત્યાં જ હું અશ્વ બની જાઉં છું. દરિયો મને નળરાજા લાગે છે. એ મારા કાનમાં મંત્ર ભણે છે અને હું ગતિશીલ થઈ જાઉં છું.

આ જ દરિયામાં જ્યારે ભરતી જોઉં છું ત્યારે મારો ચહેરો તંગ થઈ જાય છે. પછી હું તાણ અનુભવું છું. આ તાણને ખાળવા હું ભાગું છું. બસ ભાગું છું. માત્ર ભાગું છું. પાછું વાળીને જોતો નથી. ભાગતાં ભાગતાં મારી કૉટેજમાં ભરાઈ જાઉં છું. હાંફ ચડે છે મને માંડ શાંતિથી બેસું છું ત્યાં અંધકાર ટહુકો કરે છે. હું અંધકારનો સાથી છું, સંગાથી છું. પણ દરિયો પાછળ પડે ત્યારે અંધકાર મને ગતભવનો વેરી લાગે છે. હું અંધકાર સામે ઘુરકિયાં કરું છું. પછી અંધકાર સાથે બાથંબાથી કરવાની ઘડી આવી જાય છે. હું અને મારો પાકેલો અંધકાર ક્યાંય સુધી લડ્યા કરીએ છીએ. થાકીએ છીએ પણ હારતા નથી. પછી અમારી વચ્ચે ગોષ્ઠિ ચાલે છે, એકદમ મીઠી. હું ગઝલ રજૂ કરું અને એ વાહ... વાહ... બોલે રાખે. પછી હું અંધકારને વાર્તા કહું છું. ત્યારે વચ્ચે કોઈક નાજુક હોંકારો દે છે. હું એ હોંકારના ધ્વનિ બાજુ નજર ફેરવું છું- પણ પાછો અંધકાર જ ભાળું છું. મને ખબર છે કે એ હોંકારો અંધકારનો નથી, તો પણ મારે માનવું પડે છે. નાનપણમાં કાલાં ફોલતી વખતે જીવી ડોશી વાર્તા કહેતાં ત્યારે અમે હોંકારો ભણતા. દરિયાની ભીની રેતીમાં મારી વાર્તા સાંભળીને ઉષાએ નાજુક હોંકારો ભણ્યો હતો. એ જ અંધકારમાં સાંભળું છું. પણ... પછી ક્યાંક અશ્વનો હણહણાટ સંભળાય છે.

નાનો હતો ત્યારે એકવાર મોસાળ ગયો હતો - બા સાથે. બા કોઈક દરબારની ડેલીએ લઈ ગઈ હતી. પડછંદ શરીરવાળા કોઈ વયોવૃદ્ધ દાદા સાથે બા વાત કરતી હતી અને હું કુતૂહલથી આજુબાજુ ચક્કર લગાવતો ઘોડાર સુધી પહોંચી ગયો હતો. મેં ત્યાં અશ્વલીલા જોઈ હતી. પછી દરિયાના કાંઠેકાંઠે અશ્વારોહણ કરેલું ત્યારે ઘોડારની અશ્વલીલા યાદ આવેલી. દરિયાની ભીની રેતીમાં ઘર બનાવતાં બનાવતાં ઉષાને આ અશ્વલીલાની વાત કરેલી. ત્યાં જ દૂરથી દરિયો દોડતો આવેલો. અને અમને અડકીને ચાલ્યો ગયેલો... પાછો... દૂર... દૂર... અશ્વ મારામાં હણહણી ઊઠેલો. પણ એ તો માત્ર પ્રથમ દિવસની પ્રથમ ક્ષણનો સ્પર્શ હતો. અમે દરિયાથી દૂર ચાલ્યાં ગયાં. પાછાં આવ્યાં ત્યારે રાત હતી. સવારે મને 'સુપ્રભાતમ્' કહેતાં અધરને સુરખી આપીને બારી ખોલતાં જ ઉષા બોલેલી -

'આ દરિયો સવારમાં જ કાં ઊછળે ?'

'તને જોઈને'

'સાંજે જઈશું એને મળવા ! ભીની ભીની રેતીમાં હથેળી દાબીને ટાઢક પામીશું.'

'હા...'

દરિયો સાંભળી ગયો હશે અમારી વાત. પછી સાવ શાંત થઈ ગયેલો. સંધ્યાકાળે જ હાથ દરિયાની રેતીમાં સંતાડી રાખેલા. ક્યાંય સુધી દૂરથી દરિયો જોતો'તો. હું લીલું નાળિયેર લેવા ગયો અને ઉષા એમ જ ભીની રેતીમાં આડી પડી. બિલ્લીપગે દરિયો આવ્યો અને હરણ ગતિએ પાછો નાઠો. રહી માત્ર વેળુ...વેળુ...વેળુ... અને દૂર હું એકલો.

અત્યારે અંધકાર સાથે કૉટેજમાં છું. મારા શયનખંડમાં હણહણતા અશ્વનું એક મોટું ચિત્ર છે. મને એ જોવાની ઈચ્છા થાય છે. પણ અહીં અત્યારે અંધકારનું શાસન છે. હણહણતા અશ્વના ચિત્રને જોવાની મનીષાએ હું એક મીણબત્તી સળગાવું છું. પછી એ જ મીણબત્તી લઈને હું ઊભો થાઉં છું. છેક ચિત્ર પાસે જાઉં છું ત્યાં પવનનો એક જોરદાર ઝપાટો આવે છે અને મીણબત્તી હોલવાઈ જાય છે. અંધકાર કુંભકર્ણની જેમ ખડખડાટ હસે છે. પાછળ કોઈકનું ડૂસકું સંભળાય છે. અંધકારનું હાસ્ય મને ખીજવવા માટેનું છે. હું ખીજાઈ જાઉં છું. હું અને અંધકાર

(અનુસંધાન પૃ. ૫૬૯ ઉપર)





અલિદિના વિસરામ

પૂર્વ આફ્રિકામાં ગુજરાતીઓ [૩]

—— ડૉ. જયકુમાર ર. શુક્લ ——

બાગામોયોમાં બીજા ઘણા વધારે મહત્ત્વના અગ્રેસર ગુજરાતી (કચ્છી) વેપારી **શેઠ અલિદિના વિસરામ** નામે થઈ ગયા. તે સર થારિયા ટોપણ અને શિવા હાજીની જેમ ઇસ્માલિયા ખોજા કોમના હતા. વેપારનો માલ લઈને જતી તેમની વણજારો જર્મન પૂર્વ આફ્રિકા - ટાંગાનિકા (હાલનું ટાન્ઝાનિયા)ની સરહદો વટાવીને ઉત્તરે યુગાન્ડા, કેનિયા અને દક્ષિણ સુદાન તથા પશ્ચિમે કોન્ગો ફ્રી સ્ટેટના પ્રદેશો સુધી જતી હતી. અલિદિના વિસરામના વિસ્તૃત વેપાર તથા વ્યાપારી સાહસોની વિપુલ માહિતી એસ. પ્લેઈન અને એફ.એચ. ગેઈલ, વાય.એસ.એ. દ્રમકી તથા કે. ઈનઘામનાં લખેલાં અંગ્રેજી પુસ્તકો, 'લીડર ઑફ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા'ના ૮ અને ૧૫ જુલાઈ ૧૯૧૬ના અંકો, કેનિયા આર્કાઈવ્ઝની ફાઈલો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. ડૉ. સિરિલ અહેરલિચે તેમના 'ધ યુગાન્ડા ઈકોનોમી ૧૯૦૩-૧૯૪૫' નામના ગ્રંથમાં અલિદિના શેઠને પૂર્વ આફ્રિકાના ઇતિહાસમાં સૌથી મહત્ત્વની વ્યક્તિ તરીકે વર્ણવેલ છે. શેઠ અલિદિના વિસરામે યુગાન્ડામાં રૂ, ખાંડ, રબર, ચા અને બીજી ખેતીની પેદાશોના ઉદ્યોગો તથા વેપાર અને લેક વિક્ટોરિયામાં વહાણવટાનો મજબૂત પાયો નાખ્યો હતો.

અલિદિનાનો જન્મ ઈ.સ. ૧૮૫૧માં કચ્છના એક નાના ગામ કેરાઈમાં થયો હતો. તે બાર વર્ષની ઉંમરે એક વહાણમાં પૂર્વ આફ્રિકા ગયા અને આરબ રાજકર્તાઓના વર્ચસ હેઠળના પૂર્વ કિનારાના મહત્ત્વના બંદર બાગામોયોમાં પોતાની વેપારી કારકિર્દી શરૂ કરી. આ સમયે આરબ રાજકર્તાઓ ભારતીય વેપારીઓને પૂર્વ આફ્રિકામાં કાયમી વસવાટ કરવા પ્રોત્સાહન અને સહાય કરતા હતા. બાગામોયોમાં શિવા હાજીની પેઢીમાં તેણે નોકરી શરૂ કરી. થોડાં વર્ષ ગુમાસ્તા તરીકે નોકરી કર્યા બાદ, આંતરિક પ્રદેશોમાં વણજારો દ્વારા માલ મોકલવાનો ધંધો તેમણે શરૂ કર્યો. ઈ.સ. ૧૮૮૫-'૮૮ના સમયગાળામાં અલિદિના, શેઠ નાસર વિરજીની પેઢીમાં જોડાયા હતા.

અલિદિના વિસરામે કેટલાક સમય બાદ શિવા હાજીની દુકાનો (ચાલુ ધંધો) તેના મોટી સંખ્યામાં ગુમાસ્તા તથા નોકરો સહિત ખરીદી લીધી. તેથી પૂર્વમાં બાગામોયોથી પશ્ચિમે ઉજિજિ સુધીની સંખ્યાબંધ દુકાનોના તે માલિક બની ગયા. ૧૮૯૦ના દાયકામાં અલિદિના વિસરામે તેમની પેઢીની શાખાઓ - દુકાનો ટાંગનિકાના પાટનગર દરિસલામ, સદાણી, તાબોરા, ઉજિજિ અને કોન્ગોમાં આવેલા કિલિમામાં ખોલીને વણજારાના જૂના માર્ગો પર પોતાનો વેપાર વિકસાવ્યો હતો. ઈ.સ. ૧૮૯૬માં અલિદિના શેઠે ઝાંઝિબારમાં તેમની પેઢીની શાખા શરૂ કરી, એ સમય દરમિયાન તેમની વણજારોએ ઉત્તરમાં મવાન્ઝાથી યુગાન્ડામાં પ્રવેશ કર્યો. શેઠ અલિદિના ૧૮૯૮માં યુગાન્ડાના મુખ્ય શહેર કમ્પાલા ગયા અને ત્યાં તેમની પેઢીની શાખા સ્થાપી. ત્યારબાદ, યુગાન્ડાના અન્ય વિસ્તારોમાં તેમણે પોતાની વ્યાપારી પ્રવૃત્તિઓ વિસ્તારી, અને જિંની, કેનિયાના કિસુમુ તથા નાઈલ નદીના તટ-પ્રદેશમાં પોતાની દુકાનો ખોલી.

યુગાન્ડા રેલવે બાંધવાની યોજના તૈયાર થઈ એટલે અલિદિનાએ પોતાની વ્યાપારી પ્રવૃત્તિઓ બ્રિટિશ પૂર્વ આફ્રિકા તરફ વાળી અને યુગાન્ડા રેલવેના બાંધકામની છાવણીથી હંમેશાં એક સ્ટેશન આગળ હોય એ રીતે, રેલવે લાઈનની પાસે એક

પછી એક દુકાનો ખોલી. ઇ.સ. ૧૮૯૯માં અલિદિના વિસરામે મોમ્બાસામાં તેમની પેઢીની શાખા ખોલી અને ત્યાર બાદ યુગાન્ડામાં અપનાવી હતી તે રીતે કેનિયામાં પણ ગામેગામ પોતાની દુકાનો શરૂ કરી. ઇ.સ. ૧૯૦૧માં યુગાન્ડા રેલવેનું કામ પૂરું થયું. તેનાથી અલિદિનાના સાહસને પ્રોત્સાહન મળ્યું. અને તેમની મોમ્બાસાની પેઢીને મુખ્ય કાર્યાલય બનાવવામાં આવી. આ રીતે વીસમી સદીની શરૂઆત થઈ ત્યારે, શેઠ અલિદિના વિસરામે સમગ્ર પૂર્વ આફ્રિકામાં વેપારની વિસ્તૃત જાળ સ્થાપી હતી તથા અનેક જિલ્લામાં વેપાર અને વાણિજ્યના વિકાસની શરૂઆત કરી હતી.

ઇ.સ. ૧૯૦૨માં સર ચાર્લ્સ એલિયટે જણાવ્યું હતું કે, 'હાલમાં અલિદિના વિસરામ નામના એક વેપારી, લગભગ બધા નાના વેપારીઓને વેપારની વસ્તુઓ પૂરી પાડે છે; અને આ વેપારીઓ તેના નામથી વેપાર કરીને, તેને માસિક હપ્તેથી નાણાં પરત કરે છે.' તેમના એજન્ટો તરીકે કામ કરતા તેમાંના કેટલાક શરૂઆતના ભારતીય દુકાનદારો (dukawallas) સિવાય, મોટા ભાગના અલિદિનાના છૂટાછવાયા સ્ટોર્સ ખાસ કરીને તેની ઇસ્માઈલિયા કોમના ભારતીય મદદનીશો ચલાવતા હતા. તેથી પૂર્વ આફ્રિકાના આંતરિક પ્રદેશોમાં ભારતીય વેપારના અગ્રેસર તરીકે અલિદિના વિસરામને અવશ્ય ગણી શકાય.

ઇ.સ. ૧૯૦૪ સુધીમાં શેઠ અલિદિના વિસરામ ધંધાના વિસ્તરણ તથા ખેતીના વિકાસ માટે, ત્યાંની બધી સરકારો સાથે સહકારથી કામ કરનાર મહત્ત્વની અને પ્રભાવશાળી વ્યક્તિ બની ગયા. આ વખતે તેમની પાસે, બ્રિટિશ પૂર્વ આફ્રિકા અને યુગાન્ડામાં ૧૭૦થી પણ વધારે દુકાનોની હારમાળા તથા કેટલીક વિશાળ વાડીઓ હતી. આ વાડીઓમાં એક હજારથી વધારે - ઘણુંખરું ગુજરાતીઓ કામ કરતા હતા. વળી, તે વાડીઓમાં કેટલાક હજાર આફ્રિકન પણ કામ કરતા હતા. આ ઉપરાંત તેમની પાસે કેટલાંક વહાણો (dhows) અને પોતાની એક નાની સ્ટીમર પણ હતી. આ વહાણો તથા સ્ટીમર લેક વિક્ટોરિયાનાં બંદરો વચ્ચે અવરજવર કરતાં. લેક વિક્ટોરિયા દુનિયાનું બીજા નંબરનું, એટલું વિશાળ સરોવર છે કે તેની સરહદો યુગાન્ડા, કેનિયા તથા ટાન્ઝાનિયા એમ ત્રણ દેશોને મળે છે. શેઠ અલિદિના પાસે મોમ્બાસાથી યુગાન્ડાની સરહદ સુધીની, પોતાની માલિકીની સુસંગઠિત વાહન-વ્યવહારની વ્યવસ્થા હતી. આ સર્વ સુવિધાઓ દેશને આધુનિક બનાવવા માટે અનિવાર્ય હતી. તેથી પૂર્વ આફ્રિકાની સરકારો અને પ્રત્યેક પરદેશી પ્રવાસી દ્વારા તેમની પ્રશંસા કરવામાં આવતી હતી.

શેઠ અલિદિનાની માલિકીની સાત વિશાળ વાડીઓ હતી. તેમાં મુખ્યત્વે વિવિધ પ્રકારની શેરડી ઉગાડવામાં આવતી હતી. તે ઉપરાંત રબરની વિવિધ જાતો તથા અનાજ, ફળ, ફૂલ તથા ચા, કઠોળ અને કપાસનાં પ્રાયોગિક ખેતરો પણ હતાં. આ બધી વાડીઓમાં આશરે ૩૦૦૦ આફ્રિકન મજૂરો કામ કરતા હતા. તે સમયે પૂર્વ આફ્રિકામાં કોઈ પણ સ્થળે ઉપલબ્ધ રહેવા-જમવાની સગવડો કરતાં તેઓ સૌ વધારે સગવડો ભોગવતા હતા. આ બધાં ખેતીનાં સાહસો પૂર્વ આફ્રિકામાં આધુનિક ખેતીવિષયક ઉદ્યોગોના પુરોગામી હતાં. અલિદિનાનાં માણસો યુગાન્ડા તથા જર્મન પૂર્વ આફ્રિકાના કોન્ગો તથા બીજા પ્રદેશો માટે લાભદાયી પાક શોધવા વાસ્તે, સરકારી અધિકારીઓના સંપૂર્ણ સહકારથી કામ કરતા હતા.

આ વાડીઓમાં સ્થાનિક પર્યાવરણને અનુકૂળ હોય એવી શેરડી, ચા, રબર અને કપાસ ઉગાડવાના તથા ત્યાં ખૂબ સારી રીતે ઊગે તેવાં ફળનાં ઝાડ, ફૂલોના છોડ અને ગુજરાતનાં વિવિધ પ્રકારના ચણા, તેલિબિયાં, શાકભાજી, ઘઉં અને ચોખા તથા બાગકામના અનેક છોડ ઉગાડવાના પ્રયોગો કરવામાં આવતા હતા.

સમકાલીન હેવાલોમાંથી જાણવા મળે છે કે, શરૂઆતમાં યુગાન્ડાથી અલિદિના મુખ્ય તો હાથીદાંતની નિકાસ કરતા હતા. યુગાન્ડાના વિશાળ જંગલોમાંથી હાથીદાંતનો પુષ્કળ જથો શેઠ અલિદિના વિસરામની વખારોમાં ઠલવાતો હતો. પરંતુ ચામડાં, છાલ, તલ, મગફળી, મરચાં અને રૂ જેવી અનેક સ્થાનિક પેદાશો ખરીદનારામાં અલિદિના પ્રથમ હતા.

ઇ.સ. ૧૯૦૨માં ફ્રેડરિક જેક્સને યુગાન્ડાથી જણાવ્યું હતું કે : 'આપણી હાલની મુશ્કેલી રોકડ નાણાંના ફેલાવાની છે, પરંતુ લોકોને તેમના મુખીઓ મારફતે શેરડી અને તલ ઉગાડવા, શક્ય એટલા વધારે પ્રયાસો હું કરું છું. અહીંનાં લોકો તેની જેટલી વધારે ખેતી કરે, તે બધું ખરીદી લેવા, અલિદિના વિસરામ નામના એક ભારતીય વેપારી હંમેશાં તૈયાર હોય છે... લોકો વધુ ખેતી કરવા આકર્ષાય તો રૂપિયાના ફેલાવાથી તેઓને મદદ મળે.'

યુગાન્ડાના આયાત-નિકાસના ધંધામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો. તે ઉપરાન્ત રોકડ નાણાંની તંગી હતી, તે સમયે અલિદિનાની દુકાનો શરૂઆતનાં વરસોમાં શરાફો (બૅન્કર્સ) તરીકે રોકડમાં લોન આપીને, ત્યાંની સરકારના વહીવટીતંત્રને અત્યંત ઉપયોગી થઈ હતી. કોઈપણ માણસને ખોરાકની ચીજો, ઘરમાંની આવશ્યક વસ્તુઓ, સફારી (પ્રવાસ)ની જરૂરી વસ્તુઓ ખરીદવાનું એકમાત્ર સ્થળ અલિદિના શેઠની પ્રાથમિક સ્વરૂપની દુકાન હતી. મોમ્બાસા (કેનિયા)માં માસિક અથવા ત્રિમાસિક ચેક સામે શેઠ અલિદિના વિસરામ યુરોપિયનો અને સરકારી અધિકારીઓને નાણાં ચૂકવતા તથા ઘરગથ્થુ ખર્ચ માટે અગાઉથી રોકડ નાણાં આપતા.

યુગાન્ડામાં કમ્પાલા નજીક આવેલ એન્ટેબી આર્કાઈવ્ઝની એક સરકારી ફાઈલમાં, મુખ્ય સચિવના કાર્યાલય દ્વારા, ૯ જૂન,

૧૯૨૫ના રોજ કરેલી નોંધમાં, તેમનાં ઉજ્જવળ પ્રદાનોનું વર્ણન કરતાં જણાવ્યું છે : 'અલિદિના વિસરામ યુગાન્ડામાં અગ્રેસર વેપારીઓમાંના એક હતા. આશરે ત્રીસ વર્ષ પહેલાં, વિશાળ પાયા પર સૌપ્રથમ વેપાર કરનાર તેઓ પ્રથમ ભારતીય હતા. તેમણે લગભગ દરેક સરકારી મથકે એક દુકાન ખોલી હતી. અને શરૂઆતના દિવસોમાં વાહન વહેવાર, સ્થાનિક પેદાશોની ખરીદી વગેરે જેવાં કાર્યોમાં તેઓ અનેક રીતે સરકારને સૌથી વધારે મદદરૂપ થતા હતા. તે સમયે બહારગામ જતા અમલદારો તેમની જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ મેળવવા એમની દુકાનો પર સંપૂર્ણ આધાર રાખતા, ત્યારે પણ ઊંચા ભાવો લઈને તેમના ઇજારાનો તેઓ દુરુપયોગ કરતા નહિ.'

૧૭મી સદીમાં અમદાવાદમાં થઈ ગયેલા શેઠ શાંતિદાસ ઝવેરી અને તેમના સમકાલીન સૂરતમાં થઈ ગયેલા વીરજી વોરા તથા ભીમજી પારેખની જેમ ૨૦મી સદીની શરૂઆતમાં પૂર્વ આફ્રિકામાં થઈ ગયેલા પ્રખ્યાત ગુજરાતી વેપારી શેઠ અલિદિના વિસરામ અપૂર્વ પ્રતિષ્ઠા અને પ્રભાવ ધરાવતા હતા. ઈ.સ. ૧૯૦૭માં તેઓ પૂર્વ આફ્રિકાના રાજાઓ, કબાકા, મુખીઓ, મંત્રીઓ, રાજદૂતો, સેનાપતિઓ અને એડમિરલો સાથે મૈત્રી ધરાવતા હતા. યુગાન્ડાના અગાઉના ગવર્નર સર ફ્રેડરિક જેક્સને તેમને દેશમાં ઉચ્ચ વર્ગના તથા સામાન્ય કક્ષાના, ગોરા તથા કાળા, એમ પ્રત્યેક વ્યક્તિ દ્વારા આદર પ્રાપ્ત કરનાર તેજસ્વી વૃદ્ધ સદ્‌ગૃહસ્થ તરીકે ઓળખાવેલ છે.


પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં, યુનાઈટેડ કિંગડમના સેક્રેટરી ઑફ સ્ટેટ વિન્સ્ટન ચર્ચિલ (દ્વિતીય વિશ્વયુદ્ધ વખતે યુ.કે.ના વડાપ્રધાન) તથા બ્રિટિશ રાજપુરુષ અને ફિલ્ડ માર્શલ લોર્ડ કિચનરે પૂર્વ આફ્રિકાની મુલાકાત લીધી ત્યારે તેઓ શેઠ અલિદિનાના મહેમાન તરીકે એમના નિવાસસ્થાને રહ્યા હતા. બેલ્જિયમના રાજા યુરોપથી પૂર્વ તરફ પ્રવાસ કરતાં, આફ્રિકા ઓળંગીને પસાર થયા ત્યારે, શેઠ અલિદિનાએ તેમના લાંબા અને કઠિન પ્રવાસની સુંદર વ્યવસ્થા કરી હતી. તેથી રાજાએ શેઠ અલિદિનાની ભારોભાર પ્રશંસા કરી હતી.

શેઠ અલિદિના કેટલીક જિનરીઓના માલિક પણ હતા. તેમાંની પ્રથમ જિનરી એન્ટેબીમાં ઈ.સ. ૧૯૧૦માં એમણે શરૂ કરી હતી. તીવ્ર કુશાગ્ર વેપારી બુદ્ધિ ધરાવનાર શેઠ અલિદિનાએ સખત પરિશ્રમયુક્ત ૬૫ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. તેમના આયુષ્યની પ્રત્યેક પળનો તેમણે પૂર્વ આફ્રિકાની પ્રગતિ વાસ્તે સદુપયોગ કર્યો હતો. પોતાના જીવનના અંતિમ દિવસો સુધી તેમણે તેમના ધંધાની પ્રત્યેક મુખ્ય શાખાની વાર્ષિક મુલાકાતો નિયમિત રીતે લીધી હતી. તેમાં પણ યુગાન્ડાની શાખાઓ - દુકાનો પ્રત્યે તેઓ વિશેષ ધ્યાન આપતા હતા.

યુગાન્ડામાં તેમનો વિસ્તૃત વેપાર, લાયક સંસ્થાઓને આપેલાં મોટી રકમનાં દાન, ગરીબો તથા જરૂરિયાતવાળાને આર્થિક મદદ અને મસ્જિદો તથા ખ્રિસ્તી દેવળોને પણ ઉદાર આર્થિક સહાય એટલી બધી વ્યાપક પ્રમાણમાં હતી કે ત્યાંના સૌથી ઊંચાથી સામાન્ય માણસ સુધીના, ગવર્નરથી માંડીને સામાન્ય યુરોપિયન, એશિયાવાસી તથા આફ્રિકાવાસી બધા લોકો તેમના માટે પુષ્કળ આદર ધરાવતા હતા. ત્યાંના વયોવૃદ્ધ લોકો હાલમાં પણ તેમને 'યુગાન્ડાના બેતાજ બાદશાહ' અથવા 'બે ધ્વજધારી રાજા' તરીકે માન અને સદ્‌ભાવપૂર્વક યાદ કરે છે. કારણ કે તેઓ હંમેશાં પોતાની આગળ ઇંગ્લૅન્ડનો યુનિયન જેક તથા નામદાર આગાખાનનો એમ બે ધ્વજ રાખતા હતા.

પોતાની દુકાનોની નિયમિત ક્રમની એક મુલાકાત દરમિયાન ૩૦ જૂન, ૧૯૧૬ના રોજ કમ્પાલા મુકામે શેઠ અલિદિના વિસરામ ખુદાને પ્યારા થયા. આફ્રિકાની સભ્યતાના આ મહાન ગુજરાતી સર્જકની સ્મૃતિમાં તેમના પુત્ર અબ્દુલ રસુલે મોમ્બાસામાં પ્રસિદ્ધ અલિદિના વિસરામ હાઈ સ્કૂલ બંધાવી, તેને રાચરચિલાથી સજ્જ કરી અને સંચાલન વાસ્તે ત્યાંની સરકારને સોંપી દીધી. તેમના જીવનભરના સાથી અને જનરલ મેનેજર આર.એચ. પારુએ તેમની સ્મૃતિમાં શેઠ અલિદિનાની કાંસાની અર્ધપ્રતિમા તૈયાર કરાવી, જેનું કેનિયાના તત્કાલીન ગવર્નરે મોમ્બાસામાં, ૯ સપ્ટેમ્બર ૧૯૩૭ના રોજ અનાવરણ કર્યું. આ ઉપરાંત આ મહાન ગુજરાતી અગ્રેસરની પુણ્ય સ્મૃતિમાં કમ્પાલા, નૈરોબી તથા મોમ્બાસામાં માર્ગોનાં નામ આપવામાં આવ્યાં છે. તેમની સખાવતોની કુલ રકમ રૂપિયા નેવું લાખની થઈ હતી ! □

ખળું



મણિલાલ પટેલ

શહેરની શેરી અને ગામડાનું ફળિયું બંનેની પ્રકૃતિ જ જુદી. શહેરી સોસાયટીના સાંકડમાંકડ ઘર-આંગણામાં સ્કૂટર-મોટર-સાઈકલ જેવાં વાહનો મૂકેલાં ભળાય. ગામ-ફળિયે મોકળાશ-વાળી જગામાં ઘાસ-મેડી નીચે દૂધાળાં ઢોર અને ખેતીના ધણી-ધોરી જેવા બળદ બેઠેલાં હોય. ખાઈને નિરાંતે વાગોળતાં એ પશુઓ કૃષિ સંસ્કૃતિનાં પ્રતીકો - જીવતાંજાગતાં સાહેદીઓ. શહેરની શેરીના ચ્હેરા પર યંત્રો જડાયેલાં; આડાં-અવળાં મકાનો નિર્જીવ ભાસે; ધોળે દિવસેય બારણાં બંધ, લોક મૂંગું મંતર અને તરુછાયાને દેશવટો દઈને ઓઘરાળી ભીંતોના ચપટીક પડછાયે હાંફતાં કૂતરાં પડ્યાં હોય... ગામ-ફળિયે લીમડાની છાયામાં ગાડાં છૂટેલાં હોય, એમાં રમતાં હોય ટાબરિયાં, ઘર-બારણાં મોકળાં. ત્રિભેટાનો કૂવો જીવતો સંભળાય; ખેતર-કામે જતાંવળતાં લોકની વાતો સાથે હાસ્ય-ઉમંગનો હેતાળ સ્વર લ્હેરાતો હોય.

ગામડામાં જેનું આંગણું મકતું અને સોઈવાળું એનો મોભો પણ મોટો. એ ઘર-આંગણામાં વસતાં મનેખનાં મન પણ મોકળાં અને ઉમળકાભર્યાં... જગ્યાનો પણ પ્રભાવ પડતો હોય છે ! ઘર આંગણે કે વાડા ફરતાં વૃક્ષો ઝૂકેલાં હોય તો એની ઋતુ ઋતુની ગંધ-સુગંધ તથા છાયા-પડછાયાની પણ અસર રહેતી હશે.

આંગણાના મહિમા જેવો ઘરપછીતે વાડાનો મહિમા. બલકે ગામડાના પાટીદારને વખતે આંગણાની સંકડાશ વેઠી લેવાય પણ વાડો તો મોટો જોઈએ. આ વાડામાં એનું ખળું હોય. ખળું એની ખેતી અવેરવાનું મુખ્ય સ્થળ. ખેતરે પાકેલું ધાન્ય પહેલાં આ ઘરપછીતના ખળામાં ઠલવાય. ખળું ગામખેડૂતની છાતી જેવું ગણાય. અમારાં ગામડાંમાં ભાદરવો ઊતરે - શરદઋતુના દિવસો ઊઘડે અને લોકો ઘર પછીતે ખળું તૈયાર કરવામાં પડે. આમ તો ખળું તૈયાર જ હોય... ચોમાસામાં એમાં વખતે ઘાસ ઊગી આવ્યું હોય કે છોરાંછૈયાંને શેકી ખાવા સારુ મકાઈ વાળી હોય તો એનાં રાડાં કાપી, ખરપા ઉખાડી અને તાવેથાથી ગભડીને ઘાસ નિર્મૂળ કરવાનું રહે. ઘરમાં ઘરડાં માણસો સવાર-સાંજ બેસી રહેવાને બદલે ખળાની ભોંય તૈયાર કરે. શરદના નર્યા નીલાકાશમાં રૂના પોલ જેવાં વાદળો સરી જતાં હોય, સૂરજ સોનું વેરતો હોય, દિવસ કમળ જેવો ઊઘડ્યો હોય, સાંજ ગુલાલ પાથરતી હોય અને પોયણા જેવી ખીલેલી રાધાગોરી જેવી ચાંદની રાત હોય, સીમ પાકથી લચી આવી હોય - ત્યારે ઘરના વાડામાં ખળું કરવાની તૈયારીઓ ચાલે. ખેતર-સીમમાં વાઢણાં સારુ લુહારકોઢે દાતરડાં કકરાવવાની ભીડ જામે. ચોમાસે જંપેલી લુહારની ધમણો ધમધમે અને કાનસો ચિં ચિં... ચિતરુક.. ચિં ચિં ચિતરુક એમ બોલવા લાગે.

પહેલવહેલું ખળું કરવાનું થાય ત્યારે એમાં તળાવતળિયાની ઉનાળે આણેલી કાળી માટી પાથરી દેવાની. ખળું મોટું ગોળાકર હોય. કાળી માટી ઉપર પાણી છંટાય, પછી એના ઉપર ડાંગરની ઝીણી પરાળી ભભરાવી દેવાની. પછી પહોળાં પાટિયાંથી ખળું ટીપવાનું. વ્હેલી સવારે ઝાકળ-ભેજભર્યા વાતાવરણમાં ચાર ચાર બળદની હાર કરી એમાં દૂલું ફેરવવાનું. ખળું ટોરાઈને તૈયાર થાય. પછી એને ઢળતી બપોર બાદ છાણમાટીથી લીંપી દેવાનું. ખળાના મધ્યમાં - વર્તુળના કેન્દ્રમાં - એક જાડી ઊંચી વળી રોપવાની. એને મેડ કહે છે. આ મેડ સાથે પહેલા વાઢણામી ડાંગર-કંટીઓ પરાળ સાથે - માથે મોડ મૂક્યો હોય એમ બાંધીને મૂરત કરવાનું, જેથી બરકત આવે.

ખળું ઘરપછીતનાં નેવાંથી શરૂ થાય, ને વાડો વિશાળ હોય તો કૂંધવાંની હદ લગી હોય. ઘર પછીતની એક બાજુ નાવણિયો પથ્થર ને પાણીમાટલાં, બાજુમાં ઘરવપરાશ સારુ ઉગાડેલાં વાલોળ-પાપડી અને ગિલોડીના વેલાનાં કળિયાં; રીંગણી-મરચીના ક્યારા, દૂધી-

કોળાના વેલા ! બીજી તરફ ઢોરને સારુ ખાણદાણ માટેનાં ઢૂંઢારિયાં – ઘાસપૂળાનાં બાંધેલાં ચોરસિયાં, જેમાં ઘાસભૂકો અને પાતળાં અનાજનાં ડૂંડાં - ડોડીઓ - બાજરિયાં... દેવતાવાળું ગોરિયું - એને માથે ખાણદાણ તબડાવતું માટીગોળાના કદનું ભાચરિયું... હવે તો એ પણ એલ્યુમિનિયમનાં થઈ ગયાં છે !

આટલા સંરજામ પછી ખળાની હદમાં ધાન્ય લાવવા લેવાની સોઈવાળો મક્તા શરૂ થાય. ખળાની બીજી કોરે ઘાસનાં કૂંધવાં - ઑગલા કરવા સારુ મોકળી જગ્યા. એ પછી ઘર સિવાયની ત્રણે કોરે વાડ. વાડેવાડે વૃક્ષવેલાનાં જાળાં. ક્યાંક પડોશી ઘર હોય કે એમના ખળાવાડાની હદ ખળું અને વાડો આમ ઘરપછીતનો મોભો-મહિમા ગણાય. વાઢણાંની ઋતુ સાથે તૈયાર થયેલા આ ખળામાં અમારો મુકામ. ખાટલો, ખુરશી કે કોથળા-ગોદડીઓ નાખીને બધાં સાંજસવારે બેસે, આરામ કરે. છોકરાં રમે. નિશાળિયાં વાંચે-પાઠ ગોખે. કવિ ઉમાશંકર જોશીની 'છ ઋતુઓ' ('વસંતવર્ષા'માં) કવિતા નવા થયેલા ખળાની મેડને અઢેલીને મુખપાઠ કર્યાનું પાકું સ્મરણ છે :

શરદી શી સુહે વાદળ ગયાં/જળ નદી તણાં નીતરાં થયાં,
ગગનથી સુધા ચન્દ્રની ઝરી/રસભરી રમે રાસ ગુર્જરી.
શિશિરવાયુ સુશીતળ સૂસવે/તરુ તણાં થડથી રસ કૈં દ્રવે
ખરત પાન રહ્યાં બસ ડાંખળાં/સભર ધાન્ય થકી સુહતાં ખળાં.

ખળામાં ડાંગરનાં ગાડાં ઠલવાયાં હોય, પાકેલી ડાંગરની મધુર સુગંધમાં ઘાસિયા ગંધ મળીને ઘ્રાણોન્દ્રિયને નવો જ અનુભવ કરાવતી હોય ત્યારે ખળાની ધારે ખાટલામાં વાળેલી ગોદડીને ટેકે બેઠાબેઠા દાદા હોકો પીતા હોય. એ દૃશ્ય આજેય અકબંધ સચવાયું છે. ધીમેધીમે શરદનો ચન્દ્ર ઘરનો મોભ વીંધી ઊંચે ચઢતો દેખાય. દરેક ઘરના વાડામાં ખળેખળે ડાંગર મસળવા બળદોનાં દૂલાં ફરતાં હોય. બળદોને દૂલે ગોળ ગોળ હાંકવાના પ્રેમાળ અવાજો અને ઘરમાં રંધાતાં કઢીરોટલા કે ખીચડી-ચટણીની મીઠી સુગંધો સૌ વારાફરતે ખાતાં જાય ને ખળામાં કામ કરતાં થાય.

ખળાનાં બે દૃશ્યો ભૂલ્યાં ના ભુલાય એવાં છે : દૂલાં છૂટે પછી સૌ પરાળ કાઢે-ખંખેરીને એની ગોળ ગોળ ખળે ફરતી કાલર કરે. ખળું આખું સોનાવરણી ડાંગરથી તગતગી ઊઠે. પરાળ વાડામાં સુકવાય અને એનાં કૂંધવાં મંડાય. ખળામાં છૂટી પડેલી ડાંગર ઢગલે થાય, સાંજે મજબૂત પછેડીની ફડક બાંધી બે જણ પવન સારુ ફડક હાંકે, અમે ઉપણિયાં ભરી આપીએ અને મોટાભાઈ ઊપણે. ડાંગરનો ઢગ મોટો ને મોટો થતો જાય. પછી માપિયા ટોપલા ભરીને ડાંગર અધમધરાતે મોટી કોઠીમાં ભરી દેવાય. પાકેલાં ક્યારી-ખેતર ખળે આવ્યાં, ખળેથી કોઠીએ ગયાં... ત્યાંથી પછી પાછાં એ ધાન પેટની કોઠીમાં કે વેપારીવાણિયાની વખારમાં ! વર્ષોવર્ષ – ઋતુઋતુનો આવો ક્રમ !

બ્રાહ્મણથી માંડીને અઢારે વર્ણ આ ઋતુમાં 'ખળું માગવા' આવે. દાદા નવી ડાંગર-મકાઈ સૌને ખોબે ખોબે આપે અને આશિષ પામે. ખેડૂ જગનો તાત. બધાં એની સામે હાથ ધરે. એ ખોબો પાથરે ખળામાં - ખેતરમાં ખળું કદી ખાલી પડે જ નહીં. એક ધાન લેવાય અને બીજા ધાનનાં ગાડાં ઠલવાય. ઋતુ ઋતુનાં ધાન જુદાં. એને લેવાની રીતભાત જુદી. ખળાનું બીજું દૃશ્ય તે શરદના ચોખ્ખા દિવસોમાં ખળે પડેલાં મકાઈ દોડાનું. મકાઈદોડા ફોલાઈને ખળામાં સુકવાય. ચારે છેડે ખળું ફાટફાટ ભરાઈ જાય. લીસા ગોળ દોડામાં ચાલીએ, પડીએ. દોડામાં દાણાની હારો ગણીએ. જુદા જુદા રંગના દાણાની લીલા જોઈએ. હોડ રમીએ. શરતો બકીએ. દોડા ફેંદાય એટલે માર પડે તો તે ખાઈએ. એક સાંજે દોડા મેડ ફરતે ઢગલો થાય. ખળા ફરતે લાકડાં રોપી કડાકટલાં ને મોદ બંધાય. નવ વાગતાં મોટા ડેંગા સાથે મકાઈ કૂટનારા આવે. દોડામાંથી દાણા છૂટા પાડવા આજે થ્રેશર આવી ગયાં, ત્યારે નાટકના ખેલની જેમ પડદા બંધાતા ને 'હોવે રામ, હોવ્વે રામ'ના લયબદ્ધ સામસામા પડકારા સાથે ઘડીના છઠ્ઠા ભાગમાં મકાઈ કુટાઈ જતી. અમે પણ ગાડાનાં આડાં લઈને કૂટવા લાગતા. ચાંદની જેવી ચોખ્ખી મકાઈ રાતે જ ઉપણાઈને કોઠીમાં પધરાવી દેવાય. સવારે અમારે મોદો છોડવાની, છળિયાંમાં રહી ગયેલા દાણા ઉખેડવાના ને ખળા ફરતે ઊડેલા દાણા વીણવાના - એટલા બધા દાણા કે જાણે પારિજાતનાં ફૂલ ના વરસ્યાં હોય ! વાડકાઓમાં અમે એ વીણીએ; ઘરનાં અમને એના વળતર પેટે આના-બે આના મેળે વાપરવા આપવાનો વાયદો આપે !

ખળામાં ટાઢી રાતોમાં દૂલાં હાંક્યાં છે, પરાળ કાઢ્યાં છે, ફડકો ચલાવી છે; અજવાળી-અંધારી રાતોમાં ખળાનાં બદલાતાં રૂપ-રંગ જોયાં છે. ખળું કદી ખાલી પડતું નથી. મગફળીના ભોર, ઘઉંની પૂળીઓ, ચણાની મોટો - મોસમ પ્રમાણે આવે, ઠલવાય અને અવેરાઈ જાય, વગે પડાય. કદીક ખાલી ખળામાં છોકરાં લંગડી રમે, ઊભી ખો રમે. શિયાળાની સવારે તાજો તડકો, ખળામાં બેસીને લેસન કરતાં કરતાં, ખાવાનો અનુભવ છે. આખું ઘર ખળામાં રસાણે ચઢે. શાક સુધારવાં, લસણ-ડુંગળી ફોલવાં - તે ય ખળામાં. ખળું ઘરચોપાડની જેમ વપરાતું રહે.

ઉનાળે પરોણાના ખાટલા ખળે પથરાય. લગનવરા, ફૂલેકાંનાં જમણની પંગતો ખળામાં પડે. નવરી પડેલી વહુ-ડોશીઓ ખળામાં બેસી વાતો કરે. ખળાની ધારે છાણાં થપાય, એની મોડવારીઓ મંડાય. દળવા-ખાંડવાનાં અનાજ સુકવાય. કેરી-આંબોળિયાં તડકે નંખાય તે ય ખળામાં. સાફસૂફી વખતે ઘર-વખરી ખળે ગોઠવાય - જાણે જિપ્સીઓના ડેરા પડ્યા હોય ! ખળે ગાલ્લાં ને ઘોડિયાં... ખળું ખેડુતનું રાજપાટ ! એ જ એનું ચોટું અને એ જ એની ચોપાટ. એના જીવતરની વાટ આ ખળા ફરતી ફર્યા કરે ગોળ ગોળ. એમાં જ એનાં મૂલ અને મોલ. ખળું જ ખેડુતની રાશિ-ત્રિરાશી અને બારમાસી. ક્ષણેક્ષણને કણકણમાં બદલનારો કણ-બી, પાટીદાર, પટેલ, ખેડૂત ! એ ખળાનો જીવ અને ખળાનો વાસી ! □



ફિલ્મનું અનુભાવન [૨]

હસમુખ બારાડી

છૂટક ગ્રાહકની માનસિકતા

સવારે છાપાંમાં, કે રસ્તે જતાં થીએટરે મોટા પાટિયા ઉપર નટનટીઓની તસવીરો જોઈ તમે જ્યારે ફિલ્મ જોવાનું નક્કી કરો છો ત્યારે તમે આ મનોરંજક દૃશ્ય-શ્રાવ્યકલાના મહાઉદ્યોગના ગ્રાહક બનો છો. આટલા આયોજનપૂર્વક ગયા હો કે ઓચિંતા જઈ ચડ્યા હો તો પણ ટિકિટબારીએ તમે ટિકિટ ખરીદો ત્યારે તમારી આજુબાજુ લોકોની જે ચહલપહલ હોય કે પ્રેક્ષાગારમાં પ્રવેશતાં તમે તમારાથી અજાણ્યાં, પણ એ જ ઉદ્દેશ સાથે આવેલાં, અસંખ્ય પ્રેક્ષકોને આરામદાયક બેઠકોમાં બિરાજતાં જુઓ ત્યારે તમે સામાજિક પ્રેક્ષક બનો છો. એ જ ફિલ્મ ટેલિવીઝનને પડદે ઘરમાં જોતાં હોઈએ ત્યારે આપણે પતિ, પુત્ર, ભાઈ કે મા, પત્ની, બહેન જેવા કુટુંબનાં સભ્યો હોઈએ છીએ. થીએટરની બેઠકોમાં ગોઠવાઈએ એટલે દૂર-ઊંચે-મોટે પડદે આપણી નજર પડે, ધીમેથી અંધારું થાય. અને પછી એ રૂપેરી પડદે પ્રેક્ષકથી મોટાં, લાંબાં, પહોળાં, ઊંચાં નટ-નટીઓ આપણી દૃષ્ટિ-રેખાથી ઉપર ચલિત ચિત્ર/ધ્વનિઓમાં જીવંત થઈ ઊઠે, અને એ અંધારે એકેએક પ્રેક્ષક જોડે જાણે અંગત પ્રત્યાયન આરંભાય - એ રીતે કે જાણે પડદે જે કાંઈ દેખાય છે તે 'આ ક્ષણે જ' બની રહ્યું છે. હા, માત્ર પ્રેક્ષકોના પ્રતિભાવની (નાટકના થીએટરની જેમ) એના નટો ઉપર કોઈ અસર પડતી નથી. ફિલ્મનાં નટ-નટીઓ તો એકમાર્ગી અવિરત મૂશળધાર ક્રિયાકલાપમાં એવાં મગ્ન હોય છે કે જાણે કોઈ પ્રેક્ષકો એમને નિહાળતાં જ નથી; અને તે છતાં તેઓ જે કંઈ કરી રહ્યાં હોય છે એ પ્રેક્ષકો માટે જ, એમને નામે, અને ભોગે જ બધું કરતાં હોય છે.



ચાર્લી ચૅપ્લિન એક દૃશ્યમાં

યુરોપમાં તમે તમારી બહેનપણી કે ભાઈબંધને ફિલ્મ જોવા નિમંત્રણ આપો તો એ તરત જ બેઠાં હોય ત્યાંથી પહેરેલે કપડે જ આવવા તૈયાર થઈ જશે, પરંતુ નાટક/ઓપેરા/બેલે માટે નિમંત્રણ આપો, તો એ બનીઠનીને મહત્ત્વના સામાજિક પ્રસંગે જતાં હોય એ રીતે આવશે, અને એ માટે જરૂરી સમય પણ માગશે. ફિલ્મના આટલા પ્રચાર-પ્રસાર પછીય એને એવી ઔદ્યોગિક વસ્તુ (પ્રોડક્ટ) ગણવામાં આવે છે જે આટલા એવડા આંખફરકના તફાવત વગર જ અવારનવાર, ઇચ્છો ત્યારે પુનરાવર્તિત થયા કરે છે. કારણ કે એ પૂર્વનિર્મિત અને પૂર્વમુદ્રિત છે. જ્યારે નાટક-ઓપેરા-બેલે જીવતા કલાકાર-કસબીઓનો પળપળ સર્જાતો, પ્રેક્ષકોના સમસંવેદને જીવંત થતા, સમકક્ષ ભાગીદારીનો કુટિર-ઉદ્યોગ છે, જેનો રસાનુભવ એ કલાઓની પ્રલંબ પૂર્વપ્રણાલિઓ મુજબ કરવાના એમને સંસ્કાર પડ્યા છે. એટલે તો ફિલ્મ પૂરી થતાં એના પ્રેક્ષકોને બહાર જવાની ઉતાવળ હોય છે, જ્યારે નાટક વગેરે પૂરું થતાં એના કલાકારોને વધાવવા પ્રેક્ષકો ઉત્સુક હોય છે. એ જ રીતે 'વર્તમાનની ક્ષણ' ફિલ્મ માધ્યમમાં એટલી તો પૂર્ણ રૂપે ચિત્રિત-મુદ્રિત થયેલી હોય છે કે એની પૂર્ણતા જેટલી પ્રભાવક છે, એટલી જ એ એની પૂર્ણતામાં બદ્ધ પણ છે. નાટકના મંચ પરની 'પૂર્ણતા પામતી વર્તમાનની ક્ષણ'નો સાક્ષીભાવ પ્રેક્ષકને અને નટને સહસર્જનનો સમાધિયોગ કરાવે, અને આદાનપ્રદાનના દ્વિમાર્ગી ઓચ્છવામાં સતત સક્રિય રાખે !

આ સરખામણી નથી; પરસ્પરને પૂરક સહાયકર્તા બનેલાં એ માધ્યમોનાં નિરનિરાળાં રૂપલક્ષણો છે. એ બંનેની પોતપોતાની વિશિષ્ટ એવી શક્તિ-મર્યાદાઓ છે. કલાકાર એવી મર્યાદાઓની રેખા ભૂંસી એને શક્યતાઓમાં બદલી જરૂર નાંખે - જેમ કે દા.ત. સંપૂર્ણ થાય ત્યારે જ એને મુદ્રિત કરી લેવું, અને ભાવિ પેઢી માટે સાચવી રાખવું (ચાર્લી ચૅપ્લિન, સત્યજિત રે વગેરે) એ કેટલી મોટી વાત છે ! જ્યારે જયશંકર 'સુંદરી' કે જશવંત ઠાકરનાં પાત્રાલેખનો વિશે આજ આપણે માત્ર વાંચીને જ કલ્પના કરી લેવી પડે. (આજનાં વિકસિત સાધનોથી નાટ્ય મંચનને મુદ્રિત કરીએ તો પણ એ મંચનની ક્ષણનો કે એના સ્થળના આયોજનનો અનુભવ એમાં ન જ ઝિલાય; પણ જે ઝિલાય એ નવો અનુભવ પણ જરૂર કરાવી શકે.)

ફિલ્મ વિતરણનું માધ્યમ છે. એ પૂર્ણ થયા પછી, છાપાંની જેમ, વિતરીત થાય છે. ઇચ્છો ત્યારે એનું ભાવન થઈ શકે; એને રોકીને ફરી જોઈ શકાય. વળી, એ ખર્ચાળ માધ્યમોને ક્યારેક તો લાખ-દસલાખમાં ભાગનો ખર્ચ કરીને પ્રેક્ષક જોતો હોય છે, તે છતાં એની એક એક ટિકીટ રોકડેથી ખરીદાતી હોવાથી, 'છુટક ગ્રાહક'ની મનોદશા એમાં કામ કરે છે. આવો ગ્રાહક પોતાનાં રોકડાં નાણાંનું તરત જ, પૂરેપૂરું, પોતાની ઇચ્છા મુજબનું વળતર ઝંખે, અને એટલે વેપારી એને એ રીતે સંતોષે. અલબત્ત, એનો ઉત્પાદક (ફિલ્મનિર્માતા) અદશ્ય અને અનિયંત્રિત છે અને એ એકમાર્ગી રીતે મનોરંજન/માહિતીની અમૂર્ત પ્રોડક્ટ વેચવા બેઠો છે, એટલે એ પહેલેથી જ, ફિલ્મ થીએટરની ટિકિટબારીએ ઊભેલા સામાજિક પ્રેક્ષકને શું જોઈએ એનો, પોત્તાની સમજ પ્રમાણેનો, મસાલો ફિલ્મનિર્માણ કરતી વખતે જ તેમાં ઠાંસોઠાંસ ભરી દેતો હોય છે. દશ્ય-શ્રાવ્ય માધ્યમનો ગ્રાહક અશેષરીતે અવિશેષ જ છે. એથી એણે પોતાનો માપદંડ સર્વસામાન્ય માણસને સંતોષવાનો રાખવો પડે — અર્થશાસ્ત્રના મોસ્ટ કૉમન ડિનોમિનેટરના નિયમ મુજબ. એટલે જ આપણે ત્યાંની વરસદહાડાની નવસો ફિલ્મો કે બીજા દેશોની વરસદહાડાની હજારો ફિલ્મોમાંથી મોટાભાગની જેવી છે તેવી હોય છે ! ફિલ્મના માધ્યમનાં કલાપક્ષ, નિર્માણપાસું, વિતરણ-પદ્ધતિની એ વિશેષતા છે.

નિર્માતા અને ભાવક ફક્ત પરોક્ષ રીતે જ પરસ્પરને જવાબદાર છે. પરિણામે એનું ભૌતિક મૂલ્યાંકન અભ્યાસુઓ પૂરતું મર્યાદિત રહે. જેમ ઉદ્દેશો અલગ, એમ માપદંડોય અલગ; કારણ નિરાળાં એમ એનાં પરિણામોય નિરાળાં.

માનવી પોતાના સિવાયની બીજી વ્યક્તિમાં સામાજિક પ્રાણી તરીકે જ માત્ર નહીં, પણ એકંદરે જે કુતૂહલ દાખવે છે એમાં એ બીજી વ્યક્તિ એનો માત્ર માપદંડ જ બની રહેતી નથી, પરંતુ માનવીમાં રહેલો મૂળભૂત નિંદારસ પણ નિર્ણાયક બન્યો હોય છેઃ 'પેલો શું કરે છે ? અને 'અરે પેલો કેવું કરે છે, જોયું !' એ બે રીતે સંતોષાય - એક, જીવતા સમકાલીનોના જીવન વિશે જાણીને; અને બીજું, કાલ્પનિક પાત્રો વિશે જાણીને. કથારસને એટલે તો એક રીતે નિંદારસ કહ્યો છે. કાલ્પનિક પાત્રોનું ચિત્રણ જીવંત સમકાલીન પાત્રો કરતાં અનેક રીતે સવાયું/અર્થપૂર્ણ હોઈ શકે, કારણ કે એ કલાકારે વિચારેલું અને કલ્પેલું હોય છે; એની અંગત દૃષ્ટિ સર્વદેશકાલીન પણ હોઈ શકે; એ સંપૂર્ણરૂપે કંડારાઈને પ્રસ્તુત થયેલું હોય છે, જેનું ભાવન પૂર્ણતાના રસનો અનુભવ કરાવી શકે... પણ, આ પાત્રો સાથે સમસુખદુઃખે ભાવક હસતોરડતો હોય તો પણ, જીવંત સમકાલીનો જેટલી કાલ્પનિક પાત્રો પ્રત્યે ભાવકની કોઈ જવાબદારી હોતી નથી. ભાવક તાટસ્થ્ય રાખી શકે. કલાના ભાવનમાં આ તાટસ્થ્યનું બહુ મોટું મૂલ્ય છે. અલબત્ત, આવા તાટસ્થ્યનો પ્રમાણહીન અતિરેક ભાવકને વધુ પડતો નિષ્ક્રિય પણ બનાવી દે. પોતાનો પ્રતિભાવ વ્યક્તિગત રીતે એ અવ્યક્ત રાખતો થઈ જાય ! (આ ભયસ્થાન ટેલિવીજન પર પ્રસારિત થતા કાર્યક્રમોની ઘટમાળમાં વધુ સ્પષ્ટ રીતે દેખા દે છે / દેશે.)


પડદે ચિત્રિત એકમાર્ગી દ્વિપરિમાણીય આભાસી વાસ્તવની દુનિયાનો ખરો નાયક તો એનો પ્રસ્તુતકર્તા છે - દિગ્દર્શક. રવીન્દ્રનાથ ઠાકુર જેવા લેખકની કૃતિ હોય તો પણ એની ફિલ્મ તો કોઈ નવજુવાન દિગ્દર્શકનું જ સર્જન ગણાય. કારણ કે વિચાર-ચિત્રીકરણ-ધ્વનિસંયોજન-સંકલન વગેરે દરેક તબક્કે દિગ્દર્શકનો જ નિર્ણય અંતિમ હોય. પડદે જે દેખાય છે, અથવા તો જે નથી દેખાડાયું એ બધું જ દિગ્દર્શકે નક્કી કરેલું હોય છે. એનાં નટનટી જે કંઈ કરે છે તે એની સૂચના મુજબ અવારનવાર કરી કરીને દિગ્દર્શકની પૂર્ણતાની મહોરે ચિત્રિત-ધ્વનિત-

(અનુસંધાન પૃ. ૫૫૮ પર)


જયશંકર સુંદરી



જશવન્ત ઠાકર



સત્યજિત રાય



પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

કૉલેજ જીવનના ત્રણ વળાંકો

તા. ૧૫-૧૧-૭૯ : મારું કૉલેજજીવન તો બહુ લાંબુ ચાલ્યું, ૧૯૩૪ થી ૧૯૪૦ સુધી કૉલેજના વિદ્યાર્થી તરીકે અને ૧૯૪૦થી ૧૯૭૧ સુધી કૉલેજના શિક્ષક તરીકે. પણ સામાન્ય રીતે કૉલેજ-જીવન શબ્દમાં વિદ્યાર્થી તરીકેના કૉલેજ-જીવનનો જ અર્થ સમાયેલો આપણે ગણીએ છીએ તેથી હું મુખ્યત્વે એ જ સમયગાળાની વાત કરીશ.

૧૯૩૪ થી ૧૯૪૦નો સમયગાળો મધ્યમ વર્ગ માટે કપરો કાળ હતો. ૧૯૨૯ની વિશ્વવ્યાપી મંદીની અસર ઘણી વર્તાતી હતી. અને બીજું વિશ્વયુદ્ધ પણ આ જ સમયગાળામાં ૧૯૩૯માં શરૂ થયું. વળી, ભારતની આઝાદીની લડતમાં આ સમય-ગાળો ૧૯૩૦ની દાંડીકૂચ અને ૧૯૪૨ના 'ભારત છોડો' આન્દોલન વચ્ચેનો ગાળો. અંગ્રેજી હકૂમતની પકડ ભારત પર બરાબર જામેલી. સરકારી કૉલેજો - અમદાવાદની ગુજરાત કૉલેજ કે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ —માં ગોરા પ્રિન્સિપાલોનો એ સમય. આવા કાળમાં, આર્થિક રીતે ડગુમગુ હાલતવાળા કુટુમ્બમાંથી આવતા કૉલેજિયનના કૉલેજ-જીવનના પ્રસંગો ફ્લેશબેકના રૂપમાં સ્મૃતિ પટ પર નજરે પડે છે ત્યારે તેમાં જીવનને નવો વળાંક આપે તેવી બેત્રણ ઘટનાઓ સ્પષ્ટ રીતે જુદી તરી આવે છે. આમાંની એક ઘટના તો મારા પ્રથમ કૉલેજ પ્રવેશને લગતી છે.

૧૯૩૪માં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા તો સારી રીતે પાસ કરી. પણ કૉલેજમાં જવાશે કે કેમ તે અનિશ્ચિત હતું. પિતાજી તો બે વર્ષ પૂર્વે ગુજરી ગયા હતા. મોટાભાઈએ શાળામાં શિક્ષક તરીકેની નોકરી હજુ શરૂ જ કરી હતી. તેમને માસિક રૂપીઆ પાંસઠનો પગાર હતો અને મુંબઈમાં ઘરભાડું જ રૂપિયા સત્તાવીશ અમે ભરતા હતા. સ્પષ્ટ છે કે કૉલેજમાં જોડાવું કે નહિ તે નક્કી થઈ શકે તેવી સ્થિતિ નહોતી. રૂ-બજારમાં કામે જવું કે શેરબજારમાં તે નક્કી કરવાની ચર્ચા ચાલતી હતી. મારા પાડોશમાં રહેતો મિત્ર કૉલેજમાં પ્રવેશ લેવા જતો હતો. હું પણ જિજ્ઞાસાનો દોર્યો તેની સાથે ગયો. મુંબઈના પરા જોગેશ્વરીમાં ટેકરા ઉપર આવેલી ઈસ્માઈલ યુસુફ કૉલેજમાં અમે ગયા. મારા મિત્રે પ્રવેશનું ફૉર્મ ભર્યું. મેં જોયું કે ફી વગર પણ ફૉર્મ સ્વીકારે છે એટલે મેં પણ ત્યાં જ ફૉર્મ ભરીને આપી દીધું. ફી ભરવાની થશે ત્યારે જોયું જશે !

સંયોગવશાત્ પાંચ-છ દિવસ પછી જ મારા ભાઈને એક ટ્યુશન મળ્યું જેમાં તેમને માસિક રૂપિયા પચાસ મળવાના હતા. તરત જ નક્કી કર્યું કે-રૂ બજાર કે શેરબજારની વાત છોડી કૉલેજમાં દાખલ થઈ જવું. અને આમ મારા કૉલેજજીવનની શરૂઆત થઈ.

રમતગમત, ચર્ચા-સભાઓ, શિબિરો, વકતૃત્વ-સ્પર્ધાઓ, વાર્ષિકદિનની ઉજવણી, ટેલેન્ટ ઇવનિંગ વગેરે અભ્યાસેતર પ્રવૃત્તિઓ એ કૉલેજજીવનની કેટલીક વિશિષ્ટતાઓ તરીકે ગણાય છે. પણ મારા કૉલેજ-પ્રવેશના સંયોગો જ એવા હતા કે કૉલેજમાં અભ્યાસ સિવાય મળતા સમયમાં આવી કોઈ ઇતર પ્રવૃત્તિ કરવાને બદલે ટ્યુશન જેવી અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરવાની જરૂર રહેતી. આમ, મારા છ વર્ષના કૉલેજકાળમાં મેં આગળ કહેલી એવી કોઈ અભ્યાસેતર પ્રવૃત્તિમાં ભાગ લીધો નથી. હા, ૧૯૪૦ પછી શરૂ કરેલા કૉલેજ-શિક્ષક તરીકેના જીવનમાં આ બધી જ પ્રવૃત્તિઓમાં મન ભરાય તેટલો ભાગ લીધો છે.

પણ કૉલેજજીવન જેમ યુવાનો માટે મ્હાણવા જેવું જીવન છે તેમ તે સમયગાળો યુવાનના જીવનપથની ભવિષ્યની દિશા ચીંધનારો અને કંઈક અંશે તે દિશા નક્કી કરનારો સમયગાળો પણ છે. એટલે જ કદાચ મને અત્યારે જીવનદિશાને વળાંક આપતી ઘટનાઓ યાદ આવે છે.

તે દિવસોમાં કૉલેજના પ્રથમ વર્ષમાં બધાને ચાર વિષયો ભણવાના : અંગ્રેજી, ફિઝિક્સ, ગણિત અને સંસ્કૃત કે અરબી કે ફારસી. પછીના વર્ષથી આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ વગેરે રસ્તા છૂટા પડે. અને તેમાં જે સાયન્સમાં જોડાય તે બીજા વર્ષને અન્તે અન્જિનિઅરિંગ કે મેડિસિનમાં જઈ શકે. પ્રથમ વર્ષમાં મને ગણિતમાં ઘણા સારા માર્ક મળ્યા હતા. એટલે તે જમાનામાં પણ બધા જ હોશિયાર લેખાતા વિદ્યાર્થીઓ એન્જિનિઅરિંગ તરફ આકર્ષાતા તેમ મેં પણ તે રસ્તે જવાનું વિચાર્યું અને સાયન્સનો માર્ગ લીધો. પણ માણસ ધારે છે કંઈક અને થાય છે કંઈક ! બીજા વર્ષની પરીક્ષાના પરિણામ ઉપર એન્જિનિઅરિંગનો પ્રવેશ નક્કી થાય. પરિણામને દિવસે હું બહારગામ હતો તેથી મારું પરિણામ એક મિત્ર જોઈ આવ્યા. કૉલેજના માર્કના ચોપડામાંથી માર્ક ઉતારતાં તેણે કંઈક ભૂલ કરી અને ગણિતમાં ૨૦૦માંથી મને ૧૩૯ માર્ક્સ મળ્યા હતા, તેને બદલે ૨૦૦માંથી ૧૧૧ માર્ક મળ્યા તેવું ઉતારી લાવ્યો. થયું. ગણિતમાં ૫૫ ટકા માર્ક હોય તો એન્જિનિઅરિંગમાં પ્રવેશ ક્યાંથી મળે ? એમ વિચારી મેં તો એલ્ફિન્સ્ટન કૉલેજ સાથે સંકળાયેલી રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં બી.એસસી.માં પ્રવેશ લઈ લીધો. બધું પતી ગયા

પછી કૉલેજમાં કૉશન મનિ પાછા લેવા ગયો ત્યારે મેં જાતે મારા માર્ક્સ ચોપડામાં જોયા અને ખબર પડી કે ગણિતમાં ૧૧૧ નહિ પણ ૧૩૯ માર્ક્સ હતા !

આમ, એક વળાંક ઉપરથી રૂ-બજારમાં જતો જતો કૉલેજમાં પહોંચી ગયો તો બીજા વળાંકે એન્જિનિઅરિંગમાં જવાને બદલે શુદ્ધ વિજ્ઞાનને રસ્તે વધ્યો. આ બન્ને વળાંકો પાર કરવામાં અકસ્માતે ભાગ ભજવ્યો; અને હવે છેલ્લે એક ત્રીજા વળાંકની વાત કરી લઉં, જેની ઉપર અકસ્માત નહિ પણ સમજીબૂઝીને રસ્તો પકડ્યો હતો.

૧૯૪૦માં હું એમ.એસસી. પાસ થયો અને હજુ પરીક્ષાનું પરિણામ બહાર પડે તે પહેલાં જ મને સૌરાષ્ટ્રના એક રજવાડાની કૉલેજમાં લેક્ચરરની જગ્યા મળી ગઈ. તે દિવસોમાં પાસ થયા પછી એકબે વર્ષ નોકરી વગરનાં જાય તે સામાન્ય હતું. તેમાં મને તરત જ નોકરી મળી ગઈ તેથી ઘરનાં બધાં ખુશ હતાં. હું પણ ખુશ હતો. જોકે ત્યારે લેક્ચરર તરીકે મને ૮૫-૫-૧૪૦ના ગ્રેડમાં માસિક રૂપિયા ૮૫ પગાર મળવાનો હતો જે અત્યારે હસવા જેવો લાગશે. પરંતુ તે દિવસોમાં સૌરાષ્ટ્રમાંના અંગ્રેજ સરકારના એજન્ટની ઑફિસમાં કારકુનની જગ્યા મળે તેવી બધા બી.એ.-એમ.એ. થયેલાની મહેચ્છા હોય અને તે જગ્યાનું પગારધોરણ ૨૦-૨-૪૦ હતું ! આની સાથે સરખાવીએ તો ૮૫-૫-૧૪૦નો પગાર તો બાદશાહી લાગે અને છતાં એક વર્ષને અન્તે મેં જાતે સમજીબૂઝીને એ નોકરી છોડી અને ફરી 'કૉલેજિયન' થવા માટે અંધારામાં ભૂસકો મારવાનું નક્કી કર્યું તે વળાંકની આ વાત છે.

આ રજવાડું પ્રમાણમાં નાનું અને તેની એકલી આ કૉલેજમાં જ ૨૦-૨૫ ઑફિસરો. રજવાડાના ઠાકોરને સ્હેજે આ ઑફિસરોનો ગર્વ. હોળીના દિવસોમાં નોટિસ આવી કે બધા પ્રોફેસરોને રાજમહેલમાં આમંત્રણ છે. અમે બધા બનીઠનીને રાજમહેલમાં ઊપડ્યા. ત્યાં બસમાંથી એક મેદાનમાં ઊતર્યા તો જોયું કે સામે બેત્રણ રંગ ભરેલાં મોટાં કૂંડાં છે. જેવા અમે બસમાંથી ઊતર્યા કે કૂંડાં પાસે ઊભા રહેલ ત્રણ-ચાર દરબારીઓએ કૂંડાંમાંથી ડોલ ભરી ભરીને અમને રંગવા માંડ્યા. અમારામાંના એક શિક્ષકને ઉત્સાહ આવ્યો એટલે એક ખાલી ડોલ ઉપાડી દરબારીઓને રંગવા માંડ્યા. એટલે તો બેત્રણ દરબારીઓએ તેમને આખાને આખા ઊંચકીને એક કૂંડીમાં ઝબોળી દીધા ! ઉપર બારીમાંથી ઠાકોરસાહેબ આ બધો તાલ જોયા કરે. આ પ્રમાણે અડધો-પોણો કલાક સુધી અમે બધા રંગાતા રહ્યા. પછી ત્યાંજ એક ટેબલ પાસે ઊભા રહીને અમે ચા-પાણી પીધાં અને એવા ને એવા બસમાં બેઠા. બસ અમને કૉલેજ ઉપર ઉતારી ગઈ. અમે ત્યાંથી રંગભીનાં કપડે અને બાઘડા જેવા ચહેરા સાથે ચાલતા ચાલતા ઘેર ગયા.

આ વિધિ અનુભવ્યા પછી મને તો મનમાં ઘણું અપમાન લાગ્યું અને નક્કી કર્યું કે થવું હોય તે થાય, આવતા જૂનમાં અહીં નોકરી નથી કરવી. આમ, સમજીબૂઝીને વળાંક પસંદ કરીને કૉલેજશિક્ષકની નોકરી છોડી દીધી. પછી તો અથડાતો-કુટાતો ફરી કૉલેજજીવનમાં વિદ્યાર્થી તરીકે આવ્યો. ગણિતમાં પીએચ.ડી (Ph.D.) થયો અને જીવનનો આખો રાહ બદલાઈ ગયો.

આજે ૬૧ વર્ષની ઉંમરે મારા કૉલેજજીવનના યાદગાર પ્રસંગો સ્મરું છું ત્યારે આ ત્રણ વળાંકો જ યાદ આવે છે.

રિસામણાં-મનામણાં

તા. ૨૦-૧૧-૮૨ : ગઈકાલે એશિયાના રમતોત્સવ એશિયાડનું ઉદ્‌ઘાટન થયું. પાંચ હજાર ખેલાડીઓના વસવાટ માટે નવું એશિયાડ-ગ્રામ બાંધ્યું, દિલ્હીમાં કુલ ૧૭ નવાં સ્ટેડિઅમ બંધાયાં, કેટલીએ પાંચ-તારક હૉટેલો બાંધી અને આ બધું ૧૯૮૦ના ફેબ્રુઆરીથી શરૂ કરીને આજ સુધીમાં પૂરું કર્યું. આમ તો આપણે ત્યાં લગ્નમાં થાય છે તેમ છેવટ સુધી દોડાદોડી, હો-હો અને દેકારો થતો હોય તેમ આમાં પણ થયું. કોઈ રિસાય તો વળી કોઈ છેડાય, તેમ અકાલીઓ રિસાયા, રેડીઓ અને દૂરદર્શનના કર્મચારીઓ છેડાયા, પણ લગ્નમાં જેમ વરઘોડો આવે એટલે બધું એની મેળે ગોઠવાઈ જાય તેમ એશિયાડનું ઉદ્‌ઘાટન કરવા રાષ્ટ્રપતિ આવ્યા ત્યાં સુધીમાં બધું ગોઠવાઈ ગયું.

લગ્નમાં દીકરીના બાપે લગ્ન પહેલાં બધું ગોઠવી દીધું હોય તેથી પૂરું થતું નથી. લગ્ન શરૂ થયા પછી પાછું વેવાઈઓને માઠું ન લાગે તે જોવાનું. કોઈ વડીલને પહેલા પાટલાને બદલે બીજે પાટલે બેસારી દીધા હોય તો વળી વાંધો - આવું આ એશિયાડમાં પણ થયું. ઉદ્‌ઘાટન વખતની માર્ચ-પાસ્ટમાં ઈરાનના ખોમેનીવાદીઓને મુશ્કેલી હતી. નક્કી એવું થયું હતું કે દરેક દેશની ટુકડીને મોખરે એક સાડીસજ્જ ભારતીય યુવતી તે દેશનું બોર્ડ હાથમાં લઈને ચાલશે. ઈરાન કહે - અમે કદી સ્ત્રીને અનુસરતા નથી ! એટલે સ્ત્રી આગળ ચાલે અને અમે તેની પાછળપાછળ ચાલીએ તે તો કેમ બને ? તેનો રસ્તો કાઢ્યો, ઈરાનના નામનું પાટીઉં એક પુરુષ લઈને ચાલશે. પણ ઈરાનને વળી બીજો વાંધો હતો. માર્ચ-પાસ્ટમાં દેશો હિન્દી કક્કા વારી પ્રમાણે ચાલવાના હતા. હવે દેવનાગરીમાં न કરતાં क પહેલો આવે એટલે ઈરાન કરતાં ઈરાક પહેલું આવે. ઈરાન કહે અમે ઈરાકની તરત જ પાછળ નહિ ચાલીએ ! અસલ આપણે ત્યાં લગ્નમાં થાય છે તેવો જ ઘાટ થયો ને ? કન્યાના બાપે કક્કાવારીનો આગ્રહ પડતો મૂકી, બે હ્રસ્વ ઇ વચ્ચે એક દીર્ઘ ઈ મૂકી. ઈરાક પછી ઈન્ડોનેશિયા અને પછી ઈરાન મૂકી આનો તોડ કાઢ્યો !!

* * *



દિવાળીને દિવસે સવારે ૯-૩૦ વાગે આચાર્ય વિનોબા ભાવેનું અવસાન થયું. તે પહેલાં અઠવાડિયા ઉપર તેમને હૃદય-રોગનો હુમલો થયો હતો. હુમલામાંથી તો બચી ગયા પણ દવા-ઇન્જેકશન, ખોરાક-પાણી લેવાનું તેમણે બંધ કર્યું. અને જૈન મુનિઓ જેમ અન્ન-જળ ત્યાગીને દેહ-ત્યાગ કરે છે તેમ તેમણે દેહત્યાગ કર્યો. તમે બધાં તો વિનોબાને ભૂદાન-ચળવળથી ઓળખો અને તેમની સર્વ-ધર્મ-પ્રાર્થના-'ઓમ્ તત્સત્ તું નારાયણ, તું પુરુષોત્તમ પ્રભુ તું'-થી ઓળખતા થયાં. પણ હું જ્યારે ૧૯-૨૦ વર્ષનો હતો ત્યારે અંગ્રેજ સરકારે પ્રાન્તીય સ્વરાજની યોજના દાખલ કરી અને પ્રાન્તોમાં કેટલોક વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સોંપ્યો. ૧૯૩૭માં મુંબઈ પ્રાન્તમાં કૉંગ્રેસની સરકાર રચાઈ. એવી દેશના બીજા પ્રાન્તોમાં પણ સરકારો રચાઈ. કૉંગ્રેસી પ્રધાનોને સરકારી મોટરો મળી. તે મોટરની સીટ તેમણે ચામડાની કઢાવી ખાદીની બનાવીને મુકાવી. ત્યારે મેં પહેલ-વહેલો વિનોબા ભાવેનો લેખ વાંચ્યો. લેખનું શીર્ષક હતું. 'ખાદી ઔર ગાદી કી લડાઈ'. ગાદી બની રહે, ફક્ત કવર ખાદીનું થાય તે કેવું માનસ દર્શાવે છે ? તેનું સરસ વિશ્લેષણ તેમણે કર્યું હતું. વૃત્તિ બદલાય નહિ ફક્ત વેશ બદલાય તેથી કશો લાભ નથી તે તો આજે ૧૯૮૨માં કેટલું બધું સ્પષ્ટ થયું છે ?

ઇન્દિરા સરકારના પ્રધાન વસંત સાઠે વિનોબાને વચ્ચે મળવા ગયા હતા. વસંત સાઠે વિદર્ભમાંથી ચૂંટાયા છે અને વિનોબાનો પવનાર આશ્રમ વિદર્ભમાં છે એટલે ખાસ મળવા ગયા હતા. થોડો વખત બેસીને વિદાય થતા હતા ત્યારે વિનોબાએ પૂછ્યું, 'સાઠેજી, યે કોટ જો આપ પહને હુએ હૈં વો કિસકા બના હુવા હૈ ?' સાઠેજીએ તો પોલિએસ્ટર કાપડનો કોટ પહેર્યો હતો. તેમણે કહ્યું - 'એ ખાદીકા તો નહીં હૈ મગર સ્વદેશી જરૂર હૈ.'

ખાદી ઔર ગાદી કી લડાઈના લેખકને હાર્ટ ઍટેકનું બહાનું મળ્યા પછી વધુ જીવવાની ઈચ્છા ન રહે તે સમજાય તેવું છે...

છોટે રામાનુજન

તા. ૪-૧૨-૮૨ : ગયે સોમવારે મારા સ્કૂલ-મિત્ર કિશોરકાન્ત ગુજરી ગયા. દીનાનાં લગ્ન કરાવવા ખાસ ભાવનગરથી આવ્યા હતા તે. આમ તો નાગરોનું ગોરપદું એ કૌટુમ્બિક વ્યવસાય, પણ કિશોરકાન્ત સંસ્કૃત સાથે એમ.એ. થયેલા અને સામળદાસ કૉલેજમાં પ્રોફેસર હતા.

અમે જ્યારે શાળાના આઠમા ધોરણમાં હતા ત્યારે (Dolton) ડૉલ્ટન પદ્ધતિએ ભણાવવાનો એક અખતરો અમારી શાળામાં થતો હતો. ડૉલ્ટન પદ્ધતિનો મુખ્ય હેતુ સ્વશિક્ષણનો છે. તે પદ્ધતિમાં દર શનિવારે આવતા આખા અઠવાડિયા દરમિયાન કરવાનાં કામનું 'લેસન' આપી દે. પછી સોમથી શુક્ર રોજ અડધો દિવસ વર્ગો અને અડધો દિવસ સ્વાધ્યાય. રિસેસ પહેલાં અડધા અડધા કલાકના વર્ગોમાં શિક્ષક અઠવાડિક 'લેસન'માંના નવા મુદ્દા સમજાવે. સ્વાધ્યાય માટે દરેક વિષયનો જુદો રૂમ. રિસેસ પછી જે વિષયના રૂમમાં જઈને તે વિષયનું લેસન કરવાનું. જરૂર પડે વર્ગમાં બેઠેલા શિક્ષકની મદદ લેવાની. સ્વાધ્યાય માટે આઠ આઠ વિદ્યાર્થીઓની ટુકડી બને અને આખી ટુકડી સાથે બેસીને સ્વાધ્યાય કરે. ધોરણ ૮ અને ૯ એમ બે વર્ષ અમે આ ડૉલ્ટન પદ્ધતિથી ભણ્યા. અમારી સ્વાધ્યાય ટુકડીનો હું નેતા હતો. શનિવારે સવારની નિશાળમાં આખા અઠવાડિયાનું લેસન (સ્વાધ્યય) મળી જાય એટલે અમારી ટુકડી બપોરે બાર વાગે જમી કરીને કિશોરકાન્તને ઘેર ભેગા થઈએ. ત્યાં બેસીને આખા અઠવાડિયાનો ગણિતનો સ્વાધ્યાય કરી લઈએ. વચ્ચે બપોરના ત્રણ વાગે કિશોરકાન્તનાં માતા અમને બધાંને ચા પાય અને નાસ્તો કરાવે. સાંજે પાંચ વાગે લેસન પતાવીને ઊઠીએ. પછી આખા અઠવાડિયાની ગણિતની નિરાંત !

આ ક્રમ બે વરસ ચાલેલો એટલે એ ટુકડીમાં રહેલા અમે સૌ એકબીજાના ઘનિષ્ઠ મિત્ર થઈ ગયેલા. તેથી જ તો મારે અને કિશોરકાન્તને અમસ્તી વાત થયેલી કે દીનાનાં લગ્ન છે અને તે શાસ્ત્રોક્ત વિધિથી કરવાં છે એટલે લગ્નને દિવસે તે આવીને ઊભા રહ્યા હતા !

જામનગરના પ્રવીણભાઈ મહેતા સાત ચોપડી ભણેલા છે અને છતાં વેચવાની ફેરી કરે છે. તદ્દન ગરીબ, ફાટેલું પેન્ટ અને થીંગડાંવાળો કોટ પહેરીને ગણિતમંડળમાં આવે છે. પણ સંખ્યાઓનો જબરો દોસ્ત છે. આ વખતના અધિવેશનની પ્રશ્ન-સંધ્યાનો પ્રશ્ન હતો : $2222^{5555} + 5555^{2222}$ 7 વડે વિભાજ્ય છે ? પ્રવીણભાઈએ તો તરત જ કહ્યું કે 'હા વિભાજ્ય છે અને મારી પાસે તેનો પુરાવો છે.' (પ્રવીણભાઈ 'સાબિતી'ને 'પુરાવો' કહે છે.) તેમના પુરાવાને આપણે બધા સમજી શકીએ તે ભાષામાં મૂકીએ તો ૨૨૨૨ને ૭ વડે ભાગવાથી શેષ ૩ વધે માટે ૭ વડે ભાગવા બાબતમાં ૨૨૨૨ના ઘાતને બદલે ૩નો ઘાત લઈ શકીએ. હવે ૩ના ૬ ઘાત એટલે કે $૩^{૬}$ ને સાત વડે ભાગવાથી શેષ ૧ રહે છે. પણ આપણો ઘાત તો ૫૫૫૫

(અનુસંધાન પૃ. ૫૫૮ ઉપર)

શિષ્ટાચારની પ્રથા

પ્રીતિ સેનગુપ્તા

રાજવંશો, સામ્રાજ્યો અને સામંતશાહીમાં થતાં થતાં લાંબી મુસાફરી કરીને ચીન સામ્યવાદ સુધી પહોંચ્યું છે. એનો રાષ્ટ્રિયતા તરફનો સબળ ઝોક એના કરોડો પ્રજાજનોને એકસૂત્રે, એકસંગે, બાંધી રાખે છે. સમાજવાદી જીવન માટેની એની વિચારસરણી પ્રજાને શિસ્તબદ્ધ અને વધારે શક્તિમાન બનાવતી જતી હોય એમ લાગે છે. દરેક વર્ષે માર્ચ માસ એક ખાસ મહિનો બને છે, જે દરમિયાન આખા દેશને કોઈ ને કોઈ આત્મસુધારણા પ્રતિ પ્રેરવામાં આવે છે. દર વર્ષે જુદો વિષય વિચારાય છે. આ વર્ષે વિષય છે નાગરિક તરીકેની સભ્યતા અને શિષ્ટાચાર. એમાં પણ ભાર મુકાય છે જાહેર સ્વચ્છતા અને સ્વાસ્થ્ય ઉપર – જેમકે રસ્તાને સાફ રાખવા, જ્યાંત્યાં થૂંકવું નહીં વગેરે. અંગત બાબતોમાં વિવેકી વર્તન પર આગ્રહ છે - જેમકે નમ્રતાથી બોલવું, 'આભાર' અને 'મહેરબાની કરીને' જેવા શબ્દો વાપરવા, એકબીજાને મદદરૂપ થવું, વૃદ્ધજનોની સાચવણી કરવી વગેરે.

માર્ચની શરૂઆત થઈ ગઈ છે, એટલે આવી બધી સુધારણાની પ્રવૃત્તિઓ શરૂ થયેલી દેખાય છે. ઘણે રસ્તે શાળાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જાહેર સ્વચ્છતાનાં કામોમાં લાગેલાં જોઈએ છીએ. ક્યાંક મોટો, લાલ રાષ્ટ્રધ્વજ લઈ ઊભાં હોય છે, ને શિક્ષક કે શિક્ષિકા પ્રેરણાત્મક ભાષણ આપતાં હોય એવું લાગે છે. આ સંકલ્પનમાં સંમતિ બતાવવા માટેનાં સરઘસ પણ ઘણી વાર યોજાય છે. એમાં જોડાવા બધાં સ્વેચ્છાથી આવે છે. ડૉક્ટરો, નર્સો, સરકારી અધિકારીઓ વગેરે પણ સ્વયંસેવક બને છે, ને રસ્તા સાફ કરાવવા લાગે છે, વૃક્ષારોપણમાં પણ મદદ કરે છે. કારણ કે આ મહિનામાં પર્યાવરણ અને વૃક્ષારોપણની અગત્ય પણ પ્રસ્તાવિત કરાયેલી છે.

ક્યાંયે સાંભળ્યું છે આવું ? પ્રજાને સારી ટેવો પડે, એને માટે સરકાર પ્રયત્ન કરતી હોય, અને પ્રજા એમાં સાથ આપતી હોય એવું ?

આટલા દિવસમાં બધાં શહેરોમાં જોયું છે કે રસ્તાઓ પર થોડે થોડે અંતરે કચરો નાખવા માટે 'પાત્રો' મૂકેલાં હોય છે. ફૂ-ડોગ કહેવાતા ચીની કથાનકમાંના પ્રાણી અથવા દેડકાના આકરામાં, ચીની માટીમાંથી બનાવેલાં, આ પાત્રો હોય છે. પ્રાણીના ખુલ્લા મોઢા વાટે કચરો અંદર નાખવાનો. ક્યાંક ક્યાંક સાથે થૂંકદાની પણ મૂકેલી હોય છે. પાછી તે સરખા રંગો ને આકૃતિવાળી હોય. મોટા મોઢાના, ખુલ્લા કૂંડા જેવી હોય છે આ થૂંકદાનીઓ. એમાં થોડું પાણી નાખી રાખેલું હોય છે. લોકોને બરાબર એમાં જ થૂંકતા પણ જોયા. ચીનીઓને થૂંકવાની ટેવ હોય છે. આવાં પાત્રને લીધે એ લોકો ગમે ત્યાં થૂંકતા અટકે છે. (પાનની પિચકારી મારતાં પહેલાં આપણે ત્યાં કોઈ જાહેર સ્થાન , સ્વચ્છતા કે સમાજનો વિચાર કરે છે ખરું ?)

આ વર્ષના જુલાઈમાં ચીન દેશમાં ત્રીજી વારની વસતિ-ગણતરી થશે. નવેમ્બરમાં પરિણામ જાહેર થશે, એમ કહેવાય છે. પહેલીવાર એ માટે કમ્પ્યૂટર વપરાશે. એમની પાસે ૨૯ કમ્પ્યૂટર છે, એમ અમને કહેવાયું છે. યુનાઈટેડ નેશન્સ એમાં મદદ કરવાનું છે. ચીનની વસતિ ભારતથી પણ વધારે છે, પરંતુ શિસ્તપૂર્ણ વ્યવહાર, ગંદકીનો અભાવ અને ઓછા ઘોંઘાટને કારણે એમ લાગતું નથી. અજબગજબનો દેશ છે આ.

સુજો પણ એની રેશમ-ભરતની કળા માટે સુખ્યાત છે, ને એની ખ્યાતિ છે પણ કારણસર જ. પહેલાં તો સુજોની એમ્બ્રોઈડરી ફૅક્ટરીનું મકાન. ખાસ આને માટે જ, કારીગરોનો પૂરેપૂરો ખ્યાલ રાખીને એ બનાવાયું છે. દરેક ઓરડાની બંને બાજુએ મોટી બારીઓ, એમાંથી બહાર જોતાં લીલોછમ પરિસર દેખાય. ચોતરફ વૃક્ષો, ને રંગીન ફૂલો. સુંદર. આંખોને આરામ. મનને પ્રફુલ્લિત કરે. ભરત કરતી સ્ત્રીઓની થાકેલી, સતત કામમાં પરોવાયેલી આંખો. દર બે કલાકે એમને પંદર મિનિટની છુટ્ટી અપાય છે, જેથી આંખોને આરામ આપી શકે. અને દિવસમાં બે વાર એમની આંખોને કસરત કરાવાય છે. એમના કામનાં પરિણામો ? અત્યંત સુંદર.

આવી વિગતો જાણવી મને ગમે છે, ને જરૂરી પણ લાગે છે. એક મોટા ફલકમાં ધીરે ધીરે રંગ પુરાતો જાય છે. એ જ રીતે છતું થાયને ચિત્ર ?

ચીની શૈલીનાં ચિત્રો બહુ સરસ હોય છે. પીંછીના લસરકાની શૈલી તો મને ખાસ પસંદ છે. એમાં એવું હોય છે કે ફલકને ખીચોખીચ ભરવાનું નહીં. અવકાશનું પણ સ્થાન હોય છે ચીની ચિત્રોમાં. સરસ ચિત્ર, ને બાજુમાં ચીની પ્રતીકાક્ષરોમાં કાવ્ય પણ હોય. બહુવિધ વ્યક્તિત્વ હતું એક જમાનાના કળાકારોનું. ચિન્ગ રાજવંશમાં એક કવિ થઈ ગયા. સુજોની નજીકથી જ આવેલા. કૃષિજનોના બળવા વખતે એમણે રાજ્ય-સૈન્યની નોકરી છોડી દીધી. નામ સુધ્ધાં બદલી નાખ્યું. પછી કવિ અને ચિત્રકાર તરીકે જાણીતા થયા. બૌદ્ધ ભિખ્ખુ પણ બન્યા, અને 'શુ ગુ'ના નામથી જ ઓળખાય છે. એ ગરીબીમાં રહ્યા, પણ એમની કળામાં નિરાશાવાદ ના આવવા દીધો. ફૂલો અને કુદરતી દૃશ્યોનાં અસંખ્ય ચિત્રો એમણે કર્યાં. રંગ, વિષય ને સંઘટનની એમની મૌલિકતાની ઊંડી અસર પછીની પેઢીઓના કળાકારો પર પડતી રહી. સુજોના એક મંદિરના ચોગાનમાં

એમની કબર છે.

વુ સામ્રાજ્યના રાજા, જેમણે સુજો વસાવેલું, એ પણ સુજોના એક સુંદર સ્થાને દફન થયેલા છે. એ 'હુચિઉ' અથવા 'ટાઈગર હિલ' છે. રાજાનું દફન જ્યારે થતું હતું ત્યારે એક વાઘ ત્યાં



આવી ઊભેલો, એમ કહેવાય છે. એ પરથી આ નામ પડ્યું. એ ટેકરીની ઉપર હજાર વર્ષથી પણ જૂનો પૅગોડા છે. સામાન્ય ચીની શૈલીથી જુદું સ્થાપત્ય છે એનું. ઢળતાં છાપરાં નથી, અષ્ટકોણાકારે છે, નાની કમાનાકાર બારીઓ છે, ને પથ્થરના સ્વાભાવિક રંગનો છે. ૧૯૫૬માં એના સમારકામ દરમિયાન પ્રાચીન બૌદ્ધ પોથીઓ, સિક્કા, પ્રાર્થનાની મણકાવાળી માળા, એક નાનો અરીસો વગેરે ચીજો પૅગોડાના અંદરના ભાગમાંથી મળી આવી. મસ્તક વગરની બુદ્ધની ત્રણ પ્રતિમાઓ પણ નીકળી. લાકડાની એક પેટી પરના લખાણથી સિદ્ધ થયું કે નિ:શંક એ ૯૬૧ના વર્ષમાં બંધાઈ રહ્યો હતો. ચીનમાંના જૂનામાં જૂના પૅગોડામાંનો આ એક છે, ને રાષ્ટ્રિય સ્મારક બનાવાયો છે.

'ટાઈગર હિલ'નો આખો પરિસર સુંદર ઉદ્યાનનો છે. પ્રવેશતાં જ એનું વિગતે કરાયેલું ચિત્ર છે. એનાથી જ મેળવ્યો એનો પરિચય. કહે છે કે રાજાની સાથે એની ત્રણ હજાર તલવારો પણ દાટવામાં આવેલી. એની ખાતરી તો કોઈને નથી જ મળી, પણ કબરનું પ્રવેશદ્વાર પણ હજી ગુપ્ત રહ્યું છે. આ રહસ્ય અકબંધ છે મારી સાથે. એને મનમાં સાચવીને જ છોડ્યું સુંદર સુજો.

ફરી ટ્રેન લીધી, પણ સફર અડધાએક કલાકની જ હતી. બેઠાં-ના બેઠાં ત્યાં ઊતરવાનું આવ્યું. ટ્રેનમાં અમારો છેલ્લો ડબ્બો હતો, એટલે સ્ટેશનના પહોળા પ્લૅટફૉર્મ પર છેક છેડેથી છેક આગળ સુધી સરઘસની જેમ ચાલ્યાં, ને પછી ત્યાં ઊભેલી બસોમાં બેઠાં. આજની બસો જાપાની હતી - મિત્સુબિશિ કંપનીની. પણ મોટા ભાગે બસો, અને નવી, સરસ નૌકાઓ, ચીનમાં બનેલી જ જોઈ છે.

અમે પહોંચ્યાં છીએ વુશિ (Wuxi) ગામે. જ્યાંગ્સુ પરગણામાં યાન્ગ્સે નદીની ફળદ્રુપ, સપાટ ખીણમાં બે હજાર વર્ષ પહેલાં હાન રાજવંશે એને વસાવેલું. પેલી ગ્રાન્ડ કૅનાલ વુશિ ગામમાં થઈને ઉત્તરે આગળ જાય છે. સુજો જેવું લાગે - એવું જ નાનકડું, ને તોયે વસતિ કેટલી, ખબર છે ? સાડા સાત લાખ ! ચીનમાં તો વસતિના આંકડા મોટા જ રહેવાના ! સુજો કરતાં વુશિની આસપાસ પાણી ઘણું વધારે છે. એક તો પેલું વિશાળ સરોવર તાઈ હુ. અને વુશિની પશ્ચિમે ખૂબ પર્વતો પણ છે. ક્ષિતિજ પર તરવરતા રહે છે.

સદીઓ સુધી ગ્રામ્ય રહ્યા પછી વીસમી સદીમાં એનું ઔદ્યોગિકીકરણ શરૂ થયું. રેશમ, કપાસ, વનસ્પતિ તેલ, અને લોટ માટેની ઘણી ફૅક્ટરીઓ નંખાઈ. ખેતી-વાડીને લગતા ઉત્પાદન માટે ફૅક્ટરીઓ નંખાઈ. ખેતીવાડીને લગતા ઉત્પાદન માટે એ મોટું કેન્દ્ર બન્યું. હવે તો અહીં મશિનો તૈયાર થાય છે, અને ઇલેક્ટ્રોનિક્સની ચીજો બને છે. ગામમાં ખાસ કશું જોવા જેવું નથી, પણ બારેમાસ સરસ ઋતુમાન, અને મનોહર નિસર્ગ-શોભાને લીધે પ્રવાસીઓને ગમી જાય એવું છે. ફળદ્રુપ ભૂમિ અને વિપુલ જળાગારોને લીધે ચીની લોકો એને 'માછલી અને ચોખાનો પ્રદેશ' કહે છે.

આ બધે પ્રવાસખાતું શહેર પરનાં ચોપાનિયાંની સાથે અમને નાની ભેટ આપે છે. હાન્ગ્જોમાં હાથનો ચીતરેલો, સરસ રેશમી રૂમાલ મળ્યો, સુજોમાં ચિત્ર-પોસ્ટકાર્ડનો સેટ મળેલો. વુશિમાં રંગીન ફોટાવાળી, ખૂબ સરસ રીતે છાપેલી નાની ચોપડી, ને શહેર પર એક લેખ અપાયાં છે. ક્યાં તો આ પ્રવાસીને ખુશ કરી દેવાની રીત હોય, ક્યાંતો પ્રજાસહજ, પૂર્વીય આતિથ્ય હોય. કોઈ પણ દૃષ્ટિએ, પ્રથા વિશિષ્ટ છે, રિવાજ સરસ છે. □

મીનુ છોઈ

તરલિકા આચાર્ય



શરીરનું નાનકડું કાઠું, સુઘડતાથી પહેરેલો પોષાક, બંધગળાની ખાદીની કફનીથી લઈને પગમાં સુન્દર ભરતવાળી સેન્ડલ સુધી નખશિખ સજ્જ એવી વ્યક્તિ એટલે મીનુ છોઈ. વર્તમાન અને ભૂતકાળ વચ્ચેના અજોડ સેતુ જેવા મીનુ છોઈની વાતો સાંભળવા જેવી છે. આજે એંશી વર્ષે પણ એ સતત કાર્યમાં વ્યસ્ત રહે છે. એંશી વર્ષના લાંબા ભાતીગળ જીવનમાં એમણે જાતજાતની સિદ્ધિ મેળવી છે. આ બધાં કરતાં ધ્યાન ખેંચે એવી એમની અટક છે. 'છોઈ' અટક ઘણી જ અસામાન્ય છે. આ અટકમાં મીનુના પૂર્વજોની રસપ્રદ કહાણીનો ઇતિહાસ ઢબૂરાયેલો છે. મીનુના પૂર્વજો મૂળ સૂરતના વતની. ગુજરાતમાં પ્રખ્યાત ત્રણ છોઈ ભાઈઓમાં સૌથી નાનાભાઈ મન્ચેરજી. મીનુના એ પ્રપિતામહ થાય. સૂરતના આ ત્રણ ભાઈઓએ પોતાના વ્યવસાયથી ખૂબ પ્રસિદ્ધિ અને સફળતા મેળવી હતી. ચાઈનીઝ પદ્ધતિના બ્રોકેડના વણાટકામમાં નિષ્ણાત એવા આ ભાઈઓએ પોતાની આગવી સૂઝ-બૂઝથી ફૂલ-પાન, પક્ષી તેમજ ઝીણી, અમૂર્ત ભાવવાહી ભાતોની વણાટની આબેહૂબ કંડારણી કરવામાં કુશળતા પ્રાપ્ત કરી હતી. સાચા કસબી કારીગર તરીકે સમગ્ર વિશ્વમાં એમનું નામ જાણીતું થયું હતું. કલાત્મક સાડીઓની એમણે જગતને ભેટ આપી, વણાટની દુનિયામાં એક નવી કળાનો ઉમેરો કર્યો. આ વણાટકળાને 'તનછોઈ' નામ આપવામાં આવ્યું. ત્રણ છોઈ ભાઈઓના નામ પરથી 'ત્રણ છોઈ' થયું. અપભ્રંશ થતાં 'તનછોઈ' પ્રચલિત નામ થઈ ગયું.

આ 'છોઈ' અટક આવી ક્યાંથી એ વિશે વાત કરતાં શ્રી મીનુ ખૂબ ખીલી ઊઠે છે. એ કહે છે : "હું નાનો હતો ત્યારે મારાં દાદીમાં પાસેથી મેં મારા પૂર્વજો વિશે અને 'તનછોઈ' વણાટના ઇતિહાસની વાતો સાંભળી હતી. એ વાતો અદ્‌ભુત હતી. હું એ વાતોને યાદ કરીને અહીં રજૂ કરવા પ્રયત્ન કરીશ."

ઘણાં વર્ષો પહેલાં સૂરતમાં એક મકાન 'જોશીની હવેલી' તરીકે ખૂબ જાણીતું હતું. એ હવેલીમાં આ 'તનછોઈ' વણાટના સર્જક ત્રણ ભાઈઓ રહેતા હતા. ૧૮૫૭ની ક્રાન્તિ પહેલાં સૂરતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઘણી જ અસર હતી. આ સમયમાં સૂરત વિવિધ ઉદ્યોગોથી ધબકતું શહેર હતું. હાથશાળના કાપડનો ઉદ્યોગ ત્યારે નવો નવો શરૂ થયો હતો. એ જમાનામાં વીજળીના દીવા ન્હોતા. ફાનસના પ્રકાશના સહારે આ જોશી ભાઈઓએ 'જલ' (JALA) પ્રકારની હાથશાળ શરૂ કરી, સુંદર વણાટ કામ કર્યું. તેઓની વણાટકામમાં પારંગતતા જોઈને સૂરતના જમશેદજી જીજીભાઈને એમની કલામાં રસ પડ્યો; અને એમને આ કુટીર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો વિચાર આવ્યો. આથી આ ત્રણેય ભાઈઓને આ વણાટકળાનો આગળ અભ્યાસ કરવા ચીન મોકલ્યા. આ માટેની નાણાંકીય સહાય એમણે આપી. ચીન ત્યારે એવો દેશ હતો કે વણાટ-ઉદ્યોગોને પાંગરવાની ત્યાં પુરેપૂરી તક મળતી હતી. જમશેદજી જીજીભાઈ ત્યારે પહેલા બૅરોનેટ થયા હતા. એમની ચીનમાં ખાસ કાંઈ ઓળખાણ ન્હોતી. પરંતુ આ જોશીભાઈઓએ પોતાનાં કળાકૌશલ્ય, ખંત અને અભ્યાસ કરવાની ધગશથી ચીનમાં ખૂબ ચાહના મેળવી.

તેઓ ચીનના શાંઘાઈ શહેરમાં રહેતા હતા. એમના ત્યાં જે ગુરુ હતા તેમનું નામ 'છોઈ' હતું. પાછળથી આ નામ આ ત્રણેય ભાઈઓને ભેટમાં મળ્યું. અને 'જોશી' 'છોઈ' બન્યા.


આ કળા શીખવા માટે અને પછીથી પણ ઘણાં વર્ષો ચીનના શાંઘાઈ શહેરમાં ત્રણ ભાઈઓ રહ્યા. ભારત આવી સીધા સૂરત ગયા. પણ પોતાની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ સૂરતમાં બર આવી નહિ શકે એવી પ્રતીતિ થતાં મુંબઈ પ્રયાણ કર્યું.

મુંબઈ આવી પરેલમાં, સોપારી બજારમાં તેઓએ 'છોઈ સિલ્ક મિલ્સ' શરૂ કરી, જેમાં કાંતણ, વણાટ અને રંગકામ પણ શરૂ કરવામાં આવ્યાં. કુટુંબની યુવાન વ્યક્તિઓ ક્રમે ક્રમે ૧૯૫૦ સુધી આ મિલનું સંચાલન કરતી રહી. પછીથી એ મિલનું નામ 'પોદાર મિલ્સ' રાખવામાં આવ્યું.

આખા ભારત દેશમાં 'તનછોઈ' સાડીની માગ વધવા માંડી. ખાસ કરીને ઉત્તર ભારત, દિલ્હી, પંજાબ, અને બનારસમાં એ ખૂબ માનીતી થઈ ગઈ. આ ઉપરાંત આંતરરાષ્ટ્રિય સ્તરે પણ એની માંગ વધવા માંડી.

જ્યારે ખ્રુશ્ચેવ અને બુલ્ગેનીન રશિયાના પ્રતિનિધિ તરીકે ભારત આવ્યા હતા ત્યારે 'તનછોઈ' જોઈ કે તરત એમણે ભારતના કારીગરોને રશિયા આવવાનું નિમંત્રણ આપ્યું. રશિયન કારીગરોને તાલીમ આપવા તેમણે વિનંતી કરી હતી. 'તનછોઈ'ની કસબ-કારીગરી જોઈ તેઓ આભા બની ગયા હતા.

ચાઉ એન લાઈ જ્યારે ભારતની મુલાકાતે આવ્યા હતા



કારીગરીયુક્ત કીમતી તનછોઈ

ત્યારે 'તનછોઈ' માંનાં ઊડતાં એકદમ સાચાં લાગે એવાં પક્ષી જોઈ આફરીન થઈ ગયા હતા.

ચીની વડાપ્રધાનને કહ્યું : ''ભારતની 'તનછોઈ'માં ઘણી વિવિધતા છે. મારા દેશની આ વણાટકળામાં પક્ષીઓ ઝાડ પર સ્થિર બેઠાં હોય એમ લાગે છે. ઊડતાં પક્ષીની ગતિશીલતા અમારી કલામાં વણાઈ નથી.''

આજે 'તનછોઈ' સૂરત અને બનારસમાં બને છે. તેનું આજે નવસંસ્કરણ થયું છે. આમાં 'હેન્ડિકેફ્ટ બોર્ડે' ઘણો જ રસ લીધો છે. તેમ જ શ્રી કમલાદેવી ચટ્ટોપાધ્યાયે, શ્રી મેહરુ બોગાનો સાથ લઈ નવીનવી ભાતો કંડારી છે, જે પરંપરાગત છે. આ સમયમાં 'તનછોઈ'નો ભાવ રૂ. ૩૦૦થી રૂ. ૬૦૦ જેટલો હતો. આ સમયમાં 'તનછોઈ'નો બીજો એક પ્રકાર પણ બજારમાં મૂકવામાં આવ્યો હતો. એ ખાસ રાણી માટે રૉયલ બ્લૂ રંગમાં વણવામાં આવ્યો હતો. આ છ મીટર લાંબી 'તનછોઈ'માં એવી રીતે વણાટકામ કરવામાં આવ્યું હતું કે તેને કોઈ જગ્યાએથી કાપી શકાય નહિ. આવો આ કળાનો વિકાસ અને ઇતિહાસ છે. □

અનુસંધાન] ફિલ્મનું અનુભાવન [પૃ. ૫૫૧થી

સંકલિત થયેલું હોય છે. પડદે દેખાતાં ચિત્રોમાંથી સામાન્ય રીતે છથી દસ ગણાં ચિત્રો કચરાપેટીમાં ફેંકાયેલાં હોય છે. એટલે જ્યારે અભિનેતાના ક્રિયાકલાપોથી પ્રભાવિત થઈને, એ જ જાણે બધું નક્કી કરે છે એવું આપણે માનીએ છીએ ત્યારે, ફિલ્મકલાનું મૂળ તત્ત્વ આપણે ચૂકી ગયા હોઈએ છીએ. હા, દિગ્દર્શકે નાણાં ધીરનાર નિર્માતાની વેપારવૃત્તિ કે નટનટીનું વેચાણમૂલ્ય લોકપ્રિયતાની દૃષ્ટિએ ખ્યાલમાં રાખવું પડે. એવી એવી અનેક નક્કર વાસ્તવિકતાઓ જરૂરી છે, તો પણ આ ફિલ્મકલાનો મુખ્ય ઉત્પાદક સર્વસામાન્ય ભાવકથી ઓઝલ રહે એ, ભારતીય ફિલ્મોના સંદર્ભમાં, અનર્થકારી જ છે.

આ દિગ્દર્શક ફિલ્મની ભાષા ઘડે છે, પોતાની શક્તિમતિ મુજબ ફિલ્મે ફિલ્મે જ નહીં પરંતુ દૃશ્યે દૃશ્યે એ પ્રકાશછાયાથી એને આલેખે છે. એનાં રંગરૂપરેખાને પ્રત્યાયનશીલતાથી પ્રયોજે છે. દિગ્દર્શક કોઈ વ્યક્તિનો ક્લોઝઅપ લે, કે લૉંગ શૉટ લે, કૅમેરો આમ ફેરવે કે તેમ વાળે, એ દરેકમાં એક અર્થ ભરે છે. એ જાતે પડદે હાજર થઈ કંઈ કહી શકતો નથી, અને એટલે એ બધું 'કહેવડાવે' છે. આ ઉપરછલ્લી દેખાતી અધૂરપ એની તાકાત છે. એટલે કે એને તાકાત બનાવી શકાય તેમ છે.

એ બધું એ કેવી રીતે કરે છે ? હવે પછી જોઈશું. □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૫૫૪થી

છે અને ૫૫૫૫ ને ૬ વડે ભાગતાં શેષ ૫ રહે છે. તેથી $૨૨૨૨^{૫૫૫૫}$ ને ૭ વડે ભાગવાનું પરિણામ જાણવા માટે $૩^{૫}$ને ૭ વડે ભાગવાની જરૂર રહે. એ જ રીતે $૫૫૫૫^{૨૨૨૨}$ ને ૭ વડે ભાગવા માટે $૪^{૨}$ ને લેવા જોઈએ. આમ, પ્રવીણભાઈએ આપેલા પ્રશ્નને નીચેનું રૂપ આપ્યું : $૩^{૫} + ૪^{૨}$ ને ૭ વડે ભાગી શકાય ? હવે $૩^{૫} = ૨૪૩$, $૪^{૨} = ૧૬$ અને $૨૪૩ + ૧૬ = ૨૫૯$. અને ૨૫૯ ને ૭ વડે ભાગી શકાય છે માટે $૨૨૨૨^{૫૫૫૫} + ૫૫૫૫^{૨૨૨૨}$ ૭ વડે વિભાજ્ય છે ! આ પ્રવીણભાઈએ આપેલો 'પુરાવો'. કમાલ છેને આ ઓલિયાએ કેળવેલી ગણિત-બુદ્ધિ !

વિજ્ઞાન-શિક્ષણ વિષે એક પરિસંવાદમાં મેં કહેલું કે વિજ્ઞાન અને ગણિતમાં આપણા દેશમાં પાયાનો ભેદ એ છે કે આધુનિક વિજ્ઞાન તો અંગ્રેજોના રાજ પછી આપણે ત્યાં આવ્યું જ્યારે ગણિત તો આપણા સંસ્કાર-વારસામાં છે. તેથી અંગ્રેજી-શિક્ષણથી ગણિત-શિક્ષણ સ્વતંત્ર છે. તેનું જ્વલંત ઉદાહરણ શ્રીનિવાસ રામાનુજન છે. તેને ગણિત-સૂઝ આપણા સંસ્કારમાંથી જ મળી હતી ને ! અને આપણે ત્યાં પ્રદેશે પ્રદેશે છોટે-રામાનુજન મળી આવશે. માધ્યમિક શાળાનો શિક્ષક કાપ્રેકર, પ્રાથમિક શાળાનો શિક્ષક મ.ના. ખત્રી અને જામનગરમાં છાપાં વેચતા પ્રવીણભાઈ, આ બધા છોટે-રામાનુજન જ છે ને ! આ બધાને ગણિતજ્ઞાન આપણા સંસ્કારમાંથી જ મળ્યું છે. □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૧૫]

કનુભાઈ જાની

મેઘાણીની કલમનું ઉડ્ડાન વિમાનના ટેક-ઓફ જેવું : પહેલાં સપાટી પરની એકધારી નાકની દાંડીની દોટ, એમાં પછી એકાએક ધડધડાટભર્યો જરાક ખચકાટ, બધીયે શક્તિ લગાવી દીધાનો જબરો હુંકાર, એ સાથે જ ઊંચકાવું ને અદ્ધર જવું, ને પછી કોઈ જ ખચકાટ નહિ, ધધડાટ નહિ, રુકાવટ નહિ ! આકાશ હવે આંખમાં ને પાંખમાં. ઉડ્ડાન જાણે સાહસ નથી, આસાન છે. રીતિ ને ગતિ મુઠ્ઠીમાં જો ન હોય તો 'મહિને એક પુસ્તક'નો પડકાર કોઈ લેખક ઝીલે ? ને તે ય નવોસવો ! હજી હમણાં તો કલમ પકડી !

ભલે હમણાં પકડી, પણ ચિત્તે સંસ્કારોનો સંચય પડ્યો છે. માંગતાં જ મલશે એવી આત્મશ્રદ્ધા છે. પરિશ્રમની તૈયારી છે. ભાતભાતના સંસ્કારો - સાહિત્યના ને લોકસાહિત્યના, પ્રવાસના ને ગાનંના, નાટકના ને અભિનયના, બચપણના ને કોલેજના; બાકી હતા તે બંગાળે આપ્યા : બ્રહ્મોસમાજનાં વક્તવ્યોના ને મજૂરોની તળપદી બંગાળીના; બંગસાહિત્યના ને બાળસાહિત્યના. ને, એ કલકત્તાના સ્ટાર થીએટરમાં જોયેલાં દ્વિજેન્દ્રનાં નાટકો પણ કેમ ભુલાય ? સંચયક્ષમ ચિત્ત હતું, સદ્યોગ્રાહ્ય વૃત્તિ હતી, જરાક ક્યાંકથી ઈશારો મળતાં પ્રદીપ્ત થતી સિસૃક્ષા હતી. રવીન્દ્રાવતરણે એ ઝરણું જાગ્યું, ને હવે નાટકો યાદ આવ્યાં.

આરંભનાં એ વર્ષોમાં બંગાળ ને એની કૃતિઓનો પ્રભાવ છે. ૧૯૨૭ સુધીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવશાળી છ કૃતિઓ ('કુરબાનીની કથાઓ', 'રાણો પ્રતાપ', 'રાજારાણી', 'શાહજહાં', 'ડોશીમાની વાતો' અને 'દાદાજીની વાતો'). તે પછી રવીન્દ્ર-કાવ્યો વચમાં વચમાં થતાં રહ્યાં તે, ને છેક ૧૯૪૪માં 'રવીન્દ્રવીણા' બહાર પડ્યું ત્યાં સુધી, નાની છૂટક જૂજ કૃતિઓને બાદ કરતાં, એકેય બંગાળી પુસ્તક હાથ પર લીધું નથી! લેખનદિશા બદલાતી રહી એ પણ કારણ મોટું. લેખનદૃષ્ટિ પણ બદલાઈ. છતાં, ભૌતિક વાતાવરણજન્ય પરિબળો ય લેખનમાં ભાગ ભજવતાં હોય છે. એ સ્વદેશીના આંદોલન વખતે જ કલકત્તામાં હોવું, ને સ્ટાર થીએટર ધમધમતું હોય ત્યારે જ ત્યાં દ્વિજેન્દ્રનાં નાટકો જોવાં, એ સર્જક-ચિત્ત પર અસર પાડ્યા વિના રહે નહિ. (૧૯૨૭માં, 'કૌમુદી'માં - પુસ્તક-૩, અંક-૨, માઘ ૧૯૮૩; પૃ. ૧૦૯ - પાતે નોંધ્યું છે : 'કલકત્તાના સ્ટાર થીએટરમાં એ ભજવાયું... એ નાટકે હજારો પ્રેક્ષકોના પ્રાણમાં દેશાત્મબોધનો મહામંત્ર ફૂંકી દીધો અને તે વખતે બંગાળમાં સ્વદેશી આંદોલનનો જે એક પ્રચંડ વિપ્લવ જાગી ઊઠ્યો, તેની પાછળ 'રાણા પ્રતાપ' નાટકનું જબ્બર ઊર્મિ-બલ અગોચરપણે ઊભું હતું.')

નાનપણથી છેક કોલેજકાળ સુધી, 'રસ' જ નહિ નાટકોની સૂઝ-સમજ-અભિનયપટુતા હતી. સંવાદ-લેખનથી માંડીને હાથસામગ્રી ને મંચસામગ્રી, રંગસજ્જા ને રૂપસજ્જા સુધીની બધી કામગીરીનો અનુભવ હતો. મનમાં થતું : ક્યાં કલકત્તાનું એ થીએટર, એ પરનાં દિલનાં મર્મો સુધી પહોંચતાં દ્વિજેન્દ્રનાં નાટકો, ને ક્યાં આ '૨૨ની સાલનાં - હાલનાં આપણાં ! ધૂમધડાકા, શેર-પ્રાસની પટ્ટાબાજી, હળવા ઠાઠા-ઠીઠી ! એટલે જ, મહિને એક પુસ્તકનો પડકાર ઝીલ્યો કે આ નાટકો યાદ આવ્યાં.

સહેજ હસવું પણ આવ્યું જાત પર! અરે જીવ ! આ 'મહિને એક'ની ગણતરી માંડી છે, પણ જરા વિચાર તો કર ભલા'દમી ! મહિને અઠવાડિયાં ચાર-સવાચાર ! દર અઠવાડિયે ચાર દિ' તો તારા ભાંગે છે બિનસાહિત્યિક ઘસડબોરામાં : સમાચારો મેળવવા-વાંચવા-તારવવા, એ માટે પત્રવ્યવહાર; પછી એ ગોઠવવા ને લખવાની પિંજણ; પછી એ પર વિચારો ને વરતારા; નોંધો, લેખો ને અગ્રલેખો - એ ય છાપાંની માનેલી 'પોલિસી' પાળીને ! આ બધું ય કેવળ પ્રાસંગિક. હમણાં લખો, રાંધો; ને સાંજે ઊતરી ગયું હોય ! અઠવાડિયે સોમ-મંગળ-બુધ-ગુરુ ચાર દિ' આવા લેખનમાં વહેવડાવી દેવાના ! મહિને સોળ 'દિ થ્યા ! સોળ દિ'નું 'રૂટીન', 'ઘરેડની ઘાણી ! 'હવે અઠવાડિયાના જે ત્રણ દિ' બાકી રહ્યા, એ દોસ્ત, તારા ! એમાં કરો પ્રવાસ ! કરો વાચન ! કરો સર્જન ! આવા માંડમાંડ બાર-ચૌદ દિ' મળે એમાં લખો એક પુસ્તક ! લખો ! લખો ! ઘરની વાત તો કરશો જ મા ! હા, જરૂર પડ્યે બધું જ ઘરકામ કરવાનું. સાસુ-વહુનાં મન ઊંચાં થયાં હોય તો બધું ઠીકઠાક કરવાનું જ વળી ! કપડાં ય ધોવાનાં જરૂર પડ્યે. બાળકના ઉછેરમાંય હારોહાર રહેવાનું જ. એ તો ગૃહસ્થીની પહેલી ફરજ - પેલા ચાર દિ' ઘેર હોઈએ ત્યારે.

આ ચોખવટ જરૂરી છે. પેલી ચેલેન્જની સ્થિતિમર્યાદાનો ખ્યાલ આવ્યો ? આ બધાંની વચ્ચે ચાલતું ચિત્ત કેવું વિદ્યુત્વેગી હશે ? સબળ સિસૃક્ષા. 'મહીં દીવો છે જ સાબદો; એ છેહ ન જ દે' એવો અડગ આત્મવિશ્વાસ. એ આત્મબળ પર મેઘાણી ચાલ્યા છે. તે યં કેવળ સ્વાન્તઃસુખાય નહિ, પર હિતાર્થે પણ. એ અરસામાં આપણી ધંધાદારી રંગભૂમિની પડતી દશા, અને બિનંધંધાદારીને અનુરૂપ સારાં નાટકો ન મળે ! ત્યારે મેઘાણીને થયું :

'નાટકોનાં પાત્રોને મુખે તીખા તમતમતા શૅરો બોલવાની ને વાતચીતમાં પણ પ્રાસાનુપ્રાસ ઠોકી બેસાડવાની આદત આપણા નાટ્યકારોને બહુ પડી છે. બીજી ઘણીયે આદતોએ આપણી લોકરુચિને વણસાડી છે. કોઈ ગુજરાતી નાટ્યકાર દ્વિજેન્દ્રની કળાને ધીરજથી તપાસે તો સારું.'

(નિવેદન; 'રા. પ્ર.'; ૨૧-૭-૨૩)

પણ 'કોઈ'ને ગોતવા ક્યાં જવું ? થયું : હા, આપણે જ હાથ પર લો. ક્યું નાટક લઈશું ? ઝાઝું વિચારવાનો સમય ક્યાં હતો ? તરત સૂઝ્યું : 'રાણો પ્રતાપ'. (બંગાળી નામ 'પ્રતાપસિંહ') પાત્રો બધાં ઈતિહાસનાં નથી ! ન હોય ! મહેર, દૌલત ને ઈરા ત્રણેય કલ્પિત ! પણ કેવાં સ્મરણમધુર ! દ્વિજેન્દ્રનો પત્નીવિરહ, એમનું જ સ્મરણ જાણે રમણે ચડ્યું ! નાટકમાંનાં પુરુષપાત્રોના સત્ત્વને પ્રગટાવનાર શક્તિ સ્ત્રી ! પ્રતાપને પુત્રહત્યાથી ઉગારે લક્ષ્મી, પોતાનો જીવ આપીને; શક્તને ભૂલ સમજાવી સાચે રાહે ચડાવે દૌલત, જીવ આપીને; અકબરને પ્રતાપ પ્રત્યે કૂણો કરી એને આવકારતો કરે મહેર; પૃથ્વીરાજને ખુશામત છોડાવે જોશીબાઈ, જીવ આપીને; સલીમ અને માનસિંહને માંહોમાંહ્ય કપાઈ મરતાં બચાવે રેવા, વચમાં પડીને. અલબત્ત, નાટકનાં આ છમાંથી ચારને તો શહીદી આપી ! એ કેમ ગમે ? દૌલતનું મૉત કોને નહિ ખટકે ? જોશી ને લક્ષ્મી વળી નાટકીય ઢબે ગયાં ! ઈરા કાચી વયે માંદગીમાં ! દૌલત પરાક્રમ કરીને. રેવા તો પરણી ગઈ ! પણ મહેરુન્નિસા ? એ ભલેને કહે, 'આજે હું આ નાટકના તખ્તા પરના શોરબકોરમાંથી ખસી જાઉં છું - ચૂપચાપ એકાન્તમાં...' પણ આખાય નાટકને અંતે, પડદો પડ્યા પછીના એકાન્તને એ આવરી લે છે ! આખરે તો એ એકાન્ત જ ભરાવું જોઈએ ને ? - ભાવથી, રસથી, મર્મથી. દૌલત ને શક્તનો કેવો અમર પ્રેમ ! એ છોને રહી કલ્પના, 'પણ ઉસ પારનું તો એ જ સત્ય... સૌન્દર્ય જ સત્ય.' (નિવેદન) અને 'પ્રજામાં દેશાત્મબોધનો મહામંત્ર' ફૂંકવાની કેવી એ નાટકની તાકાત ! ના, નાટકકારની તાકાત. સોળ વરસના ઘરવાસ પછી પત્ની અચાનક અવસાન પામતાં, બહારથી હસતા રહી, માંહેથી સતત સ્મરણ-રટણ ! શેષ જીવનનો એક દસકો વૈધવ્યવ્રતઃ સાબુ-તેલ પણ ત્યાજ્ય ! પુત્ર-પુત્રીને વાત્સલ્ય; ને એકાન્ત-વેદનાને રૂપ આપ્યાં નાટકોમાં ! 'પ્રતાપસિંહ', 'મેવાડપતન',... 'શાહજહાં'... એ નાટકોનાં નારીપાત્રોમાં એ પ્રેમ ઢળ્યો ! પુનર્લગ્નની વિનંતીઓમાં ન પલળ્યા. તાજમહાલ કહેવાય છે ને થીજી ગયેલું પ્રેમાશ્રુ ? સંગેમરમરનું ''પ્રસ્તરીભૂત પ્રેમાશ્રુ' ! આ નાટકોય-પ્રેમાશ્રુ, પત્નીશ્રાદ્ધ, વિરહાશ્રુ. 'ભાવોનો પ્રચંડ વેગ, તખ્તાની પૂરી સમજ, તેજીલી કટાર સમી એ ક્ષત્રિયાણીની મૂર્તિઓ,... સંયમહીનોની કલમમાં એવો જોશ કદી જન્મ્યો નથી. ને ભારતને આજે એવા બળશાળી લેખકોની જરૂર છે.' (નિવેદન) આ મનોવૃત્તિ કામ કરી ગઈ.

ત્યારે અનુવાદોની ભરમાર હતી. છતાં આ નાટક જરૂરી હતું બે દૃષ્ટિએ : રાષ્ટ્રિય ભાવનામાં બળ પૂરવા ને સાથોસાથ સ્નેહત્યાગના સનાતન લલિત ભાવો ખાતર; તથા સુંદર અભિનેય નાટકના નમૂના લેખે.

ને પસંદગી પર પછી તો વિવેચકોએ મહોર મારી. પાઠકસાહેબ જેવાએ હોંશભેર વધાવ્યું. 'યુગધર્મ'માં (કારતક ૧૯૮૦, પુ. ૩, અં. ૨; પૃ. ૧૪૮) લખ્યું : 'આવે સમયે (જ્યારે પરદેશી સામ્રાજ્ય સામે મહાત્મા પડકાર ફેંકે છે ત્યારે) ભારતસમ્રાટ અકબર સામે એકલા હાથે ઝઝૂમનાર... પ્રતાપસિંહનું અદ્‌ભુત ચરિત્ર આલેખતું આ નાટક પ્રસિદ્ધ થયું તે યોગ્ય છે.' નોંધવા જેવી એક નાનકડી વિગત : આ જ વસ્તુથી ગુજરાતી ઐતિહાસિક નાટક આરંભાયું હતું. ગણપતરામ રાજારામ ભટ્ટે ઈ.સ. ૧૮૭૩માં 'પ્રતાપનાટક' આપેલું. બંગાળી નાટકના અનુવાદનો આરંભ કરી આપેલો નારાયણ હેમચન્દ્રે 'અશ્રુમતી'થી; પણ બંગાળી અનુવાદ છતાં અભિનેય નાટક આપ્યું તે મેઘાણીએ. આ સિવાયનાં, આ પૂર્વેનાં, અનુવાદિત નાટકોમાં યાદ કરવા જેવાં 'મિથ્યાભિમાન' અને 'ભટનું ભોપાળું.'

મેઘાણી પાસેથી સળંગ નાટકો ત્રણ જ મળ્યાં, ને એ ત્રણે ય આ ગાળાનાં જ – 'રાણો પ્રતાપ', 'રાજારાણી' અને 'શાહજહાં.' આ ત્રણમાંથી બે તો દ્વિજેન્દ્રનાં. મેઘાણીના અંતરમાં દ્વિજેન્દ્રનું સ્થાન હતું. એટલે દ્વિજેન્દ્રને ય ઝડપથી યાદ કરવા જ રહ્યા. જોકે દ્વિજેન્દ્ર રાયને આપણે, ભક્તિસંગીતરત ચિન્તક યોગી દિલીપકુમાર રૉયના પિતા તરીકે પણ જાણતા તો હોઈએ જ.

૧૮૬૫માં બંગાળમાં મીઠો કંઠ અને વિદ્વત્તાથી જાણીતા દીવાન કાર્તિકેય-પ્રસન્નમયીનું પાંચમું સંતાન દ્વિજેન્દ્ર. (કુલ સાત ભાઈ, એક બહેન) રોગ ને અકસ્માતોની પરંપરાએ જાણે એ બાળકનો પીછો પકડ્યો ! શિશુકાળે પછડાયા ને હોઠે ખોડ; પછી પાછા બચપણમાં પડ્યા ને પગે; પાંચ વરસના હતા ને ક્રૉનિક-મલેરિયા ઘર કરી ગયો. ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા. ક્વિનાઈનના ફાકડે-ફાકડા નાકામિયાબ બન્યા. હાડચામનો માળો ! મોંમાં ચાંદાં, નાકમાંથી લોહી. વૈદો કહે 'હવાફેરથી ફેર કદાચ પડે તો પડે.'


મામાને ત્યાં હવાફેરે લઈ ગયા; એ ઘર સાવ જાહલ, પડુંપડું થઈ રહેલું. એક વાર તો લાગ્યું કે હવે હમણાં જ પડશે. તરત પાલખી બોલાવી, મહીં દ્વિજેન્દ્ર ને પ્રસન્નમયીમા વગેરે. પાલખી ભોઈઓએ ઊંચકી ત્યાં જ, જાણે એની જ વાટ જોતું હોય એમ ઘર પડ્યું ! એક પોસ્ટઑફિસના મકાને આશરો મળેલો, ત્યાં પહોંચ્યા ને પાલખીએથી ઊતરતાં જ માતાનું ધ્યાન ગયું - બાળક

દ્વિજેન્દ્રની જોડાજોડ ગૂંચળું વળીને કાળોતરો પડેલો ! બચ્યા !


આ વેદનાએ વાણી આપી હશે ? કે પાછળ પડેલી નિયતિની ફડકે ? કોણ જાણે ! પણ નાનપણથી કવિતા કરે. પિતા પાસે ત્યારના મોટામોટા સાહિત્યકારો આવે : વિદ્યાસાગર, બંકિમચન્દ્ર, દીનબંધુ મિત્ર, કવિ નવીનચન્દ્ર સેન જેવા. બાળ દ્વિજેન્દ્રનું મીઠું ગળું ને કવિતા પણ કરે; એટલે એને પાસે બેસાડે-સાંભળે. ભણવામાં ય તેજસ્વી. અત્યંત મેધાવી. એકવાર અંગ્રેજીની પરીક્ષા ને પ્રોફેસર રો નામે અંગ્રેજે પેપર તપાસ્યાં. તાજુબ ! પૂછ્યું, 'કોણ છે આ ? આવું ફક્કડ ને ગરવું તો કોઈ અંગ્રેજી બાળક પણ ન લખી શકે'. ૧૮૮૨માં ૧૯ની વયે અંગ્રેજી સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવી બી.એ. થયા; બે વર્ષ બાદ એ જ રીતે એમ.એ. બંગાળી ઉપરાન્ત સંસ્કૃત-અંગ્રેજી વાચન વિશાળ. બારથી સત્તરની ઉંમર વચ્ચે લખેલાં કાવ્યોનો સંગ્રહ ૧૮૮૨માં પ્રસિદ્ધ થયો, ત્યારથી સાહિત્યક્ષેત્રે જાણીતા થયા. ૧૮૮૪ની સાલમાં કૃષિવિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ સહિત વિલાયત જવાનું નિમંત્રણ સરકારે આપ્યું. ગયા. ત્રણ વર્ષ રહ્યા. ત્યાંથી લખેલા પત્રો સુંદર છે. કૃષિપારંગત તો થયા જ, વધારામાં ફ્રેન્ચ શીખ્યા. અંગ્રેજીમાં તો કાવ્યો કરતા. 'Lyrics of Ind' સંગ્રહ પ્રસિદ્ધ થયો. એ ત્રણ વર્ષના ગાળા દરમિયાન જ પિતા અને માતા બન્નેનાં અવસાનના આઘાતો પણ ઝીલ્યા. લંડનમાં નાટકો જોયાં. અભિનયકળા ને રંગમંચસજાવટ સહિત નાટ્યશાસ્ત્ર જાણ્યું. એક વિદુષી અંગ્રેજ યુવતી એમના તરફ ખેંચાયેલી; એણે લગ્ન પ્રસ્તાવ મૂક્યો; 'આપ શુદ્ધ મિત્રો છો, ને એવાં જ રહેશો' કહીને સવિનય એનો અસ્વીકાર કર્યો. ત્રણ વર્ષ વિલાયત રહી, દેશ પાછા ફર્યા. સમાજનો હઠાગ્રહ હતો : પરદેશગમનનું પ્રાયશ્ચિત્ત કરો. એની સામે અડગ રહ્યા : નહિ જ નહિ ! સ્વમાની ને ગરવા. અને પાછા દેશદાઝવાળા. એવાનું, એ કાળે, સરકારી નોકરીમાં શું થાય ? એ જ થયું : બદલીઓ ને તાવણી. ૧૮૮૭માં સુરબાલા સાથે લગ્ન. અત્યંત મધુર ગૃહજીવન રહ્યું. નાટકો ને કાવ્યો અવિરત લખાતાં રહ્યાં. પણ આ સુખ પણ જાણે નિયતિને મંજૂર નહોતું ! સોળ જ વર્ષનું પ્રસન્નદામ્પત્ય આપી, સુરબાલાને ઉપાડી લીધી ! પછીનો દસકો સ્મરણ-રટણ, બે બાળકોનો ઉછેર, ને કોઈ આદર્શ પ્રેમીની વિધુરાવસ્થા ! 'ભારતવર્ષ' માસિક, 'ઇવનિંગ ક્લબ' જેવી



ડાબી બાજુ છેડેથી • બંગાળી લેખક દ્વિજેન્દ્રલાલ રાય તથા તેમની બે નાટ્યકૃતિઓના મેઘાણીએ કરેલા અનુવાદોનાં મુખપૃષ્ઠ







મેઘાણી અને અમૃતલાલ શેઠ

મુખમાં ગીત છે. મુખ્ય વસ્તુપ્રવાહમાં આ બાબતો અનિવાર્ય નથી; પણ ભાઈ માનસિંહ રેવાના લગ્નનો ઉલ્લેખ (પૃ. ૩૯ : ૧૯૫૬) કરે છે ને બીજે પણ આ લગ્નની વાત ડહોળાતી રહી છે; એટલે છોડવાની કોઈ જરૂર નહોતી.

(૨) ચોથાનો છઠ્ઠો પ્રસંગ જોડવાની શી જરૂર હતી ? એ ઘટના ચોથા અંકના સાતમા પ્રવેશમાં ઉલ્લેખાઈ તો છે જ : જોશીની આત્મહત્યા વિશે પૃથ્વીરાજ પ્રતાપને કહે છે, 'ખુશરોજના મેળામાં મારી એ પત્નીને નોતરું આવ્યું; એની મરજીવિરુદ્ધ મેં એને ત્યાં મોકલી. છેવટે ઘેર પાછાં આવીને આખા ક્ષત્રિય દાયરાની સમક્ષ પોતાની છાતીમાં કટાર ભોંકીને એણે પ્રાણ કાઢી નાખ્યા.' મેઘાણીએ આનો અલગ પ્રસંગ રચીને નાટકમાં જોડ્યો છે. નથી એ સુરુચિકર કે નથી નાટકમાં સુબદ્ધ. મેઘાણીના આ પ્રવેશમાં જોશી કહે છે, 'ગઈ હતી લાજઆબરૂ લઈને, પણ પાછી આવી એ ખોઈને.' (૧૯૫૬ : ૧૭૪) જ્યારે મૂળમાં પૃથ્વીના કથનમાં (૧૯૫૬ : ૧૮૧) કે આગળની (અં. ૪, પ્ર. ૩) વિગતમાં એમ નથી. 'આલિંગન કરવાને માટે' પુરુષે 'કાંડું પકડ્યું' (૧૯૫૬ : ૧૬૧) ત્યારે 'કટાર મારી સાથે ન હોત તો' (૧૯૫૬ : ૧૬૦) પોતે શિયળરક્ષા ન કરી શકત, એમ છે ?

(૩) મૂળના ચોથા અંકનો જે સાતમો પ્રવેશ છોડ્યો તેમાં તો, પત્નીબલિદાને, પ્રતાપપક્ષે જતો ચારણ પૃથ્વી રાષ્ટ્રભક્તિનું એક ગીત ગાય છે. એ ગીત પણ કાવ્યગુણવાળું નથી. આ ફેરફાર રસદૃષ્ટિએ આવકાર્ય.

પ્રવૃત્તિઓ ખરી. કાવ્યો-નાટકો ય ખરાં. પણ ભીતરનો પ્રેમ નાટકનાં નારીપાત્રોને મળ્યો. ત્યાં પાંગર્યાં સ્નેહગરવાં ને પુરુષને પ્રેરતાં-દોરતાં નારીપાત્રો. ૧૯૧૩ના મેની સત્તરમીએ, માંડ અડતાલીસેકના આયુમાં, એ કાવ્ય-નાટ્ય-ગીતના લયબદ્ધ ધબકાર શમી ગયા. પણ સૂર શમ્યે, રણકાર ચિત્તમાં રણઝણ રણઝણ રમે ! ક્ષર પડ્યે, અક્ષર તરે : ચૌદેક નાટકો, છ પ્રહસનો, સાતેક કાવ્યસંગ્રહો ! બધાનાં નામો સાથે આપણે ક્યાં હાલ નિસબત છે ? 'પ્રતાપસિંહ' ને 'શાહજહાં' બે નાટકો મેઘાણીને કારણે આપણા સુધી પહોંચ્યાં. 'પ્રતાપસિંહ'માં તો પોતે જ શક્તનો અભિનય આપેલો. એ નાટક ૧૯૨૩માં મેઘાણીએ આપ્યું.

શું કર્યું છે એમણે ? એમને જાણવા ઇચ્છનારે એમનાં કાર્યોને પણ જોવાં-જાણવાં પડે. જાણતાં જઈએ, જોતાં જઈએ. બંગાળી ને ગુજરાતી બન્ને ભાષા એવી સહજસિદ્ધ છે કે ગુજરાતી કૃતિ અનુવાદ છે એની ખબરેય ન પડે. મૂળ સાથે સરખાવીએ : મૂળના ૩૮ પ્રવેશોના ૩૭ કર્યા. મૂળના પહેલા અંકનો પાંચમો પ્રવેશ છોડ્યો; તો, ચોથાનો છઠ્ઠો પ્રવેશ ગાંઠનો જોડ્યો ! મૂળના ચોથાનો સાતમો પ્રવેશ છોડ્યો; તો, બીજા અંકના બીજા-ત્રીજા પ્રવેશો ઊલટા-સૂલટી કરી નાખ્યા ! આ ચાર તો મોટા ફેરફાર. કેમ કર્યા ? વિચારીએ.

(૧) પહેલા અંકનો જે પાંચમો પ્રવેશ છોડ્યો, તેમાં રેવાના લગ્ન-બાબત એનાં માતપિતા વચ્ચે મતભેદ હોવાની વાત એક પરિચારિકા કરે છે. એમાં થોડીક હળવાશ છે ને આરંભે રેવાના

(૪) રહી વાત બીજા અંકના બીજા-ત્રીજા પ્રવેશોના ક્રમ પલટી નાંખવાની. આ તો સરતચૂક લાગે છે. પ્રસંગ એવો છે કે સવારે ભાઈ સલીમને મળતી બહેન મહેરુન્નિસા એને યુદ્ધ છેડવા સમજાવે છે. (૧૯૫૬ : ૬૯-૭૦) એટલે બપોરે સેનાપતિ માનસિંહને આ વાત કરવા એ એની પાસે પહોંચી જાય છે. કાળક્રમ જોતાં પ્રવેશક્રમ પલટી શકાય એમ નથી. કદાચ જાણીને આમ નહિ જ કર્યું હોય; હસ્તપ્રતમાંની કે મુદ્રણવેળાની સરતચૂક હશે ?

અનુવાદ સરસ છે. ફેરફારનો નિર્દેશ નિવેદનમાં જરૂરી હતો. ક્યાંક ભાવને ઘટ્ટ કરીને મૂકે છે ! નાટકમાંના નરેશોનું આગળ-પાછળનું વર્તન જોતાં, બિકાનેરનરેશની મોઢામોઢ એમની પત્નીની મશ્કરી થાય એ ચિત્ર અતિઘેરું લાગે છે. ગીતો પહેલી આવૃત્તિમાં નહોતાં; બીજીમાં ઉતાર્યાં. એકમાં મૂળનો ભાવ સાદ્યંત સરસ ઉતારાયો, પણ છેલ્લે એક પંક્તિ ઉમેરી :

'મારા દેવળમાં પડઘા પડે,
મારો ક્યાં હશે દેવળનાથ ?'

પણ છેલ્લે જ્યાં આશા હતી, ત્યાં નિરાશાનો સૂર ! મૂળમાં છે :

'નિરવધિ કાલ હય ત કખન ભુલિબ સે ભાલબાસા;
બિપુલ જગત હાયત કથાઓ મિટિબે આમાર આશા ?'

મેઘાણીએ ઉમેર્યું :

'રે દેવા પ્રતિના દોહ્યલા દંડ.'

ક્યાંક ચોખવટ ખાતર વિસ્તાર કહે છે : શક્ત-પ્રતાપ બે ભાઈઓની લડાઈમાં વચ્ચે પડતો પુરોહિત કહે છે :

'એ કિ ! ભ્રાતૃદ્વંદ્વ ! ક્ષાન્ત હઓ.'

મેઘાણીમાં છે : (પૃ. ૨૮)

'ખબરદાર ! ઈશ્વરની આણ !... આ તે શું માંડ્યું છે ? ભાઈ-ભાઈનું ધીંગાણું ?! ધીરા પડો, અરે ધીરા પડો !'

મૂળમાં પ્રતાપ સૈનિકોને હાકલે છે :

'શૂરવીરો ! સહુ પોતપોતાનાં માવતર સામું જોજો !'

એ મેઘાણીની જ હાકલ છે ! (પૃ. ૧૦૦)

મૂળમાં છે :

'મોગલેર-સંગે કોનરૂપ સંબંધસૂત્રે બદ્ધ હબો ના.'

અનુવાદ છે :

'જીવશું ત્યાં સુધી તો શું પણ વંશપરંપરા સુધી,
જીવ જાય તોયે ગુલામી નહિ કરીએ.' (પૃ. ૪)

ક્યાંક એકાદા શબ્દ છૂટી જાય એ ય અનર્થ કરે. પાન એકસો નેવુ પર કિલ્લેદાર શક્તને ખબર આપે છે કે મોગલસૈન્યે.

'કિલ્લાની પૂર્વ દિશાની દીવાલ, જે સૌથી મજબૂત'

તેની ઉપર આક્રમણ કર્યું છે; ત્યાં 'સૌથી મજબૂત'ની વચ્ચે મૂળમાં 'કમ' શબ્દ છે તે અહીં જ કમ થઈ ગયો ! પાન એકસો એકવીસ (૧૯૫૬) પર :

'ઈન્સાફથી જે થઈ શકે.'

ત્યાં, મૂળમાં 'મનુષ્ય' શબ્દ છે; એટલે લેખકે 'ઈન્સાન' શબ્દ લખ્યો હશે. મુદ્રણરાક્ષસ પણ આમ પોતાની કમાલ મહીં બતાવે ને ? (પૃ. ૧૪૫ 'ઘુમાટી'ને સ્થાને 'ઘુમાટી' જોઈએ. 'નવમો પ્રવેશ' છે ત્યાં 'સાતમો' જોઈએ.

આવું થોડુંક છે; પણ એ બાદ કરતાં અનુવાદ મૂલાનુસારી ને અત્યંત આસ્વાદક છે. મૂળની સંસ્કૃતપ્રધાન ભાષાને મેઘાણી બહુ સૂઝપૂર્વક તળપદી બોલચાલની ગુજરાતીમાં ઢાળે છે. ગૃહશૂન્ય, અપત્યકા, દુર્ગાધિપતિ, મંત્રણાકક્ષ, કપર્દક, પ્રતિશોધ, તૃણશય્યા, બર્બર, ઉત્તરાધિકારી, ધર્મ, અપરાહ્ન, એવા શબ્દોને સ્થાને (ક્રમાનુસાર) ખંડેર, ખેતર, કિલ્લેદાર, મસલતઘર, દુકાની, વેરની વસુલાત, દર્ભની પથારી, જંગલી, વારસ, ઈમાન, બપોર જેવા શબ્દો યોગ્ય રીતે યોજાયા છે. ભાષાપ્રયોગો પૂરા ગુજરાતી થઈને બહુ સહજ રીતે વહે છે.

બંગાળીનું 'કિસેર ભાવના ?' ગુજરાતીમાં બને 'ઉચાટ વળી શાના ?' (૯૧) પ્રતાપનો ઘોડો 'નીલ' ને ધજા 'લોહિત'; થાય 'આસમાની' 'ભગવી' (૧૦૧) મહેર પેલી દોલતની મશ્કરી કરે છે કે એકવાર એ (શક્ત) આવશે, ...ને પછી લગ્ન ! ને પછી 'જવનિકાપતન'; ત્યાં અનુવાદમાં છે 'ખેલ ખલાસ !' આવી સૂઝ તો પાનેપાને દેખાય છે. ત્યારે ભલે દેશદાઝને કારણે ઊતરી આવી હોય, આજે ય હોંશથી વાંચવી ગમે એવી કૃતિ થઈ છે. પ્રેમની સનાતન લીલા આલેખાઈ છે – હૃદયંગમ રીતે.

આ તો બંગાળીના શબ્દસંપર્કનું ગુજરાતી પરાવર્તન. તો, જે પછી એમનું જીવનકાર્ય 'મિશન' થઈ ગયું એ લોકસાહિત્યનું (એમાંનો 'સાહિત્ય' શબ્દ અનુચિત હોવાથી હું જેને 'લોકવાઙ્મય' કહેવું પસંદ કરું છું તેનું), એટલે કે જેના પ્રત્યે ૧૯૨૦-૨૨ સુધી તો લગભગ દુર્લક્ષ જ સેવાયેલું તેવા તળપદા લોકજીવનના જિવાતા શબ્દસમ્પર્કનું પરિણામ તો એવું અદ્ભુત આવ્યું કે એની કથા, આપણા પ્રજાજીવનના સાંસ્કૃતિક ઇતિહાસનું એક, સદાનું, સ્મરણરમણીય પ્રકરણ બની ગયું છે. વાગોળવું ગમે. એ કથા રસિક છે. પુસ્તકોમાં ને કલ્પનામાં છે કે હોય તે કરતાં ક્યાંય વધુ રસિક ને વિસ્મયકારક કથાઓ તો જિવાતા જીવનમાં છે ! લખાતી ને છપાતી-સ્થપાતી ભાષા કરતાં તો ક્યાંય વધુ બળકટ ભાષા તો બોલવામાં વપરાતી હોય છે. મેઘાણી કહે છે : 'જ્યાં જ્યાં જીવનની મહત્તા ત્યાં ત્યાં કવિતા.' ('રસધાર-૧'; નિવેદન) એ કામે મેઘાણી કેવી રીતે ચડ્યા ?

હડાળા-દરબારશ્રીની પાસેથી ગીતો-વાતો સાંભળેલાં એ ખરું. એમાંની ચાર વાતો છપાઈને એટલી વખણાઈ કે એથી ચાનક ચડેલી એ ય ખરું. પણ એ કામ પર ચડી જ જવું પડે, એવી ફરજ તો પાડી અમૃતલાલભાઈએ. તા. ૧૧-૧-૧૯૨૯ના પ્રા. રામચન્દ્ર શુકલ પરના પત્રમાં કહે છે : 'મને ચાનક ચડી. પછી તો થોડા મહિના ગયા. ઓચિંતા 'સૌરાષ્ટ્ર'ની નવી ભેટ તરીકે 'રસધાર' આપવાની જાહેરાત, મારી ગેરહાજરીમાં, અમૃતલાલભાઈએ કરી નાંખી' પછી 'કામ જોરથી ઉપાડ્યું.' ('મેઘાણી : સ્મરણમૂર્તિ', ભાવ., ૧૯૮૭; પૃ. ૫-૬) પ્રવાસો ને પ્રયોગો. ત્યારે ગુજરાત વિદ્યાપીઠનું મહાવિદ્યાલય ભૂલાભાઈ કૉલોનીમાંના આગાખાન હૉલ નજીક હતું, ત્યારે ત્યાં પણ ગીતો-વાર્તા માંડતા. ત્યાં, સદરાની વકાલત છોડીને તાજા જોડાએલા રામનારાયણ વિ. પાઠક. એમને પોતાને પણ એ ક્ષેત્રે જીવંત રસ ને મેઘાણીને પોરસાવે. કાકાસાહેબ પણ. એમ, પ્રવાસોથી કથા મેળવાતી ને પ્રયોગોથી કેળવાતી હતી.

એમાં, અમૃતલાલભાઈની જાહેરાતને વળતે જ દિ' એક અકસ્માત થયો. માધવદાન ગઢવી 'સૌરાષ્ટ્ર'માં જોડાયા. વાતોનો જાણતલ એક સાથી મળ્યો. ને બીજાઓનો સમ્પર્ક પણ હતો. પણ, પેલું કહે છે ને કે વાર્તા, વિદ્યા ને ગંધ ત્રણ તો, પાણી પર તેલ ફેલાય એમ પ્રસરી જાય. સંસ્કૃત સુભાષિત છે ને ? – 'વાર્તા ચ કૌતુકકરી...' –

વાર્તા કુતૂહલભરી, વિમલા ચ વિદ્યા,
મૃગનાભિની કંઈ અલૌકિક ગંધ મીઠી,
જયમ તૈલબિન્દુ વણફેલ્યું રહે જલે ના,
આ એમ એ પણ ત્રણે સ્વયમેવ ફેલે !

વાર્તા વણપાંખે ઊડે ! એમ જ ઊડતી રહી છે ને વણથંભી 'રસધાર' ?

(ક્રમશઃ)

કુન્તીવ્રતા

— વિનોદ અધ્વર્યુ —

(ટોળાના અવાજો. સ્ત્રીપુરુષોના મિશ્ર–બને તો બાળકોના. તેમાં આક્રોશ–વેદના–આગ્રહ વગેરે. વચ્ચે વચ્ચે કોઈ કોઈ અવાજ અલગ અલગ લય-સૂર-સમક-આરોહ અવરોહ-ઉચ્ચારણ ગતિ હોય. આવા જ ધ્વનિઓ વચમાં ફરીથી આવે ત્યારે એકના એક જ ધ્વનિમુદ્રણનું પુનરાવર્તન ન હોય. થોડીક સેકંડો પછી કોઈ દૂર જતા ટોળાના અવાજો હોય તેમ 'Fade out' થાય.)

સોમેન : કૃષ્ણા, શા વિચારમાં ખોવાઈ ગઈ છે?

કૃષ્ણા : સોમેન, સોમેન... મને... મને કોઈક અવાજો સંભળાય છે.

સોમેન : અવાજો? કોના અવાજો? કેવા અવાજો?

કૃષ્ણા : અવાજો... ટોળાના... પોકારોના... જાણે કોઈ આંદોલનના... સરઘસના...

સોમેન : મને તો કંઈ સંભળાતા નથી!

કૃષ્ણા : પણ મને તો સંભળાય છે. જાણે રસ્તા પરથી કોઈ ટોળું... સરઘસ... પોકારો કરતું જઈ રહ્યું છે! *(અવાજો)*

સોમેન : ટો...ળું? સ...ર...ઘ...સ...? આમ આવ. જો આ બારીમાંથી. છે કોઈ ટોળું રસ્તા પર? અરે ખાસ અવરજવર પણ જણાય છે?

કૃષ્ણા : હા, કોઈ દેખાતું નથી. છતાં... છતાં સોમેન, મને હજી સંભળાય છે... સાંભળ... સાંભળ એ શું પોકારે છે તે–

અવાજો : (*Echo*) 'અમારે નથી જનમવું.'
'અમને જનમાવ્યા શું કામ?'
'અમને આવું જીવન આપવાનો તમને શો અધિકાર ?'
'નથી જીવવા માગતા અમે રોગિષ્ટ ને વિકલાંગ જીવન.'

કૃષ્ણા : સાંભળ્યા? સાંભળ્યા ને? *(અવાજો)*

સોમેન : મને તો કશું ય સંભળાતું નથી. કૃષ્ણા, આજે તને થયું છે શું?

કૃષ્ણા : જો સાંભળ પેલો શું કહે છે તે.

એક અવાજ : (*Echo*) તમે... તમે જ અમને આ શાપિત અવતાર આપ્યો.

બીજો અવાજ : (*Echo*) તમે જ આપ્યો છે આ વિકરાળ વારસો...

બન્ને અવાજો સાથે : (*Echo*) તમે... તમે...જ તમે...જ (*Fade out*)

કૃષ્ણા : *(જાણે તેને જવાબ આપતી હોય તેમ)* અમે?...અમે...? અમે?...

સોમેન : *(તેને ઢંઢોળતો હોય તેમ)* કૃષ્ણા...કૃષ્ણા... આ શું બકે છે તું? કોને કહે છે?

કૃષ્ણા : *(તંદ્રામાંથી જાગી હોય તેમ)* ઓહ... સોમેન... એ કોણ હતું?

સોમેન : અરે કોઈ ન હતું! કઈ ભ્રમણામાં છે તું? બેસ. અહીં બેસ. લે. પાણી આપું... હં... હવે સ્વસ્થ છે ને? હવે સંભળાય છે કાંઈ?

કૃષ્ણા : ના. મને લાગે છે કે એ લોકો ચાલ્યા ગયા.

સોમેન : ગયા ને? અચ્છા, પણ એ કોના અવાજો હતા?

કૃષ્ણા : માણસોના... જાણે... જાણે... આવતાં વર્ષોમાં અવતરનાર માણસોના, આજથી વર્ષો પછી અવતરી ચૂકેલા માણસોના... શાપિત... ત્રસ્ત... વ્યાકુળ... રોષે ભરાયેલા... આવતી પેઢીનાં લોકોના... હજી... હજી મારા મનમાં પડઘાય છે. *(અવાજો)*

એક અવાજ : (*Echo*) તમે તમે જ જવાબદાર છો... ગુનેગાર છો... પાપી છો.

સોમેન : હેં?! એ વળી શું? તારું મગજ તો ઠેકાણે છે ને? એમાંથી આ ટોળાં શી રીતે નીકળી પડ્યાં?

કૃષ્ણા : કહું? એ બધાં જાણે અર્ધમૃત જેવાં માણસો હતાં... ભવિષ્યનું કોઈ કબ્રસ્તાન ઊઘડ્યું હોય એવાં. બધાંય રુગ્ણ... ગંભીરદર્દથી પીડાતાં... આ શું સોમેન?

સોમેન : કલ્પનાની ભૂતાવળ, બીજું શું? કૃષ્ણા, તારી કલ્પના છે સરસ. ભૂતિયા વાર્તા સરસ થાય!

કૃષ્ણા : ના સોમેન, જાણે આગામી પેઢી આપણી સામે ફરિયાદ કરી રહી છે.

સોમેન : ફરિયાદ? આપણી સામે? શેની ફરિયાદ?

કૃષ્ણા : કે આપણી રુગ્ણતાએ, ભોગવૃત્તિએ, ને આપણી બેકાળજીએ, અજ્ઞાને, જ એમને આવો શાપિત જન્મ આપ્યો છે...

સોમેન : નોન્સેન્સ.

કૃષ્ણા : *(અગાઉની ઉક્તિ ચાલુ)*... આપણે જ એમણે કરુણ વ્યાધિગ્રસ્ત જીવન જીવવાની ફરજ પાડી છે. જે હજી નથી જન્મ્યાં તે કહે છે કે તેમને આવો અભિશાપ લઈને નથી અવતરવું.

સોમેન : કૃષ્ણા, પ્લીઝ રિલેક્સ. એમ કર. લે, આ ટ્રેન્ક્વિલાઈઝર લઈ લે.

કૃષ્ણા : સોમેન, એથી શું વળશે? એ તો મનના ઉદ્વેગને માત્ર દબાવી દે, શમાવે નહીં. મારે તો આ ઉદ્વેગને શમાવવો છે. ને તે માટે મનને ખાલી કરવું પડશે. મને લાગે છે કે મારે આજે તારી સાથે મન ખોલીને વાત કરી દેવાનું સાહસ કરવું જ જોઈએ...

સોમેન : આજે? સાહસ? આ બધું કંઈ સમજાતું નથી.

કૃષ્ણા : સોમેન, આવા અવાજો મને આ પહેલાં પણ સંભળાયેલા.

સોમેન : હેં? તો તેં મને...

કૃષ્ણા : કહ્યું ન હતું, કારણ કે હું જ વિમાસણમાં હતી.

સોમેન : તો આજે હવે?

કૃષ્ણા : લાગે છે કે વાત કરવાની ઘડી આવી પહોંચી છે.

સોમેન : તો કહી જ દેને! નકામું મનમાં સંઘરી રાખવાથી...

કૃષ્ણા : મનનો ભાર વધશે. ને હું સહન નહીં કરી શકું.

સોમેન : જસ્ટ અ મિનિટ. મારી સિગરેટ... (મોમાં સિગરેટ હોય તેમ) હં... સ્ટાર્ટ.

કૃષ્ણા : સોમેન, આપણાં લગ્ન થયે લગભગ ચાર વર્ષ પૂરાં થશે, ખરું?

સોમેન : આવતે અઠવાડિયે લગ્નતિથિ. પાંચમું શરૂ થશે.

કૃષ્ણા : હં... અને છતાં...

સોમેન : અને છતાં આપણને સંતાન નથી. એ જ કહેવું છે ને? કૃષ્ણા, હું તારી ચિંતા નથી સમજતો?

કૃષ્ણા : ચિંતા નહીં સોમેન, વેદના-મનોવેદના. સ્રીની માતૃત્વઝંખનાની વિફલતાની વેદના તું નહીં સમજી શકે, નહીં કલ્પી શકે.

સોમેન : કૃષ્ણા... એ વેદના કેવળ તારી એકલીની જ તો નથી. હું પણ... વેલ, આરંભમાં આપણે વિચાર્યું કે હમણાં સંતાન ન જોઈએ. પછી...

કૃષ્ણા : પછી જ્યારે ઝંખના જાગી ત્યારે...

સોમેન : ત્યારે આપણે ઓછા ઉપાયો કર્યા છે? પણ હવે, જ્યારે ડૉ. અવિનાશી જેવા એક્સપર્ટ ગાયનેકે અભિપ્રાય આપ્યો કે---

(Flash Back)

ડૉ. અવિનાશી : જુઓ કૃષ્ણા, મારે તમને અંધારામાં ને ખોટી આશામાં નથી રાખવાં... મારે તમને કહેવું જ જોઈએ... આઈ મીન.

કૃષ્ણા : 'આઈ મીન'... શું? ડોક્ટર, સ્પષ્ટ કહોને. આ સોમેન...

અવિનાશી : સોમેન, તું તો જાણે છે... હું ડૉક્ટર ખરો, પણ આમાં હું શું કરી શકું?

સોમેન : તું શું કરે? ડૉક્ટર હોય એટલે શું થઈ ગયું?

કૃષ્ણા : પણ શું છે તે તો કહો!

સોમેન : કૃષ્ણા, અવિનાશી કહેવા માગે છે–

કૃષ્ણા : પણ એમને જ કહેવા દે ને? બોલો સાકેતભાઈ.

અવિનાશી : જુઓ કૃષ્ણા, તમારે ધીરજથી... ને દૃઢમનથી સ્વીકારી લેવું પડશે...

કૃષ્ણા : શું?

અવિનાશી : કે તમારે માટે માતૃત્વ શક્ય... નથી...

કૃષ્ણા : ઓ..હ! ડૉક્ટર. સો...મે...ન., સો...! *(મૂર્છા)*

સોમેન : કૃષ્ણા... કૃષ્ણા... ડૉક્ટર... પ્લીઝ... *(Fade out)*

(Flash Back Over)

સોમેન : પૂરી જાંચતપાસ પછી ડૉક્ટરનો આ અભિપ્રાય, અને તું જાણે છે કે આ વિષયમાં ડૉ. સાકેત અવિનાશી–

કૃષ્ણા : *(અવાજ બદલાય છે. હવે તેમાં કંઈક કટાક્ષાત્મક મર્મ ભળે છે.)* - ખૂબ જાણકાર છે. એ પણ જાણું છું કે તારા એ ખૂબ અંતરંગના મિત્ર છે. ને, એ ય જાણું છું કે એ તારા બોસ્ટનનિવાસના સાથી હતા.

સોમેન : એક્ઝેક્ટલી. એટલે એ તો ખૂબ કાળજીથી અભિપ્રાય આપે ને!

કૃષ્ણા : *(માર્મિકતા વધે છે)* હાસ્તો. કાળજીથી. જાણકારીથી. લાગણીથી... અને બોસ્ટનમાંના તારા પ્રથમ લગ્નજીવનના સાક્ષી, એટલે આત્મીય! તેથી તારી સાથે મસલત પણ કરી લે ને - અભિપ્રાય આપતા પહેલાં!

સોમેન : *(ચૉંકે છે... સાશંક)* એટલે? તું કહેવા શું માગે છે? તને આઘાત પહોંચે એવી વાત હોય તો તે મારા સાથે અગાઉથી કરી જ લે ને?

કૃષ્ણા : *(કટાક્ષથી)* ચોક્કસ! કરવી જ પડેને!

સોમેન : *(અકળામણ)* તો શું તને તેની જાણકારીમાં વિશ્વાસ નથી?

કૃષ્ણા : છે ને! પૂરો વિશ્વાસ છે. એટલે તો માનું છું કે તેમણે પૂરી જાણકારીથી, કદાચ ઘણી વધારે જાણકારીથી ને વફાદારીથી અભિપ્રાય આપ્યો છે.

સોમેન : તું... તું... તારે... જે કહેવું હોય તે–

કૃષ્ણા : *(કાતીલ ઠંડકથી)* કહું છું જ ને? અસ્વસ્થ કેમ થઈ ગયો?

સોમેન : હું જરાય અસ્વસ્થ નથી.

કૃષ્ણા : તારી સિગરેટ એમ ને એમ જલી રહી છે. ને ધ્રૂજતી આંગળી...

સોમેન : કૃષ્ણા!

કૃષ્ણા : રિલૅક્સ, સોમેન, રિલૅક્સ... ક્યાં ગઈ પેલી ટ્રેન્ક્વિલાઇઝર?

સોમેન : આ રહી, લેવી છે તારે?

કૃષ્ણા : ના, તને આપવી છે. મને લાગે છે કે હવે તને એની જરૂર પડશે.

સોમેન : યુ... મીન... ડેમ ઈટ *(ગોળી વાસણમાં પડવાનો અવાજ.)*

કૃષ્ણા : અરે, આટલો બધો અકળાઈ ગયો? અત્યારથી? તો આગળ વાત કેમ ચાલશે? ને ગોળી ફેંકી દેવાથી શું? જેમ ગોળી લેવાથી ઉદ્વેગ શમતા નથી તેમ નાખી દેવાથી તે બહાર ફેંકાઈ જતા નથી.

સોમેન : કૃષ્ણા...

કૃષ્ણા : સોમેન, હકીકતનો તો મોંઢામોંઢ મળીને નિકાલ કરવો જોઈએ – હિંમતપૂર્વક.

સોમેન : હિંમતપૂર્વક?

કૃષ્ણા : હા, હિંમતપૂર્વક. કાળજું કઠણ કરીને ને મન મક્કમ કરીને. આમ ન ચાલે. આટલી વારમાં તેં ત્રીજી સિગરેટ સળગાવી. ને બધી અર્ધીબળેલી આ ઍશ ટ્રેમાં ધુમાય છે. લે, પાણી પી. હવે હું તને પિવડાવું. સ્વસ્થ થા પછી આપણે માંડીએ.

સોમેન : માંડીએ? શું માંડીએ?

કૃષ્ણા : વલોણું. સામસામાં નેતરાં ખેંચીને મંથન માંડીએ...

સોમેન : ને...ત...રાં? સામસામાં?

કૃષ્ણા : હાસ્તો. નેતરાં તો સામસામાં જ ખેંચાય ને? સામસામાં છતાં પરસ્પર સહકારી. તો જ વલોણું થાય ને!

સોમેન : *(વિષાદથી)* વલોણું! મંથન! શું લાધશે એમાંથી?

કૃષ્ણા : જે લાધે તે! આ તો મનનું... ના... આપણાં જીવતરનું વલોણું છે! – પેલા સાગરમંથન જેવું! એમાંથી જે નીપજે તે! અમૃત... નહીં તો...

સોમેન : *(સભય)* નહીં... તો?

કૃષ્ણા : નહીં તો વિષ... હળાહળ!... ને એ જે નીપજે તે હિંમતભેર ગટગટાવવાની શક્તિ કેળવવાની આપણે.

સોમેન : તને શું લાગે છે? શું નીપજશે?

કૃષ્ણા : વિ...ષ!...જો જો... ફરી તેં સિગરેટ ફેંકી! તારી સળવળતી આંગળીઓ, તારી ચંચળતા, તારો ચહેરો ચાડી ખાય છે કે તું પણ એમ જ ધારે છે... વિષ!

સોમેન : કૃષ્ણા...કૃષ્ણા... લેટ અસ સ્ટૉપ ધિસ.

કૃષ્ણા : શા માટે? હકીકતના હળાહળને ઢાંકી રાખવાથી શો ફાયદો?

સોમેન : હું નીલકંઠ નથી.

કૃષ્ણા : છે... તું છે, હું છું, આપણે બધાં ય જીવનની કોઈ ને કોઈ ક્ષણે નીલકંઠ છીએ. જાણીજાણીને ઝેરના ઘૂંટ પી લઈએ છીએ. ને જીરવી પણ લઈએ છીએ. જે એમ ન કરી શકે તેને સાતમું પાતાળ પણ સંઘરતું નથી.

સોમેન : ટેરિબલ. અસહ્ય. આજે આ શું માંડ્યું છે?

કૃષ્ણા : કહ્યું તો ખરું! વલોણું!

સોમેન : પણ એમાંથી જો વિષ જ નીકળવાનું હોય તો...

કૃષ્ણા : તેથી શું, જો સોમેન, હું હવે હકીકત પ્રત્યે આંખમિંચામણાં કરીને, જાતને ભ્રમમાં રાખીને જીવવા નથી માગતી.

સોમેન : પણ વિષની જ અપેક્ષા શા માટે?

કૃષ્ણા : તું પણ તે જ રાખે છે ને? તે ય બરાબર છે. જો આપણે જાણતા હોઈએ કે ગોરસીમાં મેળવણ જ અસત્યનું હતું તો એ જ અપેક્ષા હોય ને? (અવાજ બદલીને) સાચું કહે જે સોમેન, આ આખી ઘટનામાં અસત્યનો આશરો લેવાયો છે કે નહીં?

સોમેન : *(એકદમ અવાજ બદલીને દૃઢતાથી.)* હા. લેવાયો છે.

કૃષ્ણા : (કટાક્ષ વગર) ગુડ. વેરી ગુડ!

સોમેન : વેરી ગુડ?

કૃષ્ણા : હાસ્તો. તારો અવાજ બદલાયો. એમાં દૃઢતાનો રણકો સંભળાયો. તારી મુદ્રા બદલાઈ. તું સ્વસ્થ થઈ ગયો. કમર કસીને તૈયાર થઈ ગયો! તો હવે નેતરાં સરસ ખેંચાશે ને રવૈયો અચ્છો ઘૂમશે.

સોમેન : અચ્છા, તો સાંભળી લે. ડૉ. અવિનાશીએ જ્યારે કહ્યું કે તું માતા થઈ શકે તેમ નથી ત્યારે જ આપણને વિષપાત્ર મળી ગયું હતું, અને આટલા સમયમાં તો આપણે એ ઝેરને કોઠે પણ પાડી દીધું છે.

કૃષ્ણા : એક્સ્ક્યુઝ મી, આપણે નહીં, મેં, (સહેજ ગળગળા અવાજે) સોમેન, મેં એ ઘૂંટડો કેમ કરીને ગળે ઉતાર્યો! મારા લાગણીતંત્રે એની તીવ્ર તાણો વેઠી, મારી નસેનસમાં એનો કડવાટ ઘોળાઈ ગયો. એ સમાધાન સાધતાં મારું આખું ય અસ્તિત્વ જાણે સળગીને રાખ બની ગયું!

સોમેન : તો કૃષ્ણા, આટલી મોંઘી કિંમતે મેળવેલા એ સમાધાનથી શાંત મનને ફરીથી ડહોળવાનો શો અર્થ? એનું શું કારણ?

કૃષ્ણા : કારણ? મહાપ્રયત્ને સ્થિર કરેલી જળકુંડીમાં પથ્થર પડે તો શું થાય?

સોમેન : પથ્થર?

કૃષ્ણા : હા પથ્થર. કદાચ તેથી ય વધારે... વિસ્ફોટક.

સોમેન : એ વળી ક્યાંથી પડ્યો? કોણે નાખ્યો?

કૃષ્ણા : કહું? તેં! તેં નાખ્યો!

સોમેન : મેં? મેં નાખ્યો? મેં...?

કૃષ્ણા : હા... તેં... તેં... નાખ્યો... નાખ્યો ય ન કહેવાય. જાણે છૂપી રીતે તળિયે નાખી રાખેલો તેનો વિસ્ફોટ થયો! સોમેન, આવું અસત્ય... શા માટે?

સોમેન : કૃષ્ણા. હવે તું બહુ અસ્વસ્થ થઈ ગઈ છે.

કૃષ્ણા : ના. કદાચ હવે જ સ્વસ્થ થઈ છું. અસ્વસ્થ થવાનો વારો તો તારો છે. લઈ લે સોમેન, પેલી ટ્રૅન્ક્વિલાઇઝર લઈ લે, નહીં તો કદાચ સત્ય પરથી પડદો ઊઘડતાં તેને તું નહીં જીરવી શકે.

સોમેન : કૃષ્ણા, તો તું ભૂલે છે. કદાચ મેં જે જીરવ્યું છે તે તું જાણતી પણ નથી... તેં ઝેરની પ્યાલી માત્ર હોઠે અડકાડી ત્યારે હું તો એને પી ને પચાવી ચૂક્યો હતો. પણ ભલે આજે વલોણું કરી લઈએ. ઝેર જ પીવાનું હોય તો તે ય સાથે પીવામાં મઝા આવશે.

કૃષ્ણા : *(આશ્ચર્યથી)* સોમેન! એટલે... તું... તેં... જાણીને...?

સોમેન : હા. હું તને આઘાત થાય તે નિવારવા માગતો હતો.

કૃષ્ણા : એટલે અસત્યનો આશરો લીધો?

સોમેન : હા. તે ક્ષણે મને એ યોગ્ય લાગ્યું.

કૃષ્ણા : ને ડૉક્ટર અવિનાશીને પણ? એ પણ એમાં સંમત હતા?

સોમેન : ના, પણ મારી વિનંતી આગળ એ ઝૂકી ગયા.

કૃષ્ણા : એટલી એની નિર્બળતા.

સોમેન : પણ સ્નેહનિર્બળતા!... જો કે એમણે કહેલું જ કે ક્યારેક પણ જો હકીકતની જાણ થશે - ને ક્યારેક તો થશે જ - ત્યારે તે વધુ આઘાતક નીવડશે.

કૃષ્ણા : અને આજે એ ક્ષણ આવી! એ સાચા હતા! સોમેન તેં મને આઘાતમાંથી ઉગારવા ખાટી હકીકતની ઢાલ મૂકી પણ એ ઢાલ કેવળ કાગળની છે એવું પ્રગટ થતાં નિર્ભ્રાન્તિનો જે આઘાત થાય, ને તેથીય વધુ, તેં મને અસત્ય કહ્યાનો જે આઘાત થાય તે કેટલો કપરો હોય તેનો વિચાર ન કર્યો? અપ્રિય હકીકતનો આઘાત કદાચ પાણીમાં પથ્થર પડ્યા જેટલો હોત. પથ્થર પડતાં જળ હાલી ઊઠે પણ પછી પથ્થરને તળિયે ડુબાડી રાખીને ય સપાટી શાંત થઈ જાય, પણ જ્યારે તળિયામાંથી વિસ્ફોટ થાય ત્યારે? સોમેન, આજની મારી સ્થિતિ આવી છે.

સોમેન : કૃષ્ણા, હું સમજી શકું છું. લાગે છે કે તે જ વખતે મારે સાચી હકીકત તને જણાવવી જોઈતી હતી. ખેર, મને લાગે છે કે હવે તો તેં જાણી લીધી છે.

કૃષ્ણા : હા, પણ કેટલીક જ. અને એ જ મુશ્કેલી છે. અધૂરી વાતથી અકળામણ વધુ થાય છે. તેમાંથી જે પ્રશ્નો પ્રગટે છે તે સર્પોની જેમ મનમાં ઘુમ્યા-ડંખ્યા જ કરે છે.

સોમેન : તો બોલ તારે શું જાણવું છે?

કૃષ્ણા : તું જે કહે તે. બધું જ.

સોમેન : તો પહેલાં એ કહે કે ડૉક્ટર અવિનાશીનું નિદાન કે-

કૃષ્ણા : હું કદી માતા નહીં બની શકું.

સોમેન : હા, તે ખોટું છે એમ શાથી જાણ્યું?

કૃષ્ણા : મને કોણ જાણે સતત લાગ્યા કરતું હતું કે, આમાં ક્યાંક કશું ખોટું છે—જાણે હૃદય માનતું ન હતું, અંદરથી કશુંક મને જો કહ્યાં કરતું હતું કે આ સાચું નથી.

સોમેન : પછી?

કૃષ્ણા : પછી મેં રોમા ને વાત કરી. તું જાણે છે કે તેનો ભાઈ પૃથ્વીશ જાણીતો ગાયનેક છે. હું તેને મળી.

(Flash Back)

પૃથ્વીશ : જુઓ કૃષ્ણાબહેન, મેં તમને જાણીજોઈને એકલાં બોલાવ્યાં છે. રોમાને પણ સાથે નથી રાખવા દીધી.

કૃષ્ણા : એવું શું છે?

પૃથ્વીશ : તમારા રિપોર્ટોની તપાસ પરથી લાગે છે કે ડૉ. અવિનાશીના અભિપ્રાય સાથે સંમત થઈ શકાય તેમ નથી.

કૃષ્ણા : એમ? એટલે કે હું... મને...

પૃથ્વીશ : માતા બનવામાં કશો જ વાંધો નથી! ઇન ફેક્ટ, આ બાબત એટલી સ્પષ્ટ છે કે ડૉ. અવિનાશી જેવા નિષ્ણાતે જુદો અભિપ્રાય કેમ આપ્યો તે સમજાતું નથી!

(Flash Back Over)

સોમેન : અચ્છા, એટલે તેં ફેરતપાસ કરાવી. પણ બીજો અભિપ્રાય મળ્યા પછી ય આટલો વખત તું–

કૃષ્ણા : બેસી નથી રહી. મેં તારા પ્રથમ લગ્ન વિષે વધુ જાણવા પ્રયત્ન કર્યો.

સોમેન : મેં તને કહ્યું તો હતું જ.

કૃષ્ણા : હા તે બાબતમાં તું પ્રામાણિક છે. પછી હું તારા તે વખતના બોસ્ટનના એ મિત્ર ડૉ. અવિનાશીને મળી.

સોમેન : હેં?...ક્યારે?

કૃષ્ણા : ગઈ કાલે જ!

સોમેન : ઓહ!... એણે.... એણે તને....

કૃષ્ણા : ઘણી વાતો કરી. મારી વિવશતા ને વેદના જોઈને તે પીગળ્યા. તેણે તારી ને જુલીની દોસ્તીની, તમારા પ્રેમની, તમારાં લગ્ન અને આનંદની....લગ્નજીવનની ઘણી વાતો કરી. છેવટે એમણે રહસ્યસ્ફોટ કર્યો કે તેં કહ્યું હતું તેમ... જુલીનું અવસાન–

સોમેન : ઓહ... જુ...લી!...

કૃષ્ણા : જુલીનું અવસાન મેટરનિટિમાં નહોતું થયું. તેણે છેલ્લા દિવસોમાં આપઘાત કર્યો હતો.

સોમેન : ઓહ! ડૉક્ટરે તને એ કહી દીધું?!! તો હવે... હવે શો પ્રશ્ન છે?

કૃષ્ણા : કેમ? હવે જ ખરો પ્રશ્ન છે! જુલીએ આપઘાત કેમ કર્યો? તેં એ વાત છુપાવી કેમ? ને મને માતૃત્વથી વંચિત રાખવાનું કાવતરું કેમ કર્યું? મનમાં આવા પ્રશ્નો ઘમસાણ મચાવતા હોય ત્યારે ક્યાં ટ્રેન્કિવલાઇઝર્સ કામ લાગે? સોમેન, આ પ્રશ્નોનું સમાધાન ન થાય ત્યાં સુધી.... હો!... *(ડૂસકાં)*

સોમેન : કૃષ્ણા... શાંત... જો આજે તારા એ બધા પ્રશ્નોનું નિરાકરણ કરું છું, બસ? પણ...

કૃષ્ણા : પણ...?

સોમેન : પણ ક્યારેક પ્રશ્નોનું સમાધાન કરતી હકીકત જ નવાં વમળો ઊભાં કરે એમ પણ બને! તારી જ રીતે કહું તો મનનાં જળમાં પડીને તેને ક્ષુબ્ધ કરનાર પથ્થર તો તળિયે બેસી ગયો હોય. પણ તેને કાઢવા જતાં બીજી માટી બહાર આવીને જળને ડહોળે એવું ય થાય.

કૃષ્ણા : તારો સધિયારો ને ચેતવણી બંને સાચાં. પણ સોમેન, અજાણ્યો કાંટો મહીં ને મહીં સતત કઠ્યા કરે તે કરતાં તે બહાર નીકળી જાય, ને તેમ કરતાં થોડીક ખોતરણી ખમવી પડે, લોહી વહે તે સારું. અણજાણની અકળામણ કરતાં જાણીને ઝીલેલા ઘાવ વધુ સહ્ય.

સોમેન : ઓ.કે. તો સાંભળ – જુલીના અવસાન વખતે હું ત્યાં ન હતો. લંડનમાં હતો. તેની અંતિમ ક્ષણનો સાક્ષી હતો સાકેત અવિનાશી. એટલે તેણે કહ્યું કે, હેમરેજ થઈ ગયું, ને મેં માની લીધેલું.

કૃષ્ણા : તો તેં ક્યારે જાણ્યું?

સોમેન : મેં તો જાણ્યું જ્યારે તેં એની પાસે જાંચ કરાવી અભિપ્રાય માગ્યો ત્યારે.

કૃષ્ણા : તો ત્યાં સુધી તેણે કહ્યું કેમ નહીં? ને આ વાતને મારા માતૃત્વ સાથે શો સંબંધ?

સોમેન : કહું છું, એ જ કહું છું. તેણે મને ન કહ્યું કારણ કે એને જુલી પ્રત્યે લાગણી હતી, ને મારા પ્રત્યે પણ... નહીં... પૂછવાની જરૂર નથી. કહું જ છું. હવે મને કહ્યું, કારણ કે સંતાન તો થાય તેમ છે પણ ન થાય તો સારું...

કૃષ્ણા : કારણ?

સોમેન : કારણ કે... મારામાં... અને હવે આપણામાં એઈડ્સ પ્રવેશી ચૂક્યો છે.

કૃષ્ણા : સો...મે...ન...?! **એઈડ્સ? એઈડ્સ?!... એ..ઈ..ડ્સ?!!**

સોમેન : હા. કૃષ્ણા. અને જો સંતાન આવે તો એ મહાભયાનક રોગની પરંપરા સરજાય. જે નવું જીવન અવતરે તે અભિશાપનો વારસો લઈને અવતરે... ને પોતાનું જીવન વણસાડતું થાય તેમ જ એના વારસાને ય વહેંચતું ને વિસ્તારતું જાય.

કૃષ્ણા : ઓ...હ! સો...મે...ન..!

સોમેન : હું જાણતો હતો કે આ આઘાત નહીં જીરવાય. કારણ કે આ હકીકત જાણીને તારા પ્રશ્નનો ઉત્તર મળ્યો પણ આપત્તિનો ઉપાય નથી મળ્યો. હા...હા... બોલીશ નહીં.... જાણું છું... આનાથી તો વળી વધુ મોટો ને આકરો પ્રશ્ન પ્રગટ થયો છે ને?

કૃષ્ણા : હા, કે એઈડ્સ - તને ક્યાંથી? સોમેન, તને એઈડ્સ? એ રોગ માત્ર સંપર્કથી સ્પર્શથી કે સહવાસથી તો થતો જ નથી. એ તો... એ તો... માત્ર... માત્ર...

સોમેન : હા. એ માત્ર જાતીય સંબંધમાંથી જ પ્રાપ્ત થાય છે. એ જ ને? ચિંતા ન કરીશ. મેં કશો દુરાચાર નથી કર્યો. પણ કૃષ્ણા, તું જાણે છે કે આપણું લગ્ન એ મારું પહેલું લગ્ન ન હતું!

કૃષ્ણા : પણ તેં તો જુલી સાથે લગ્ન... ઓહ માય ગોડ! હવે ઝબકારો થાય છે. એટલે જુલીનો આપઘાત!?!?...

સોમેન : યસ. ને હવે સ્પષ્ટ થયો ને જુલીના આપઘાત ને તારા માતૃત્વ વચ્ચેનો સંબંધ?

કૃષ્ણા : ઓહ! કેવું ભયાનક?

સોમેન : એ જ તો વાત છે કૃષ્ણા. સત્યનું અપાવરણ થતાં તેનું જે રૂપ પ્રગટ થાય તે હંમેશાં મધુર નથી હોતું. ક્યારેક વરવું ને ભયાનક પણ હોઈ શકે! એનું મોઢામોઢ દર્શન કરવાની-હા, હવે હું તને કહું છું- મોઢામોઢ થવાની હિંમત હોય, ને, એને જીરવવાની તાકાત હોય તો જ એ ઢાંકણ ઉઘાડવાનું સાહસ થાય.

કૃષ્ણા : *(ઢીલી થઈને)*- તો સોમેન, જુલીએ જાણ્યું હશે કે એને એઈડ્સ છે, માટે તેણે બાળકને જન્મ આપવાને બદલે આપઘાત કરવાનું પસંદ કર્યું?

સોમેન : હા. તેનો એકરાર એણે સાકેત સમક્ષ કરેલો. પણ મને કહેવાની મના કરીને. મુક્ત જીવનશૈલીમાં ક્યારેક ઠોકર ખાઈ બેઠેલી એ નિર્દોષ બાળાને એય ખ્યાલ ન રહ્યો કે એ મહાવ્યાધિનું બીજ તે મારામાં તો આરોપતી જ ગઈ હતી!

કૃષ્ણા : તને તેની ખબર જ નહીં?

સોમેન : હોત તો તારી સાથે લગ્ન કરવાનો દોષ ન કરત! અવિનાશી પણ પરદેશમાં હતો. એટલે તેય આપણે અચાનક કરેલાં લગ્ન અટકાવી શક્યો નહીં.

કૃષ્ણા : એટલે છેવટે તમે બન્નેએ મળીને આ રસ્તો લીધો? મને જૂઠું કહેવાનો?

સોમેન : હા. આપણાથી જ એ વ્યાધિની વેલને ટૂંપી દઈને આગળ વિકસતી અટકાવી દેવા માટે એ સિવાય બીજો રસ્તો જ ન હતો.

કૃષ્ણા : ઓહ. પણ મને તે વખતે જ કહ્યું હોય તો? હું ન સમજત?

સોમેન : હા. હવે લાગે છે કે તેમ કર્યું હોત તો તારા માતૃત્વનો અમે અકારણ ભોગ લેવાનું કાવતરું કર્યું એવું લાગવાના આઘાતમાંથી તો તું બચી ગઈ હોત.

કૃષ્ણા : પણ માતૃત્વ? એ ગુમાવવાનો આઘાત? તે તો રહ્યો જ હોત ને?

સોમેન : હા. એ તો અનિવાર્ય હતો! કારણ કે તારી સામે બે જ વિકલ્પ હતા - હજી પણ છે - કાંતો રુગ્ણ જીવનને જન્માવીને રુગ્ણતાને પરંપરિત કરવાનો, અથવા માતૃત્વનું બલિદાન આપવાનો, ગંગાનાં સંતાનોની જેમ.

કૃષ્ણા : હા. એણે જન્મતાં જ વહાવ્યાં. ને છેલ્લે એક ન વહાવી શકાયો તો પોતે વિદાય લેવી પડી! મારા ભાગ્યમાં તો જન્માવતા પહેલાં જ... (ડૂસકું).

સોમેન : પણ કૃષ્ણા, જન્માવીને, મમતા બાંધીને પછી વહાવવાં, કે રુગ્ણજીવન વીતાવતાંને વિસ્તારતાં જોવાંન્તે કરતાં તો આ ઓછું વેદનામય ને?

કૃષ્ણા : હાસ્તો. ક્યારેક તો આ વિષવેલને ટૂંપવી જ જોઈએને? તો એની જવાબદારી, ને વેદનામાંથી પોતે છટકી જઈને તે સંતાનો પર પધરાવીએ તેના કરતાં આપણે જ શા માટે ન વેઠી

લઈએ! પાપ, જો થયું હોય તો, આપણું ને પ્રાયશ્ચિત્ત પણ આપણું!

સોમેન : *(સંતોષથી)* કૃષ્ણા, તારી સમજને બિરદાવું કે સમાધાનને? કે ગંગાવ્રત અપનાવી લેવાની તારી શક્તિને? માતૃત્વની ક્ષમતા છતાં નિ:સંતાનત્વને આમ નિર્ણયપૂર્વક સ્વીકારી લેવું એ તો નારી માટે કપરો નિર્ણય છે!

કૃષ્ણા : સોમેન, હું સંતાનને જન્મ ન આપું તેથી માતૃત્વને ત્યજું છું એમ કેમ કહેવાય? જેમ ગંગાવ્રત છે તેમ કુન્તાવ્રત પણ છે ને? એનેય પતિની રુગ્ણતાને કારે નિજ સંતાન ન મળ્યાં તો દેવો પાસેથી માગીને ઉછેર્યાં ને? ને પેલી સૂતપત્ની રાધાએ તો વળી જળમાંથી જડેલાને ખોળે ખેલાવ્યો હતો.

સોમેન : એટલે કે આપણે પણ કોઈ અનાથોને અપનાવી લઈએ એમ? બહુ સરસ!

કૃષ્ણા : હા... કોઈ નમાયા ને મા મળશે ને મને નિ:સંતાનને સંતાન!

સોમેન : પણ શી ખાતરી કે એ ત્યજાયેલામાં કોઈ આવા જ અભિશાપનો વારસો લઈને નહીં જન્મ્યાં હોય? ને એવા જ કારણે નહીં ત્યજાયાં હોય?

કૃષ્ણા : હા... એ ખરું. પણ ત્યજાયલાં સદાય તરછોડાયેલાં જ શા માટે રહે? અને કદાચ કોઈ અભિશપ્ત આત્મા ખોળામાં આવી પડશે તો મમતાથી એને ઉછેરવામાં આપણને કોઈ અન્યના પાપનું પણ પ્રાયશ્ચિત્ત કરવાનું પુણ્ય નહીં સાંપડે? એ જન્મી તો ચૂક્યું જ છે! તો એના જીવનને કોઈ ખોળો તો જોઈએ જ ને?

સોમેન : કૃષ્ણા ! ઘડી પહેલાં તો અવાજો સંભળાતા હતા. ને અત્યારે આટલું ધૈર્ય!

કૃષ્ણા : હા. મને લાગે છે કે એ અવાજો બહારથી નહીં, અંદરથી જ આવતા હતા! એટલે જ એ કેટલા સાચા હતા! ને હા. સ્વસ્થતા જ શા માટે? કદાચ આ વેદનામાંથી પસાર થતાં મને કંઈક અપૂર્વ લાધ્યું છે!... અને ધૈર્યપ્રાપ્તિથી આશ્ચર્ય ન થવું જોઈએ, સોમેન. હું તો નારી છું ને? કદાચ હવે જ મને લાધ્યું છે સાચું નારીત્વ! સોમેન!

સોમેન : કૃષ્ણા!... કુન્તીવ્રતા! □

અનુસંધાન] પાકેલો અંધકાર [પૃ. ૫૪૪થી

ઝઘડી પડીએ છીએ. કોઈ મારો હાથ પકડીને મને શયનસ્થ બનાવે છે. મારો રોષ શમતો નથી. પણ હું નિદ્રારાણીના ખોળામાં અવાવરું વાવના ખૂણે સૂતેલા કૂતરાની જેમ સૂવું છું.

જાગું છું ત્યારે અંધકાર પ્રકાશનો પરિવેશ પહેરીને મારી પાસે આવીને ઊભો રહે છે. એ સહેજ છોભીલો પડી જાય છે. હું એની સામે જોતો પણ નથી. એ મને રીઝવવા મથે છે. વહેલી સવારનું હૂંફાળું અભિવાદન કરે છે. આવી જ એક સવારે મને સુપ્રભાતમ્ કહેતાં ઉષાએ પણ...

હું બારી ખોલું છું. દરિયા સામે જોઉં છું.

આજે દરિયો શાંત છે.

હું દરિયાને સાદ કરીને બોલાવું છું. દરિયો સહેજ સળવળે છે.

સાથે એક આભા પણ સળવળે છે.

હું તરત બારી બંધ કરું છું. આંખ બંધ કરું છું.

હવે મારી પાસે મારો જ પાકેલો અંધકાર છે. - બરાબર પાકેલો. □

દ્વિતીય વિશ્વ ક્રિકેટ કપ

કશ્યપ ધોળકિયા

પ્રથમ વિશ્વ ક્રિકેટ કપની સફળતાથી પ્રેરાઈને ૧૯૭૯માં બીજો વિશ્વકપ પણ ઇંગ્લૅન્ડમાં જ રમાડવાનું નક્કી થયું અને ફરી ૧૯૭૫ની માફક જ પ્રુડન્શ્યલ એસ્યોરન્સ કંપનીએ આ સ્પર્ધા પ્રાયોજિત કરતાં આ બીજા વિશ્વકપને પણ પ્રુડન્શલ વિશ્વ ક્રિકેટ કપ નામ અપાયું. ક્રિકેટ રમતા નાના કે મોટા, સબળા કે નબળા એમ બધા જ દેશો આ રમતમાં ભાગ લઈ શકે, તે હેતુથી વિશ્વ ક્રિકેટ કપ પહેલાં 'ઇન્ટરનૅશનલ ક્રિકેટ કૉન્ફરન્સ' (ICC)ના સભ્ય દેશો સિવાયના અન્ય, જ્યાં ક્રિકેટની હજુ શરૂઆત થયેલી તેવા કુલ ૧૨ અન્ય દેશો વચ્ચે 'મિનિ વિશ્વકપ'નું પ્રથમ આયોજન થયું. આ ૧૨ દેશો વચ્ચે રમાયેલી સ્પર્ધામાં છેલ્લે શ્રીલંકા અને કૅનેડાની ટીમ ફાઈનલમાં પહોંચતાં વેસ્ટઇંડિઝ, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ભારત, ન્યૂઝીલૅન્ડ અને પાકિસ્તાનની સાથે તેમને પણ આ બીજા વિશ્વકપમાં ભાગ લેવાની તક મળી. આમ, આ સ્પર્ધા ઇંગ્લૅન્ડના નયનરમ્ય ઉનાળામાં આઠ દેશો વચ્ચે ૧૯૭૯ના જૂન મહિનામાં શરૂ થઈ અને આયોજકોનો એ હેતુ સિદ્ધ થયો કે ક્રિકેટની રમતમાં સૌથી નાનો કે નબળો દેશ પણ પોતાના દેખાવને આધારે પોતાનું સ્થાન નક્કી કરી શક્યો.

પ્રથમ વિશ્વકપ એ હજી કદાચ એકદિવસીય ક્રિકેટની બહુ પ્રારંભિક અવસ્થામાં જ રમાયેલી, છતાં તેની સફળતાએ આ પ્રકારના ત્વરિત (instant) ક્રિકેટને અત્યંત લોકભોગ્ય બનાવ્યું, જ્યારે બીજા વિશ્વકપે તેની લોકપ્રિયતામાં જબ્બર વધારો કર્યો. જેઓ 'ક્રિકેટના આત્મા'ની કાળજી રાખે છે તેઓ માટે ક્રિકેટની રમતનો નાના દેશ સુધી પ્રચાર અને પ્રસાર એ કદાચ આ કપની સૌથી મોટી સફળતા હતી, તો બીજી તરફ આ કપ જાળવી રાખવા સક્ષમ એવી ગત વિશ્વકપ વિજેતા વેસ્ટઇંડિઝની ટીમની ફરી આ બીજી સફળતા એ તેમના ચાહકો માટે મોટામાં મોટી ઘટના હતી.

કૉલિન • ગાર્નર





વિવિયન રિચર્ડ્સ




આવકની દૃષ્ટિએ પણ આયોજકો માટે આ સ્પર્ધા સફળ પુરવાર થઈ. ૧૯૭૫ના વિશ્વકપની સરખામણીમાં આ વિશ્વકપની આવકમાં ૪૭ ટકાનો વધારો થયો. ફક્ત ટિકિટના વેચાણમાંથી જ ૩.૬ લાખ પાઉન્ડની આવક આયોજકોને થઈ એ જ દર્શાવે છે કે દર્શકોએ આ વિશ્વકપ નિહાળવામાં ખૂબ જ રસ દાખવ્યો.

ભારતીય દૃષ્ટિકોણથી જોઈએ તો આ વિશ્વકપમાં ભારતીય ટીમની નિષ્ફળતા ઊડીને આંખે વળગે તેવી રહી. વેસ્ટઈંડિઝ, ન્યૂઝીલૅન્ડ અને શ્રીલંકાની સાથે 'એ' વિભાગમાં રહેલ ભારત માટે સેમિફાઈનલમાં પ્રવેશવાની તક જરૂર હતી, પરંતુ ભારતીય ટીમ તેની ત્રણેય લીગ મૅચ હારી જતાં સ્પર્ધામાંથી તેને બાકાત થઈ જવું પડ્યું. વેંકટરામનના સુકાનીપદ હેઠળ ગયેલ ટીમમાં ગાવસ્કર, ગાયકવાડ, વેંગસરકર, વિશ્વનાથ, મોહિંદર અમરનાથ, બેદી વગેરે જેવા ધુરંધર ખેલાડીઓ હોવા છતાં પણ ભારતીય ખેલાડીઓની આ પ્રકારના ક્રિકેટમાં અણઆવડતને કારણે ભારતનો આટલો નબળો દેખાવ થયો એમ કહી શકાય.

વેસ્ટઈંડિઝ સામેની પ્રથમ લીગમૅચમાં વિશ્વનાથ સિવાય બધા જ ખેલાડીઓ નિષ્ફળ ગયા અને ૫૩ ઓવર્સમાં ફક્ત ૧૯૦ રન કરી આખી ટીમ આઉટ થઈ ગઈ. વિશ્વનાથે એકલે હાથે ઝઝૂમી ૭૫ રનનો ફાળો આપ્યો. વેસ્ટઈન્ડિઝ તરફથી માઈકલ હોલ્ડિંગે ૩૩ રનમાં ૪ અને રોબર્ટ્સે ૩૨ રનમાં બે વિકેટ ઝડપી હતી. વેસ્ટઈંડિઝે હેઈન્સની વિકેટ ગુમાવી ગોર્ડન ગ્રીનિજની સદી સાથે જોઈતા રન આસાનીથી બનાવી લેતાં ભારતની ટીમનો નવ વિકેટે પરાજય થયો.

ન્યૂઝીલૅન્ડ સામેની બીજી લીગમૅચમાં પણ ભારત ૧૯૨ રને ફરી ૬૦ ઓવર્સ પૂરી થયા પહેલાં જ ઑલ આઉટ થઈ ગયું, જેમાં ગાવસ્કરે ૫૫ રનનું યોગદાન આપ્યું. આવો સામાન્ય સ્કોર ન્યૂઝીલૅન્ડે પણ બે વિકેટે બનાવી લેતાં ભારતનો આ બીજો પરાજય થયો, પરંતુ ભારતીય ક્રિકેટ-રસિકોને ખરો આંચકો તો ત્યારે લાગ્યો કે જ્યારે શ્રીલંકા કે જેને તે વખતે ટેસ્ટનો દરજ્જો પણ ન્હોતો મળ્યો, તેની સામે ભારત ત્રીજી લીગ મૅચ પણ હારી ગયું. વેટ્ટીમુનીના ૬૭, રૉય ડાયસના ૫૦ અને સુકાની દુલિપ મેન્ડીસના ૬૪ રનની મદદથી શ્રીલંકાએ ૫ વિકેટે ૨૩૫ રન કર્યા, જે બનાવવા તે ભારત માટે મુશ્કેલ કામ ન્હોતું. પરંતુ ફરી



← સુકાની લૉઈડ

↓ સુકાની વેંકટરાઘવન



એક વખત ભારતીય બેટિંગ પાનખરના પાન જેવી સાબિત થઈ. ૫૪ ઓવર્સમાં ફક્ત ૧૯૧ રન કરી ભારત ઓલઆઉટ થઈ જતાં ભારતની વધુ એક હાર થઈ અને ભારત સ્પર્ધામાંથી બાકાત થઈ ગયું. ભારતીય ખેલપ્રેમીઓ આ હારની સાથે ખરેખર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા. બરાબર તે જ સમયે શ્રીલંકામાં પોતાના પડોશી દેશ સામેના વિજયને વધાવવા ઉત્સવનું વાતાવરણ સર્જાયું.

બે વિભાગમાં વ્હેંચાયેલ ભાગ લેનાર આઠ ટીમમાંથી ગ્રૂપ 'એ'માં વેસ્ટઈંડિઝ અને ન્યૂઝીલેંન્ડ તથા ગ્રૂપ 'બી'માં ઇંગ્લન્ડ અને પાકિસ્તાનની ટીમો સેમિફાઈનલમાં પ્રવેશી. બંને ગ્રૂપમાં રમાયેલ લીગ મૅચમાંથી કોઈપણ લીગ મૅચ અત્યંત રસાકસીભર્યા તબક્કે પહોંચી શકેલી નહીં.

૨૦ જૂનને દિવસે ઑલ્ડ્ટ્રેફર્ડ મેદાન ખાતે ખેલાયેલી સેમિફાઈનલમાં ઇંગ્લન્ડે ન્યૂઝીલૅન્ડ સામે ૮ વિકેટે ૨૨૦ રન કર્યા, જેમાં મુખ્ય ફાળો સુકાની બ્રેયરલી (૫૩) અને ગ્રેહામ ગુચે (૭૮) આપ્યો. પરંતુ આઠમી વિકેટની ભાગીદારીમાં ડેરિક રૅન્ડલ અને ટેઈલરે ઉમેરેલા ૪૧ રન ખૂબ જ મહત્ત્વના પુરવાર થયા. ન્યૂઝીલૅન્ડે ધીરજથી પોતાના દાવની શરૂઆત કરી, પરંતુ તેમણે નિયમિત અંતરે વિકેટ ગુમાવતાં અંતિમ ક્ષણોમાં તેમનું કાર્ય ઘણું જ મુશ્કેલ બનતું ગયું. છેલ્લી બે ઓવર્સમાં ન્યૂઝીલૅન્ડને જીત માટે ૨૧ રન બનાવવાના હતા, પરંતુ ૧૧ રન જ બની શકતાં અત્યંત રસાકસીને અંતે વિશ્વકપ યજમાનનો વિજય થયો અને પ્રથમ વખત જ ઇંગ્લન્ડે ફાઈનલમાં પ્રવેશ કર્યો.

એ જ દિવસે રમાયેલી અન્ય સેમિ ફાઈનલમાં વેસ્ટઈંડિઝનો મુકાબલો પાકિસ્તાન સામે થયો. પ્રથમ વિશ્વકપમાં જે રીતે વેસ્ટઈંડિઝે પાકિસ્તાનને હરાવેલું તેની યાદ ચાર વર્ષે પણ તાજી જ હતી. વેસ્ટઈંઝ દાવમાં ઊતર્યું અને જાણે કે રનની આતશબાજી થઈ. ગ્રીનિજે ૭૩ અને હેઈન્સે ૬૫ રન ફટકારી પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૧૩૮ રન નોંધાવ્યા. ત્યારબાદ રિચર્ડ્સ (૪૨) લોઈડ (૩૭) અને કોલિન્સ કિંગે (૩૭)નું પોતાનું યોગદાન આપી સ્કોરને ૬ વિકેટે ૨૯૩ રન સુધી પહોંચાડ્યો. પાકિસ્તાને શરૂઆતમાં જ સાદિક મોહમ્મદની વિકેટ ગુમાવી, પરંતુ બીજી વિકેટની ભાગીદારીમાં માજીદખાન અને ઝહીર અબ્બાસે ૧૬૮ રન ઉમેરી એવી દહેશત ઊભી કરી કે વેસ્ટઈંડિઝ હારશે, પરંતુ બરાબર તે સમયે જ વેસ્ટઈંડિઝના કોલિન કોફરે બે ઓવરના 'સ્પેલ'માં માજીદ (૮૧), ઝહીર (૯૩) અને મિયાંદાદ (૦)ને પેવેલિયન ભેગા કરી દેતાં મૅચની બાજી પલટાઈ ગઈ અને અંતે પાકિસ્તાન ૨૫૦ રનમાં આઉટ થતાં વેસ્ટઈંડિઝે ફરી એક વખત વિશ્વકપ ફાઈનલમાં પ્રવેશ કર્યો.

૨૩મી જૂને પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલા લૉર્ડ્ઝના મેદાન પર યજમાન ઇંગ્લન્ડ અને મહેમાન વેસ્ટઈંડિઝની ટીમો વચ્ચે ફાઈનલ શરૂ થઈ. ઇંગ્લન્ડના વિચક્ષણ સુકાની માઈક બ્રેયરલીએ ટૉસ જીતી વેસ્ટઇન્ડિઝને દાવમાં ઉતાર્યું. ફક્ત ૯૯ રનમાંજ વેસ્ટઈંડિઝે ચાર વિકેટ ગુમાવતાં તે મુશ્કેલીમાં મુકાયું, પરંતુ બેટિંગના બાદશાહ વિવિયન રિચર્ડ્સે આવા કપરા સમયે બાજી સંભાળી લીધી. સામે છેડે કૉલિન્સ કિંગે ૬૬ દડામાં ૮૬ રન ફટકારી રિચર્ડ્સને સાથ આપ્યો. આમ, બંનેએ પાંચમી વિકેટની ભાગીદારીમાં ફક્ત ૨૧ ઓવરોમાં જ ૧૩૯ રન ઉમેરી વેસ્ટઈંડિઝના સ્કોરને સદ્ધરતા આપી. કિંગના આઉટ થયા બાદ રિચર્ડસે આક્રમક વલણ અપનાવ્યું અને ૧૩૮ રન ફટકારી 'મૅન ઑફ ધ મૅચ'ના ઍવૉર્ડનો હકદાર બન્યો. વેસ્ટઈંડિઝે ૬૦ ઓવર્સમાં ૬ વિકેટે ૨૮૬ રનનો સ્કોર કર્યો.

ઇંગ્લન્ડની શરૂઆત સારી રહી. બૉયકોટ (૫૭) અને સુકાની બ્રેયરલીએ (૬૪) પ્રથમ વિકેટની સારી ભાગીદારી કરી, પરંતુ આ બંનેએ આટલા રન કરવા, ૩૯ ઓવરો જેટલો સમય લીધો. પરિણામે મધ્યમ તેમજ પાછલી હરોળના બૅટ્સમેનોને આડેધડ રમવા માટે મજબૂર બનવું પડ્યું. અલબત્ત, ૬ ફુટ ૮ ઇંચ ઊંચા વેસ્ટઈંડિઝના કદાવર બોલર ગાર્નર સામે ઇંગ્લન્ડનો કોઈ બૅટ્સમૅન ટકી ન શક્યો. ગાર્નરે ૩૮ રનમાં ૫ વિકેટ ઝડપી વેસ્ટઈંડિઝનો વિજય સરળ બનાવ્યો. વેસ્ટઈંડિઝે ઇંગ્લન્ડને લૉર્ડ્ઝ પર જ આ બીજા વિશ્વકપ ફાઈનલમાં ૯૨ રને પરાજય આપી ભવ્ય વિજય હાંસલ કર્યો એટલું જ નહિ, પરંતુ એકદિવસીય ક્રિકેટમાં પોતાની સર્વોપરિતા જાળવી રાખી. ૨૫૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં વેસ્ટઈંડિઝના સુકાની ક્લાઈવ લોઈડે જ્યારે વિશ્વકપ સ્વીકાર્યો ત્યારે જાણે કે ૧૯૭૫નું પુનરાવર્તન થયું ! □

'કુમાર'ના ગ્રાહકોને

આ વર્ષે નોંધાયેલા જૂના અને નવા સહુ ગ્રાહકોને ભેટ મળવાપાત્ર પુસ્તિકા **પ્રસંગપરાગ** મોકલવાની શરૂઆત થઈ ગઈ છે. રોજ થોડી થોડી નકલો જ ટપાલમાં રવાના થતી હોઈ મળવામાં જે વિલંબ થાય તે સહી લેવા સહુ ગ્રાહકોને વિનંતી છે. ડિસેમ્બર ૧૯૯૫ની આખર સુધીમાં તો સહુને તે મળી જ જશે.



પ્રભાવવાદી ચિત્રકાર
કાર્તિક ત્રિવેદી




વતન લુણસરના એક ઘરનો ઈન્કથી કરેલો સ્કેચ

એક કિશોર. રસોડાની દીવાલો પર કોલસાથી ચિત્રો આળખે. ત્યારે તેના પિતાએ ટકોર કરી, 'સારું ચિત્ર તો વૉટર કલરથી થાય.' બસ, એ કિશોર તો પેન, પેન્સિલ અને પીંછી લઈ મચી પડ્યો ચિત્રો દોરવા. ધીમે ધીમે એ ચિત્રકળામાં એવો ડૂબતો ગયો કે આજે તો વિદેશમાં તેની ગણના પ્રભાવવાદી (Impressonist) ચિત્રકાર તરીકે થાય છે.

આ ચિત્રકાર એટલે ૧૯૩૭ના ડિસેમ્બરની ૧૦મી તારીખે સૌરાષ્ટ્રમાં વાંકાનેર પાસે લુણસરમાં પિતા લક્ષ્મીશંકર અને માતા શારદાબહેનને ત્યાં જન્મનાર કાર્તિક ત્રિવેદી. આજે અપરિણીત એવા કાર્તિક ત્રિવેદીનું તાજેતરમાં જ 'Kartik Trivedi: Contemporary Impressionist' નામે એમની જીવનરેખા સાથે એમનાં વિવિધ શૈલીનાં ચિત્રોનું સુઘડ પુસ્તક પ્રકટ થયું છે. એમાંથી એમનાં કેટલાંક ચિત્રો અહીં સાભાર પ્રકટ કર્યાં છે.

એ સ્વાભાવિક છે કે ભારતના તળગામમાં જન્મેલ આ કલાકારની આરંભિક કારકિર્દી પર વતનની લોકશૈલીની અસર પડી હોય જ. પરન્તુ પછીથી એમને આકર્ષનાર છે ફ્રેન્ચ ચિત્રકાર ક્લોડ મોને (Monet). એમની પછીની ચિત્રયાત્રામાં આ પ્રભાવવાદી ચિત્રકારની શૈલીની સ્પષ્ટ અસર વર્તાય છે. એમણે પેન્સિલ, ઇન્ક, જળરંગો અને તૈલરંગોથી ચિત્રો સર્જ્યાં છે. એમની ચિત્રસૃષ્ટિ સ્પષ્ટ રીતે બે ભાગમાં વહેંચાઈ જાય છે.




← બ્રાઉન પેન્સિલથી કરેલો સ્કેચ (૧૯૭૪)

નીચે જમણી બાજુ લિથોગ્રાફ (૧૯૭૪)
નીચે ડાબી બાજુ પેન્સિલથી કરેલો સ્કેચ (૧૯૭૪)







વગડામાં પરબ



ગામડાનો મેળો


ભારતીયતાની અસરવાળી અને પાશ્ચાત્ય પરિસરના પ્રભાવવાળી.

છેલ્લાં ૨૮ વર્ષથી અમેરિકામાં વસતા આ ચિત્રકારની પ્રાથમિક જિજ્ઞાસા પોષનાર હતાં 'કુમાર' માસિક અને તેના આદ્ય સ્થાપકતંત્રી સદ્ગત રવિશંકર રાવળની ચિત્રસૃષ્ટિ. પછી તો રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ જેવા પીઢ ચિત્રકારોની શૈલીએ પણ તેમને આકર્ષ્યા હતા. આ ઉપરાંત તેમના જીવનમાં પરિવર્તન લાવનાર બીજી બે વિભૂતિઓ એટલે શ્રીમાતાજી અને ભારતમાં અમેરિકાના એલચી તરીકે રહી ચૂકેલા જ્હૉન ગૉલબ્રેથ. એમનાં ચિત્રોથી પ્રભાવિત થઈ પ્રો. ગૉલબ્રેથે એમને અમેરિકાના ચિત્રકારોને મળવાનું સૂચન કર્યું હતું.


વતનમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી રાજકોટમાં રહી સ્નાતક અને અનુસ્નાતક થઈ વેરાવળની કૉલેજમાં અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રના અધ્યાપક તરીકે વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કરનાર કાર્તિક ત્રિવેદીના જીવનનું વહેણ બદલાયું પ્રો. ગૉલબ્રેથના સૂચનથી. વેરાવળમાં વ્યાખ્યાતાનો વ્યવસાય ત્યજી તેઓ અમેરિકાની ભૂમિ પર ઊતર્યા - એ દિવસ હતો ૧૯૬૭ના ઑગસ્ટની ચોથી તારીખનો. તેમણે એ જ વર્ષે અમેરિકાની ઓહાયો યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના વિષય સાથે એમ.એ.ની ઉપાધિ મેળવવા પ્રવેશ તો લીધો, પણ થોડા જ સમયમાં વિષય બદલીને 'કળાનો ઇતિહાસ' વિષય પસંદ કર્યો. ત્યાર પછી ત્યાંની જ કેન્ટ સ્ટેટ યુનિવર્સિટીમાંથી 'લલિતકળા' અને 'વિશ્વસંગીત' વિષયો સાથે અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી. આમ, એમનામાં રંગકસબી અને રાગકસબીની યુતિ થઈ.

છેલ્લાં ૧૨ વર્ષથી તેઓ ન્યૂ યૉર્કમાં પોતાનો સ્ટૂડિઓ ધરાવે છે. એમનાં ચિત્રોની મોહિની અને પ્રસિદ્ધિ એટલી પ્રસરી કે ત્યાંના ભૂતપૂર્વ પ્રમુખ રેગન, બુશ અને વર્તમાન પ્રમુખ બિલ ક્લિંટને વ્હાઈટ હાઉસમાં તેમને સન્માન્યા. ૧૯૭૨માં ક્લીવલૅન્ડ સ્ટેટ યુનિવર્સિટીમાં તથા ૧૯૭૯માં સાન જોસે સ્ટેટ યુનિવર્સિટીમાં એમનાં ચિત્રપ્રદર્શનો યોજાયાં હતાં. તે પહેલાં ૧૯૭૮માં ઓહાયોમાં પણ તેમનું ચિત્રપ્રદર્શન યોજાઈ ગયું હતું. ૧૯૮૪માં ન્યૂ યૉર્કની પ્લાઝા હોટલમાં, ૧૯૮૭માં વૉશિંગટનની આર્ટ સોસાયટી દ્વારા તથા ૧૯૮૮માં સાનફ્રાન્સિસ્કોમાં અને

શિયાળુ સૂર્યાસ્ત (૧૯૭૫)



શાહીથી કરેલ હંસ અને બતકો (૧૯૯૧)





પેન્સિલ-ડ્રૉઈંગ : પત્ર સાથે પ્રમદા (૧૯૯૨)




પિયાનો પર કાર્તિક ત્રિવેદી

કેલિફોર્નિયામાં એમનાં ચિત્રપ્રદર્શનો યોજાયાં હતાં. ૧૯૯૧માં ઈંગ્લન્ડના બેલગ્રેડ થીએટરમાં અને મુંબઈમાં જહાંગીર આર્ટ ગૅલરિમાં પણ એમનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજાયાં હતાં. આ વર્ષે હમણાં નવેમ્બરના પૂર્વાર્ધમાં જ એમનાં ચિત્રોનું એક પ્રદર્શન અમદાવાદમાં લલિતકલા અકાદમી દ્વારા યોજાઈ ગયું.

એમનાં ચિત્રોમાં તળ સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિને ઉપસાવતા પેન્સિલ-સ્કેચ છે, ભારતના પહાડીપ્રદેશોનાં રંગીન ચિત્રો છે, ફૂલછોડ અને પાનખર-વસંત-વાવંટોળ જેવા પ્રકૃતિનાં સ્વરૂપો છે, ઊર્મિસભર પાત્રાલેખનો છે તો શહેરી સંસ્કૃતિનાં અંગો સમાં વિવિધ ચિત્રાયોજનો પણ છે. તેમનાં રેખાચિત્રોમાં હળવા હાથની લકીરોનું માર્દવ છે તો તૈલચિત્રોમાં વિષયાનુરૂપ રંગભભક પણ છે. પણ એકંદરે એમનું વલણ પ્રભાવવાદી ચિત્રશૈલી તરફ ઢળેલું જોવા મળે છે.

ચિત્રકાર હોવા ઉપરાંત તેમણે સંગીતક્ષેત્રે પણ નોંધપાત્ર

ગ્લૉસેસ્ટર બંદરનું (મૅસેચુસેટ્સ) તૈલરંગી ચિત્ર



કાશ્મીર-ખીણ (ડ્રાઈપોઈન્ટ) ૧૯૮૩



સૌરાષ્ટ્રનું ગ્રામ કુટુંબ (તૈલરંગી)



પ્રગતિ કરી છે. પિયાનોવાદક તરીકે વિદેશમાં એમની નામના છે. પશ્ચિમી સંગીત સાથે ભારતીય રાગોનું સંમિશ્રણ કરવું તેમને ગમે છે. ભારતીય રાગોની પોતે સ્વરબાંધણી કરેલી શ્રાવ્ય કૅસેટો પણ તૈયાર કરી છે. આમ, ચિત્રકલા અને સંગીતકલાનો સુભગ સમન્વય શ્રીકાર્તિક ત્રિવેદીમાં જોવા-અનુભવવા મળે છે. - **ડૉ. રજનીકાન્ત જોશી**

'અતીતને વાગોળતાં



અનુસંધાન] **અતીતમાં અવગાહન** [પૃ. ૫૭૯થી



બાજુ



પહેલાં તો અણીદાર ઓજારથી રેખાઓ પાડો; અને પછી તારના ઓજારથી રેખા સુધી બહારનો ભાગ છોલી કાઢો. જરા પણ ઉતાવળ કરશો નહિ. ધીરેધીરે છોલ ઉતારતા જજો. વખતે વખતે બધી બાજુ ફેરવી ફેરવીને તપાસતા રહેજો.

ધ્યાનમાં રાખજો કે પાછલો ભાગ ઢાળમાં જાય છે. આગલા ભાગમાં ઊંચું મોં તેમજ આંખોના કોળા પણ ખ્યાલમાં રાખવાના છે. તે વખતે દરેક અંગના ખાંચા સાચવજો પગ તથા આંખના ઝીણા ખાંચા પાડતી વેળા અણીદાર ઓજાર લેવું. આકારની પૂરી સમજણ ને ધીરજ હશે તો સરસ નમૂનો બનશે.

વધેલી કરચો અને ટુકડાનો ભૂકો કરી ઊના પાણીમાં પીગાળી તે કપડાં ધોવા માટે વાપરી શકાશે. બગડેલા નમૂના પણ પાછા આ જ રીતે વાપરી શકાશે.

નમૂના ખરેખર આકર્ષક બને તો ધાતુમાં તેના ઢાળા પાડવાનું પણ સહેલું છે. સીસાનો રસ તો ઘેર પણ થઈ શકે. પણ પિત્તળ કે લોઢાના રસથી ઢાળા પાડવા હોય તો ધાતુ ગાળનારાને કામ સોંપવાથી ધાતુના નમૂના સંઘરી શકશો. (સળંગ અંક ૧૪૨)

• • •

ડહાપણની ગોળીઓ

પોતાનું કામ જાણનારો ડાહ્યો ગણાય અને તે પર પૂરેપૂરું ધ્યાન આપી કરનારો વધુ ડાહ્યો ગણાય.

જે નિસરણીથી તમે ચડો છો તેને લાત ન મારતા, વખતે પાછા ઊતરવું પડે તો કામ લાગે.

કાળના રણમાં કેટલાંક પગલાં એવાં પણ છે કે કેટલાંક માનવી ઊંધા રસ્તે ચાલ્યાં હતાં.

કોલેજકેળવણીથી ઘણે ભાગે છોકરાઓ એટલું તો શીખે છે કે આવક કરતાં દસ ગણો ખર્ચ કેમ કરાય.

ભોગ આપવાનો ન હોય ત્યારે આપણે બધાં સિદ્ધાન્તવાદી બની જઈએ છીએ.

ધંધાપરાયણો ફૂરસદ લે અને ફૂરસદવાળા ધંધે ચડે તો ઘણાં દુઃખો નાશ પામે.

જે જાતે સંતોષ લઈ શકતો નથી તે બીજાને દઈ શકતો નથી. (સળંગ અંક ૧૪૨)

ઇતિહાસધારા



મુગલ સમ્રાટોનાં ઝનાનખાનાં જેમ રાજસ્થાનના રાજવીઓનાં અંતઃપુર જુદીજુદી કોમની રાણીઓથી ભરાયેલાં રહેતાં.

ઈ.સ. ૧૮૦૩માં જયપુરની ગાદીએ આવેલા જગતસિંહની ઉંમર ૧૯ વર્ષની હતી. તેના પરાક્રમી પિતા જયસિંહે છેક આગ્રાની પડોશ સુધી પોતાની આણ વર્તાવેલી, પણ જગતસિંહને રાજકારણમાં કશો રસ નહોતો. તે પૂરો વિલાસી જીવ હતો. ૧૮ રાણીઓ અને કેટલીય રખાતો હોવા છતાં રસકપુર નામની એક મુસ્લિમ તરુણી તેની નજરમાં વસી ગઈ અને તેને પોતાને ત્યાં લાવી વિશાળ ઉદ્યાન સાથેનો એક મહેલ તેને રહેવા કાઢી આપ્યો. બીજી બાજુ અંગ્રેજો, હોલકર અને અમીરખાનની નજર જયપુર પર મંડાયેલી. આ બધો સમય જગતસિંહ રસકપુરના મહેલમાં જ પુરાયેલો રહી તેની સલાહ મુજબ વરતતો. જગતસિંહ પોતે જ નહિ પણ તેના દીવાનો સુધ્ધાં રસકપુરની સલાહ મુજબ વર્તવા લાગ્યા. રસકપુર હાથી પર જગતસિંહની જોડે ફરવા નીકળતી અને સરદારોની સલામી ઝીલતી.

રજપૂત લોહી આથી ઊકળી તો ઊઠ્યું જ હતું. તેમાં દૂનીના સરદાર ચાંદસિંહે સલામી આપવાની ચોખ્ખી ના ભણી દીધી. જગતસિંહે તેની જાગીરની વાર્ષિક આવક કરતાં પણ બમણો રૂપિયા ચાર લાખનો દંડ તેના પર ઠોકી બેસાડ્યો. સરદારો આથી વીફર્યા, એને ગાદી પરથી હાંકી કાઢવાની તરકીબ રચી, પણ તરકીબ ફૂટી જતાં જગતસિંહની ગાદી બચી ગઈ.

સરદારોએ હવે પોતાનું લક્ષ રસકપૂર પર કેન્દ્રિત કર્યું. તેને કિલ્લામાં કેદ કરી દેવામાં આવી. એનો વિરહ સહન ન થતાં જગતસિંહ તદ્દન નાની ઉંમરે ૧૮૧૮માં મૃત્યુ પામ્યો. રસકપૂર અંધારી કેદકોટડીમાં જ મૃત્યુ પામ્યાનું કહેવાય છે. તો એક કિંવદંતી એવી પણ છે કે જગતસિંહના મૃત્યુની જાણ થતાં તે કોઈ પણ રીતે કેદમાંથી નાસી છૂટીને જગતસિંહની ચિતા પર પડતું મૂકી તેની પાછળ સતી થઈ ગયેલી.

— અશોક હર્ષ —

લઘુકથા

આભાસ

ભગીરથ બ્રહ્મભટ્ટ

હજી એમનો શોક ઘરમાં ઘુમરાતો હતો. એમની સ્મૃતિઓમાં હું સ્હેજ આડે પડખે થઈ. કરુંય શું ? પરવારી ગઈ હતી. દીકરો હર્ષદ એના બાપની જેમ મોડો આવે, ત્યાં સુધી કરવુંય શું? અંદરના રૂમના બારણા વચ્ચે ભેરવેલો પડદો હાલે, પડદાની છાયા રૂમ સુધી પડે.

હજી હર્ષદ દુકાનેથી નથી આવ્યો. ખીચડી ઠરી જતી હતી... હર્ષદનેય એના બાપની જેમ ખીચડી સાથે ગરમ કઢી... એના બાપની જેમ - હાય બાપ, કેટલું મોડું!! રાહ જોતાં જોતાં જ આંખો ઘેરાણી, પછી તો હર્ષદ ક્યારે આવ્યો, ખાઈને સૂઈ પણ ગયો એની મને ખબર સુધ્ધાં ન પડી.

મોડી રાતે હું ઝબક દઈને જાગી. બેઠી થઈ. પછી તરત પંખો બંધ કર્યો. હર્ષદે પૂછ્યું, 'બા, પંખો કેમ બંધ કર્યો?'

હું કંઈ ન બોલી, ઊલટું, હર્ષદને પૂછવા લાગી–

'બેટા તું ક્યારે આવ્યો? જમ્યો ? મને...'

હર્ષદ ઉત્તર આપતો હતો ને હું ડિમલાઈટમાં તેમની છબી નિહાળી રહી હતી. તેમણે જ મને કહેલું કે - 'અલ્યા, આ પંખો તો કોઈ બંધ કરો!' □

પ્રસંગપરાગ

મને તો માત્ર છંદ જ આવડે છે...



'સંસ્કૃતિ'નાં પ્રૂફ વાંચીને મેં ઉમાશંકરભાઈને જોવા આપતાં કહ્યું : 'બીજા પાને અડધા પાના જેટલી જગા પડે છે અને અમુક પાને થોડીક લીટીઓ વધે છે.'

એમણે બધાં પાનાં ઉપર એક બારીક નજર નાખી લીધી. પછી કહે : 'બીજા પાનાની નીચે વધેલા પાનાનું અનુસંધાન આપી દો, સમાઈ જશે.'

મેં કહ્યું : 'પહેલું પાનું એટલે તંત્રીલેખ-ની નીચે અનુસંધાન સારું નહિ લાગે. જો કાંઈ સરસ નાનકડું કાવ્ય હોય તો તે મૂકીએ અથવા કોઈ સરસ પૃષ્ઠપૂરક ફકરો હોય તો તે મૂકીએ. પણ ત્યાં અનુસંધાન તો નહિ જ.'

થોડી વાર વિચાર કરીને કહે : 'ઠીક, ઊભો રહે. કાલે એક નાનકડું કાવ્ય કર્યું છે, ઠીક લાગે તો મૂકી દઈએ.'

કાવ્ય હતું 'નિરંજન ભગતને જન્મદિને.' (જિજ્ઞાસુએ આખું કાવ્ય જોવું હોય તો 'અભિજ્ઞા' કાવ્યસંગ્રહની પહેલી આવૃત્તિના પૃષ્ઠ ૬૭ ઉપર અથવા 'સમગ્ર કવિતા'ની બીજી આવૃત્તિના પૃષ્ઠ ૬૮૮ ઉપર જોવું.) કાવ્ય તો માત્ર છ જ પંક્તિનું હતું, પણ વાંચીને હું વિચારમાં પડી ગયો. મને એક પંક્તિમાં છંદક્ષતિ લાગી. પણ એ વખતે મારી સમજ કેટલી ? અને સામે કાવ્ય-સાહિત્યની સમજનો સાગર ! એટલે મનમાં મૂંઝવણ કે કહું કે ના કહું ?

મારા ચહેરા પરની મૂંઝવણ ઉમાશંકરભાઈ પામી ગયા. કહે : 'કેમ કંઈ વાંધો છે ?'

મેં અચકાતાં અચકાતાં અને ગભરાતાં ગભરાતાં કહ્યું : 'બીજી પંક્તિમાં મને છંદ તૂટતો લાગે છે. કદાચ મારી સમજણની મર્યાદા પણ હોય.'

હસતાં હસતાં તેઓ કહે : 'તમે સાચા છો. છંદ લંગડાય છે. પણ મેં જાણીને છંદને લંગડાવ્યો છે. પંક્તિ આ પ્રમાણે છે : 'એ સિવાય જિન્દગી નરી પંગુતા' - એટલે છંદ દ્વારા - લય દ્વારા - મારે પંગુતા ઉપસાવવી હતી. કવિતામાં છંદ તો ખૂબ અગત્યના છે જ, પણ છંદમાં જ બધું આવી જતું નથી. છંદ પાસેથી કામ લેવાની કારીગરી એ જ કલા. જુઓ, બીજું એક હાથવગું દૃષ્ટાંત સમજાવું. મારું એક કાવ્ય છે 'પરોઢે ટહુકો.' એમાં પંક્તિ આવે છે :

........આમ્રની મંજરીએ

કોરી દીધી ના નિજ ગંધ-આકૃતિ

ત્વત્‌ચિત્તમાં ? વા, તવ રક્તવ્હેણ...

('સમગ્ર કવિતા' : પૃ. ૫૦૫)

- આમાં ગંધની આકૃતિ કોરવાની વાત છે - ગંધનું શિલ્પ કોરવાની વાત છે એટલે મેં ત્વ, ત્‌, ત્ત, ક્ત - આ બધા જોડાક્ષરોના ખટકાઓથી - થડકારાથી - શિલ્પીની હથોડી ટાંકણા પર પડે અને જે ખટ્-ખટ્-ખટકા નીકળે તે કાઢ્યા છે. એનાથી જાણે આકૃતિ કંડારાતી હોય એવું નથી લાગતું ? છંદ તો જરૂરના છે જ, પણ છંદ અને શબ્દ દ્વારા - બંનેની બહારનું - ઘણુંબધું થતું હોય છે. હવે સમજ્યો ?'

'એકીસાથે ઘણુંબધું જાણવા-શીખવા-સમજવાનું મળી ગયું. બાકી હું તો માત્ર છંદને જ જડતાથી વળગી રહેનારો છું !'

આમ, ઉમાશંકરભાઈ મને અવારનવાર - પ્રસંગે પ્રસંગે - વાતવાતમાં કવિતાની, શબ્દની, છંદની, લયની, અલંકારોની ઘણી ઘણી ખૂબીઓ બતાવતા રહેતા. પુસ્તકો વાંચીને ન પમાય તેવું બધું થોડાંક સરળ વાક્યોમાં શીખવી-સમજાવી દેતા.

'સંસ્કૃતિ'ના એ અંકને પ્રગટ થયાના થોડાક દિવસો પછી એક કવિમિત્ર મળ્યા. ખિસ્સામાંથી એક ચોપાનિયું કાઢીને મને કહે : 'આ વાંચ્યું ?'

હું પાનાં ઊથલાવી ગયો. કાંઈ સમજાયું નહિ. મેં પૂછ્યું : 'એમાં શું છે ?'

આપણા એક કવિ-વિવેચકના એક નાનકડા લેખ તરફ એમણે ધ્યાન દોર્યું. એમાં કંઈક આવી મતલબનું વાક્ય હતું : 'ઉમાશંકરે જિંદગી આખી છંદ ઘૂંટ ઘૂંટ કર્યા પણ હજુ એમને છંદ ના આવડ્યા.' શબ્દોનો ચોક્કસ ક્રમ તો અત્યારે સ્મરણમાં નથી પણ કહેવાની મતલબ આ હતી.

નિયમ પ્રમાણે બીજે દિવસે સવારે ઉમાશંકરભાઈને ઘેર ગયો ત્યારે વાતવાતમાં મેં કહ્યું : એક કવિ-વિવેચકે પેલી કાવ્યપંક્તિ વાંચીને આ મતલબનું લખ્યું છે... મને તો તમે એ પંક્તિની ખૂબી સમજાવી છે એટલે મારે માટે કોઈ પ્રશ્ન રહેતો નથી. પણ તમારે 'સંસ્કૃતિ'માં કે બીજે ક્યાંક આને વિશે લખવું ન જોઈએ ?'


'ના રે ના. મારે શું કામ લખવું જોઈએ ? મને તો છંદ નથી આવડતા, પણ એમને તો માત્ર છંદ જ આવડે છે !'

- જગદીશ ત્રિવેદી

અતીતમાં અવગાહન


મા ણસના મગજનું સાંચાકામ બહુ અદ્‌ભુત અને વિષમ રચનાવાળું છે. તેમાં જુદાજુદા ભાગ જુદાંજુદાં કામ કરે છે. આપણા સમસ્ત શરીરના જુદાજુદા ભાગો પર પથરાએલા મજ્જાતંતુઓ ત્યાં થતા અનુભવ અને લાગણીઓના સંદેશ મગજનાં જુદાંજુદાં ખાનાંમાં પહોંચાડે છે અને એ ખાનાંઓમાંથી પછી આંખ, કાન, નાક, હાથ, પગ, જીભ અને વિવિધ અંગો ઉપર તેમને કામ કરવાની આજ્ઞા આપતા સંદેશા છૂટે છે. દાખલા તરીકે મગજનો આગલો ભાગ વાચા અથવા વાણીનું કાર્ય કરે છે અને પાછલો ભાગ દ્રિષ્ટજોવાના કાર્ય જોડે સંબંધ ધરાવે છે. એક જાણીતો ફુટબોલ રમનારો રમતાં રમતાં જમીન પર પડી ગયો એવામાં તેના મગજના પાછળના ભાગમાં બીજા ખેલાડીની સખત લાત અકસ્માત વાગેલી તેથી તે અમુક દિવસો સુધી આંધળો રહેલો. આનું કારણ સ્પષ્ટ છે કે એ લાતથી એના મગજનો દૃષ્ટિ જોડે સંબંધ રાખનારો ભાગ જોખમાએલો. બાજુના ચિત્રમાં મગજના એવા વિભાગોમાંના થોડાકનાં સ્થળ આલેખી બતાવ્યાં છે. (સળંગ અંક ૧૩૫)

માણસના મગજનું અદ્‌ભુત સાંચાકામ જે આખા અંગને ચલાવે છે




સાબુનું શિલ્પ

ધોવાના સાબુની મોટા કદની ગોટી અથવા ઘરમાં પાડેલા સાબુનું મોટું ચોસલું હોય તો તેમાંથી તમે ઘણા ઘાટ કોતરી શકશો. તેને માટે ઓજારોનો કંઈ જ ખર્ચ કરવો પડે એમ નથી. ધારદાર ચપ્પુ લઈ



તે વડે અહીં આપેલા નમૂનામાંના નં. ૧ પ્રમાણે દેવદારની ચીપમાંથી, એક બાજુ ચપટું અને એક બાજુ અણીદાર એવું છ થી આઠ ઇંચની લંબાઈનું ઓજાર બનાવી લેવું. પછી નં. ૨ જેવા ઘાટનું બીજું ઓજાર બનાવવું તેને એક છેડે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વાંક ઘડવો અને બીજે છેડે તાર વાળીને બાંધવો. તાર બરોબર કેમ બંધાય તે માટે ચિત્ર નં. ૩માં 'ક' આગળ જે વિગતો બતાવી છે તે ધ્યાનમાં લેવી.

આટલી તૈયારી બાદ આ સાથે આલેખી બતાવ્યો છે તેવો દેડકાનો ઘાટ કોતરવાનો આરંભ કરજો. તેને માટે જે ચિત્રોમાં જેમાં 'બાજુ' અને 'ઉપરથી' એવા શબ્દો લખેલા છે તે ચિત્રો જોઈ તે પ્રમાણે સાબુની વડી કે ચોરસ ગોટી પર





આગળનો દેખાવ



૫૬
અનુસંધાન પાન ૫૭૬ ઉપર

સાહિત્યસંપર્ક

રામેશ્વર શુક્લ 'અંચલ'નું નિધન

જયશંકર પ્રસાદ, સુમિત્રાનંદન પંત, નિરાલા, મહાદેવી વર્મા, મૈથિલીશરણ ગુપ્ત તથા હરિવંશરાય બચ્ચનના સમકાલીન કવિ રામેશ્વર શુક્લ 'અંચલ'નું શુક્રવાર તારીખ ૧૩-૧૦-'૯૫ની વહેલી સવારે જબલપુરમાં એંશી વર્ષની જૈફ વયે અવસાન થયું છે. હજુ તો સપ્ટેમ્બરની ૨૨, ૨૩ અને ૨૪મી તારીખોએ તો તેઓ અમદાવાદ આવ્યા હતા અને કવિના મુખેથી અનેક કાવ્યો સાંભળવાનો લ્હાવો ગુજરાતને મળ્યો હતો. તેમની પ્રસિદ્ધ ગીતરચના 'વનફૂલ'ને તો જ્યારે ગાયિકા શ્રીમતી રાજેશ્વરી અગ્નિહોત્રીએ ગાઈ સંભળાવી ત્યારે શ્રોતાઓની સાથે સ્વયં કવિ પણ ઝૂમી ઊઠ્યા હતા. પાંચેક દસકા પૂર્વેની કવિની આ રચના હૈયાને હચમચાવી નાંખનારી નીવડી છે :

'ફૂલ કાંટો મેં ખિલા થા,
સેજ પર મુરઝા ગયા.'

આ સદ્ગત કવિ સવિશેષ હિન્દીના સારા ગીતકાર તરીકે આજે પણ ખ્યાતનામ રહ્યા છે. કવિના પિતા પંડિત માતાદીન શુક્લ ખડી બોલી હિન્દીના સારા કવિ હતા. આથી પિતાને ત્યાં અનેક સારસ્વતોની આવ-જા થતી. પિતાની રચનાઓને પણ સાંભળવાના સંસ્કારો સ્વાભાવિકપણે કવિને મળેલા. વળી, 'છાત્ર-સહોદર' 'તિલક', 'કર્મવીર' અને 'માધુરી' વગેરે સામયિકોનું સંપાદન પંડિત માતાદીન કરતા હોવાથી એક સાહિત્યિક વાતાવરણ પણ કવિને મળેલું. 'અંચલ'ની પ્રથમ રચના 'ઉસ ક્ષણ' સર્વપ્રથમ 'માધુરી'માં પ્રકાશિત થયેલી.

જો કે અંચલજીએ સર્જકજીવનનો આરંભ તો વાર્તાથી કર્યો હતો. આથી 'તારે' (૧૯૩૬) તથા 'યે વે બહુતેરે' (૧૯૪૧) વગેરે ચારેક વાર્તાસંગ્રહો પછી તેઓ કવિતા તરફ વળ્યા. 'મધૂલિકા' (૧૯૩૮), 'અપરાજિતા (૧૯૩૯), 'કિરણબેલા' (૧૯૪૧), 'કરીલ' (૧૯૪૨), 'લાલચૂનર' (૧૯૪૨), 'વર્ષાન્ત કે બાદલ' (૧૯૫૪), 'વિરામચિહ્ન' (૧૯૫૬), 'પ્રત્યૂષ કી ભટકી કિરણ યાયાવરી', 'અનુપૂર્વા', 'ઇન આવાજોં કો ઠહરા લો', 'ચાર ખંડકાવ્ય' ('શીલજયી', 'ત્યાગપથી', 'જ્યોતિપુરુષ' અને 'અપરાધિતા') પછી પણ કવિની સર્જનપ્રવૃત્તિ તો સતત ચાલુ જ હતી. 'ચઢતી ધૂપ' (૧૯૪૫), 'નઈ ઇમારત' (૧૯૪૬), 'ઉલ્કા' (૧૯૪૭) તથા 'મરુપ્રદીપ' (૧૯૫૧) શીર્ષકથી તેમણે નવલકથાઓ આપી છે. સાથેસાથે 'સમાજ ઔર સાહિત્ય' (૧૯૪૪) 'રેખા-લેખા' ને નામે નિબંધસંગ્રહો અને 'હિન્દી સાહિત્ય અનુશીલન'ને નામે એક સમીક્ષાગ્રન્થ પણ આપ્યો છે.



ડૉ. રામેશ્વર શુક્લ 'અંચલ'જી છાયાવાદોત્તર કવિ તરીકે ખ્યાતનામ ખરા, પણ પ્રગતિવાદ તરફ સર્યા પછી પણ તેઓ એક રોમેન્ટિક કવિ તરીકે જ આગળ આવ્યા. એ યુગનીટ કવિત્રયી નરેન્દ્ર શર્મા, બચ્ચનજી અને અંચલ, ત્રણે ગીતકારો તરીકે ખ્યાતનામ બન્યા. ગીતકાર અંચલની કેટલીક પંક્તિઓ તરફ નજર કરીએ, જેમાં કવિનો સંયોગ-વિયોગ શૃંગાર પ્રકટ થયેલો છે:

'દૂર ખડી હો અપની છત પર તુમને
વેણી ખોલી'

• • •

'મૈં ભલા કૈસે રહૂંગા દૂર તુમસે
રૂપવાલી'

• • •

'આજ પહિલે હી દરસ મેં જગ ઉઠી
તૃષ્ણા અતલ મેં'

• • •

'મૈં બૈઠા ચુપચાપ દેખતા રહૂં કુમુદિની
સા મુખડા,
તૂ ગાતી ચલ દુનિયાં કે મુઝ સે
અનચાહોં કા દુખડા.'

• • •

જબ તુમસે પહચાન ન થી મૈંને ન
તડ઼પ પહચાની થી,
યહ પ્રાણોં કી ઘુટન સુમુખિ, સચમુચ
મેરી અનજાની થી.'

પ્રગતિવાદી પ્રવાહો વચ્ચે તેઓ પ્રગતિવાદી કવિ તરીકે તો ન જ ઓળખાયા, પણ તેમની પ્રગતિશીલ અભિવ્યક્તિ તો આપણને ઘણુંબધું કહી જાય છે :

'અંધકારમેં પડી કબ્રસી આંખે
બાસી રોટી, બાસી પાની
બીત રહી ધુંધલી ધુંધલી જિન્દગાની.'

અંતે તો કવિ રહસ્યમય પરિબળો પરત્વેનું ખેંચાણ જ અનુભવે છે. એમાં મુખ્ય છે શ્રીઅરવિંદ-દર્શન.

'મેરી આસક્તિ બને નિષ્ઠા,
મમતા અર્પિત હો ભક્તિ બને
મેરી વિશ્વાસોંમેં ઉતરો
ઓ મેરે મન કે અવિનાશી.'

હા. કવિતા રહી, કવિ આપણી વચ્ચેથી ચાલ્યા જ ગયા છે એ આજની વાસ્તવિકતા છે.

૧લી મે, ૧૯૧૫માં ઉ.પ્ર.ના કિશનપુર-ફતેપુર ગામમાં રામેશ્વર શુક્લનો

જન્મ થયેલો. ત્યાં જ શાળાકીય શિક્ષણ પછી ૧૯૩૫માં બી.એ., ૧૯૪૨માં એમ.એ. કર્યા પછી જબલપુરમાં હિન્દીના અધ્યાપક નિમાયા અને સાથેસાથે સર્જન તો ૧૯૩૨થી ચાલુ હતું જ. આ કવિના સાડા છ દસકાના સર્જનને પરિણામે ૧૯૮૫માં હિન્દી સાહિત્ય સંસ્થાન (ઉ.પ્ર.) ને ૧૯૯૫માં ભોપાલમાં ચોથી ઑક્ટોબરે તેમને સન્માનવામાં આવેલા. ગીતકાર તરીકે તો તેઓ ક્યારેય ભુલાશે નહીં. - ડૉ. રજનીકાન્ત જોશી

પ્રાપ્ત પ્રકાશનો

અચલ (વાર્તાસંગ્રહ) : કપોળ કલ્પિત (Fantasy)ના આધારે રચાયેલી નવલિકાઓ ફ્રોઈડ અને યુંગ જેવા મનોવિજ્ઞાનીઓની મનઃપ્રક્રિયાને સ્પર્શતી આ નવલિકાઓમાં ઊંડાણ અને સૂક્ષ્મતા ઓછાં લાગે છે. 'અચલ' અને 'રોજરોજ' નવલિકા વધુ આધુનિક લાગે છે. 'अ' એટલે 'क' અતિ આધુનિક છે. બાકીની જૂના માળખામાં નવી પૂરવણીવાળી વાર્તાઓનો સંગ્રહઃ લે. રમેશ શાહ, મૂલ્ય : રૂ. ૨૭, પૃ. ૧૨૦, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧

ચાલો, ગૌરવ કરીએ : પરંપરિત કાવ્યોનો સંગ્રહ. એમાં કેટલીક ગીતરચનાઓ પણ છે. આ કાવ્યોમાંથી સીધા આદર્શો જ સ્ફુટ થાય છે. લે. ગોવિંદભાઈ, કિં. રૂ. ૧૨, પૃ. ૬૦, પ્રકાશક : એન એમ ત્રિપાઠી, પ્રા. લિ, ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨.

ખગોળની ખૂબીઓ : ખગોળના અવકાશી પદાર્થોનો પરિચય અને ગણતરીઓનું પુસ્તક : લેખક : દિનકરરાય વૈદ્ય 'મીનપિયાસી', કિં. ૨૨-૫૦, પૃ. ૬૧, પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

બાળમાનસને ઓળખીએ : બાળ-ઉછેર અંગે માર્ગદર્શન આપતું અને બાળકની મનોગ્રંથિઓ દર્શાવતું પુસ્તક. આમાં બાળકની મનોવૈજ્ઞાનિક ભૂમિકા સુપેરે રજૂ થઈ છે. લેખક : ડૉ. હર્ષિદા પંડિત, કિં. રૂ.૩૦, પૃ. ૧૦૦, પ્રકાશક : ઉપર મુજબ.

મૂંઝવતું તારુણ્ય : તરુણ અવસ્થાની સમસ્યાઓ હલ કરતું અને સાચો માર્ગ દર્શાવતું પુસ્તક, જે યુવાપેઢીને માનસિક વિકાસમાં મોટું બળ પૂરું પાડી શકે. કિશોરો માટે સચોટ મૂલ્યો પણ મનોવિજ્ઞાનને ધ્યાનમાં રાખીને દર્શાવાયાં છે. કિં. ૩૦ પૃ. ૮૮, પ્રકાશક-લેખક : ઉપર મુજબ.

બાળકેળવણીનું તત્ત્વચિંતન : બાળમનોવિજ્ઞાનના નિયમોને આધારે બાળકેળવણીની પ્રક્રિયા દર્શાવતું આ પુસ્તક પ્રાથમિક શિક્ષકને વિકાસમાં ખૂબ ઉપયોગી થઈ પડશે. લેખક : ડૉ. અનસૂયા ત્ર્યં. શેઠ, કિં. રૂ. ૨૦, પૃ. ૬૧, પ્રકાશક : ઉપર મુજબ.

બાલમંદિરનાં વર્ગખંડમાં : પૂર્વપ્રાથમિક કેળવણીની મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ રહીને છણાવટ થઈ છે. બાળમંદિરના વર્ગખંડને સ્વર્ગ જેવો કેમ બનાવાય, એની યુક્તિ-પ્રયુક્તિઓ રજૂ કરતું પુસ્તક. કિં. રૂ. ૩૦, પૃ. ૧૦૬, પ્રકાશક-લેખક : ઉપર મુજબ.

ગઝલના ગગનમાં-૧૧



બકુલેશ દેસાઈ

'ગઝલ એક વળગણ બની ગઈ છે, પરંતુ તેની ફસલ ઊતરી નથી. ગઝલ સાથે મીઠો નાતો છે, તોય એ મીઠાશથી મોં ભાંગી જતું નથી.' આવી નિખાલસતાપૂર્વક કબૂલાત કરનાર બકુલેશ રતિલાલ દેસાઈને આપણે બકુલેશ દેસાઈ તરીકે 'અવાન્તર' કાવ્યસંગ્રહ દ્વારા ઓળખીએ છીએ.

સૂરતમાં માધ્યમિક શિક્ષક તરીકે સેવા આપતા બકુલેશ દેસાઈએ ૧૯૭૫થી કાવ્યસર્જનનો આરંભ કર્યો અને ત્યારથી મુખ્યત્વે ગઝલો જ લખી છે. જન્મ ૧૪-૭-૧૯૪૭ના રોજ સૂરત જિલ્લાના વ્યારા ગામે. અભ્યાસ : બી. એ., બી.એડ્. પ્રકાશિત પુસ્તકો : 'અવાન્તર' (૧૯૮૩) કાવ્યસંગ્રહ, 'રણજિતરામ જન્મ શતાબ્દી પરિસંવાદ' (૧૯૮૩) સંપાદન. 'છાત્રતેજ' શતાબ્દી સ્મૃતિગ્રંથ (૧૯૮૮) સંપાદન.

બકુલેશના થોડાક શેર જોઈએ :

અનાવૃષ્ટિ-અતિવૃષ્ટિ-જીવાતો... કે પ્રતિકૂળતા,
પ્રણય-ક્ષેત્રે છતાંયે સોળ આની છે ફસલ જાણે.

• • •

હો અધિકૃત કે પછી હુલામણું,
નામ, તું જો નામ છે તો નાશ થા.

• • •

સમજણ-દલીલ-તર્ક... બધાં અસ્ત હુલ્લડે,
સંવેદનોની કારમી શિકસ્ત હુલ્લડે.

• • •

અવગણના પામું છું, કારણ ઘરનો માણસ,
તુંકારા ને જાકારીના બરનો માણસ.

• • •

બિનજરૂરી બોજ થૈ પડશે સ્મરણ,
કેંક નહિતર શ્વાસને ડુબાવશે.

• • •

અપેક્ષા ન રાખો કે સોનું સુવાસિત
અગરબત્તી પાસે ન અજવાળું માંગો.

• • •

ચોટ ખાધી મેં કારમી ક્યાં છે?
તેં પીડા દીધી કાયમી ક્યાં છે?

• • •

ઉજવી લો, હોવાનો ઓચ્છવ રંગે ચંગે,
ક્યારે નાગ સમયનો આ કોને ડંખી લે?

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'



તરબતર થૈ તર કે તરવામાં મજા છે,
ફૂલ થૈને ફર કે ફરવામાં મજા છે.
તું હજી તારા વિશે શંકા કરે છે ?
આયનાથી ડર કે ડરવામાં મજા છે.
('નિજાલય') સુરેન્દ્ર કડિયા

આદિત્યવિક્રમ બિરલા

દેશના શ્રેષ્ઠ ઉદ્યોગપતિઓ વિષે કોઈ ઉલ્લેખ કરવાનો હોય તો તરત જ તાતા-બિરલાનો સાથે જ ઉલ્લેખ થાય. બંનેનો ઈતિહાસ પણ તપાસીએ તો ઘણું બધું સરખાપણું જોવા મળશે. જમસેદજી તાતા અને ઘનશ્યામદાસ બિરલાને આપણે ભારતીય ઉદ્યોગોના ભીષ્મ પિતામહ તરીકે સંબોધીશું. બંને દીર્ઘદૃષ્ટાઓએ ભારતમાં વિવિધ ઉદ્યોગોના પ્રથમ પાયા નાખ્યા. તાતા અને બિરલાનું પ્રદાન દેશના માત્ર ઔદ્યોગિકીકરણમાં જ નહિ, પણ આઝાદીની લડતમાં પણ એટલું જ મહત્ત્વનું રહ્યું છે.

ઘનશ્યામદાસ બિરલાના પુત્ર બસંતકુમાર ભાઈઓમાં નાના હોવાને કારણે બહુ લાડકા. તેમનાં પત્ની શ્રીમતી સરલાદેવીની પસંદગી દાદાએ જ કરેલી. અકોલાના સમાજસેવક બિયાણીનાં તેઓ પુત્રી થાય. બિયાણી કુટુંબ પર સરસ્વતીની કૃપા. બિરલાજીને ત્યાં લક્ષ્મીજીનો વાસ. લગ્નને કારણે શ્રી અને સરસ્વતીનો સમાગમ થયો તેમ કહેવાય. સરલાબહેન પણ લગ્ન પછી પુનાની કૉલેજમાંથી સ્નાતક બન્યાં.

૧૪મી નવેમ્બર ૧૯૪૩ને દિવસે બસંતકુમારને ત્યાં પુત્રજન્મ થયો. દાદાએ પૌત્રનું નામ આદિત્યવિક્રમ રાખ્યું. આદિત્યનો અર્થ થાય છે સૂર્ય. દાદાને મન પણ પૌત્ર તારક સમા હતા. નાના હતા ત્યારે દાદા બહુ ધ્યાન રાખે. જો કોઈ માંદગી આવે તો ઊંચાનીચા થઈ જાય. તે સમયે દેશી દવાનો આગ્રહ રખાતો. તેમણે કલકત્તાની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી.એસસી.ની ઉપાધિ મેળવી હતી. અમેરિકાની મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટીમાંથી કેમિકલ એન્જિનિઅરિંગની ઉપાધિ મેળવી.



તેમણે શિક્ષણ પૂર્ણ કર્યા પછી દાદાની સાથે ઉદ્યોગમાં તાલીમ લેવાની શરૂ કરી. એટલું જ નહિ, ઘનશ્યામદાસજી અને બસંતકુમારજીએ તેમની બૌદ્ધિક શક્તિઓને માપીને, તેમને કેટલીક કંપનીઓનો સ્વતંત્ર વહીવટ કરવાની જવાબદારી સોંપી દીધી. પછી તો એક પછી એક કંપનીના એ ચેરમેન બન્યા.

શ્વાનસૃષ્ટિ



ગ્રેહાઉન્ડ ● શ્વાનની અનેક જાતોમાંની આ એક જાણીતી ઓલાદ છે. સામાન્ય રીતે એ શ્વાન પાતળા હોય છે. તે ખૂબ ત્વરાથી દોડી શકતા હોઈ તેમનો ઉપયોગ દોડની હરીફાઈમાં થાય છે. આવા શ્વાનની છાતી ઊંડી અને કમર ગંઠાયેલી હોય છે. એનું મોં સાંકડું અને અણીદાર હોય છે તથા શરીર એકસરખું ઘડાયેલું હોય છે. મોટા પ્રાણીઓના શિકાર માટે સામાન્ય રીતે એનો ઉપયોગ થાય છે અને તે પણ ગંધ કરતાં એને નજરમાં રાખીને જ એ શિકાર ખેલે છે. અલબત્ત, ઇટાલિયન કુળના આવા નાના શ્વાન શિકારના ખપમાં આવતા નથી. અહીં એક પ્રકારના ગ્રેહાઉન્ડ વિશે અલ્પ જાણકારી આપી છે.

આવા ગ્રેહાઉન્ડ પ્રકારની એક ઓલાદ સંભવતઃ મૂળ ઈજિપ્તની પરંતુ એકાદ હજાર વર્ષથી બ્રિટનમાં ઉછેરવામાં આવેલી છે. તેની ઊંચાઈ ૨૭ ઇંચ હોય છે તથા વજન ૬૫ રતલ જેટલું. સામાન્યતઃ તે શ્વાન કાબરચીતરો, બદામી, સ્લેટિયા, રાતો કે કાળો હોય છે. એની રુંવાટી ટૂંકી અને સુંવાળી હોય છે. □

આદિત્ય અમેરિકા ભણવા ગયા તે પહેલાં દાદાએ રાજશ્રીની પસંદગી કરી કાઢેલી. બિરલા કુટુંબની એ ખાસિયત. વડીલોની પસંદગી તેમને પણ મંજૂર હોય.

તેમણે ૧૯૮૩માં દાદાના અવસાન પછી, બિરલા જૂથનો ભાર પોતાના શિર ઉપર લીધો. સાડાબાર વરસના ગાળામાં તેમણે બિરલા જૂથનો ૨૦ ગણો વિકાસ કર્યો! તેમણે જૂથની કંપનીઓને માટે બહુ મોટી ક્રાંતિ કરી હતી. પોતાને વારસામાં મળેલા કારભાર ઉપરાંત નવી કંપનીઓ હસ્તગત કરીને તેમની કાયાપલટ કરી. તેમનાં છેલ્લાં સાહસોમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સાથેના સંયુક્ત સાહસમાં સ્થાપવામાં આવેલા રૂ. ૨૨૦૦ કરોડના મેંગલોર રિફાઈનરીના ગ્રાસરૂટ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. દેશમાં બેસિક અને સેલ્યુલર ફોન પૂરા પાડવા માટે બિરલા જૂથે આ વર્ષ (૧૯૯૫)ના જાન્યુઆરી મહિનામાં એટી એન્ડ ટી કંપની સાથે સમજૂતી કરાર પર સહી કરી હતી.

તેમણે થાઈલેન્ડમાંના પ્રથમ ભારતીય સંયુક્ત સાહસ ઈન્ડો-થાઈ સિન્થેટિક્સ કંપની લિમિટેડની સ્થાપના કરી હતી. તેમણે થાઈલેન્ડમાં થાઈ રેયોન પબ્લિક લિમિટેડ નામનું સંયુક્ત સાહસ સ્થાપવામા પહેલ કરી હતી. ઈન્ડોનેશિયામાં પણ સંયુક્ત ભારતીય સાહસની શરૂઆત કરતાં તેમણે ટેક્સટાઈલ સ્પિનિંગ પ્લાન્ટની સ્થાપના કરી હતી, જે ઈન્ડોનેશિયાની સૌથી સારી મિલોમાંની એક બની ગઈ છે. બિરલા જૂથે ઈન્ડોનેશિયામાં રેયોન વિસ્કોસ ફાઈબરનું ઉત્પાદન કરતું સંયુક્ત સાહસ પણ સ્થાપ્યું છે. આજે બિરલા કંપનીઓ વિશ્વમાં વિસ્કોસ ફાઈબરની સૌથી મોટી ઉત્પાદક છે. ૧૯૭૮માં તેમણે મલેશિયામાં પામ ઓઈલ શુદ્ધીકરણ પ્લાન્ટ શરૂ કર્યો, જે વિશ્વની સૌથી મોટી પામ ઓઈલ રિફાઈનરી બની ગઈ છે. ઈજિપ્તમાં કાર્બન બ્લેકનું ઉત્પાદન કરતો આધુનિક પ્લાન્ટ પણ સ્થાપ્યો છે.

તેમના ઔદ્યોગિક સમૂહના વિકાસ માટે તેમના હાથ પર સંખ્યાબંધ પરિયોજનાઓ હતી. જે સમયે વિદેશોમાં ભારતીય કંપનીઓ દ્વારા ઔદ્યોગિક સાહસોની સ્થાપના અત્યંત જટિલ, વિકટ, જોખમી અને વધુ પડતી સાહસિક ગણાતી હતી ત્યારે તેમણે આવાં સાહસો માટેનું કાર્ય દાદાની પ્રેરણાથી હાથ ધર્યું.

તેમણે જ્યારે વિદેશોમાં ઔદ્યોગિક સાહસોની સ્થાપના કરી ત્યારે ઉદારીકરણ આવ્યું નહોતું. પરંતુ ઉદારીકરણ આવતાં જ તેમની ઔદ્યોગિક અને વ્યાવસાયિક દીર્ઘદૃષ્ટિને પુષ્ટિ મળી હતી. તેમના આ નવા અભિગમને કારણે તેમને 'એકમાત્ર આંતરરાષ્ટ્રિય ભારતીય વ્યવસાયી' તરીકે બિરદાવવામાં આવ્યા હતા.

અકબરના દરબારમાં નવ રત્નો હતાં. રત્નો શોધવાનું કામ સહેલું નથી. આદિત્ય બિરલાએ તેમના ઉદ્યોગ-સમૂહના સંચાલન માટે કુશળ નવ રત્નો તૈયાર કર્યાં છે. આ સક્ષમ વ્યવસાયી પ્રબંધકોની ટીમના વડીલ કેપ્ટન કદાચ દુર્ગાપ્રસાદજી મંડેલિયા હશે, જેઓ દાદાના પણ જમણા હાથ ગણાતા. આ પ્રકારના વહીવટી માળખાને કારણે તેમને ભારતમાં હોય કે પરદેશમાં હોય રોજનો બધી જ કંપનીઓનો ઉત્પાદન, વેચાણ, નફો કે ખોટનો આંકડો મળી જાય.

આ તો તેમની ઉદ્યોગપતિ તરીકેની સફળતાનો એક આછો ખ્યાલ આપ્યો છે. માનવી તરીકે તેમનું જીવન બહુ ઊંચું હતું. સહુને પોતાનો કાન આપતા. નાનામાં નાનો કારીગર પણ કહે, 'આજ બાબુજીને મેરા કહના સૂના.' એકેએક જણને સાંભળતા. મુશ્કેલી હોય તો દૂર કરી આપે. કોઈ વ્યસન તેમના ઉપર અસર કરી શક્યું ન હતું. સીધુ, સાદું જીવન. સવારે ફરવા જવાનો નિયમ. સાથે રાજશ્રી પણ હોય. કુટુંબનાં સઘળાં સભ્યોને તેમનો પ્રેમ મળતો. રાજકીય, શૈક્ષણિક, સામાજિક જરૂરિયાતો ઊભી થઈ હોય ત્યારે તેમનો હાથ ક્યારેય પાછો પડ્યો નથી.

તેઓ છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબિયત ધરાવતા હતા. જાણે કે પોતાના ભવિષ્યનો અણસાર ન આવી ગયો હોય તેમ તેમણે એમ.બી.એ. થયેલાં પુત્ર કુમાર મંગલમ્‌ને છેલ્લાં પાંચ વરસથી પોતાના પરિવારના ઉદ્યોગોના સંચાલનને માટે સક્રિય રસ લેતા કરેલા. તેમણે ઊભું કરેલું 'બિરલા મેનેજમેન્ટ સેન્ટર' એક વિશિષ્ટ પ્રકારનું સંચાલન સંગઠન ગણાય છે.

હજી તો એકાવનમું વરસ બેઠું ને ૧લી ઑક્ટોબરે તેમનું વિદેશમાં નિધન થયું. આ ઉંમરે તો મૃત્યુ હજી ઘણું દૂર ગણાય. આ તો આપણો ખ્યાલ છે, પણ ભાગ્યવિધાત્રીએ તેમને માટેનો જુદો લેખ લખ્યો હશે!

આપણાં નાણામંત્રી મનમોહનસિંહજીએ તેમને બહુ સરસ શબ્દોમાં અંજલિ આપી, "તેઓ ભારતીય ઉદ્યોગના યુવાન કેપ્ટન હતા. મને પણ એમની પાસેથી ઘણું શીખવા મળ્યું.'

- ડૉ. ઉષા જોશી

> સજ્જન ! દો મુખ મત કરો, દો મુખસે પત જાય;
> દો મુખ ભયે પખાજકું, (સો) તીન ટકોરે ખાય.

દેશભક્ત ચિત્તરંજન દાસના પિતા અતિ ઉદાર. એક વાર તેમના કોઈ મિત્રે ૪૦,૦૦૦ રૂપિયાના જામીન થવા વિનંતી કરી, જે તેમણે સ્વીકારી. પણ મિત્રની અશક્તિને કારણે આખરે તેમણે તે રકમ ભરી દીધી. દિવસો પસાર થતા ચિત્તરંજનદાસના પિતાની આર્થિક સ્થિતિ વધુ કથળતી ગઈ અને આખરે તેમને નાદારી સ્વીકારી પડી.

વર્ષો બાદ ચિત્તરંજનદાસ ખૂબ કમાયા અને પોતાના પિતાની નાદારી રદ કરવા અરજી કરી સૌનું દેવું ચૂકવી આપવાની તૈયારી દર્શાવી. આ વાતની જાણ થતાં ચિત્તરંજનદાસના કોઈ સંબંધીએ તેમને એ મતલબનું કહ્યું કે તમારા પિતાએ નાદારી સ્વીકારી હતી તેથી તમારે હવે તેમનું દેવું ચૂકવવાની કાયદેસરની જરૂરિયાત નથી. આ સાંભળીને ચિત્તરંજનદાસે જણાવ્યું : 'કાયદા કરતા પ્રામાણિકતા મને વધુ પસંદ છે.'

• • •

કહેવાય છે અજગર કશું પણ ખાધા વિના એક વર્ષ જીવતો રહી શકે છે !

• • •

કાંચનારની છાલનું ચૂર્ણ એકથી અર્ધી ચમચી સવારે અને રાત્રે માખણ સાથે લેવાથી મસા શાન્ત થાય છે.

• • •

મધ્યપ્રદેશના એક ખેડુતે પોતાના ખેતરમાં બે ફુટ લાંબુ અને એક ફુટના વ્યાસવાળું રીંગણ ઉગાડ્યું હતું.

• • •

એક પાગલે ખૂબ ઊંચા મિનારાને જોઈને કહ્યું, 'આટલો બધો ઊંચો મિનારો કયો માચડો બનાવીને ચણ્યો હશે ?'

બીજા પાગલે જવાબ આપ્યો : 'કેમ વળી, પહેલા એટલો ઊંચો માચડો ઊભો કર્યો હશે ને પછી મિનારો ચણ્યો હશે.'

• • •

જાણો છો કે અમેરિકાની એક અભિનેત્રી બેટી ગ્રેબલના સુન્દર પગનો વિમો એક કરોડ રૂપિયાનો ઉતારવામાં આવ્યો હતો ?

• • •

જ્યોર્જ ત્રીજાના રાજ્યકાળ દરમિયાન બ્રિટિશ સૈન્ય વર્ષેદહાડે ૬૫૦૦ ટન હેરપાઉડરનો ઉપયોગ કરતું હતું.

• • •

જગતમાં કચરાનો સૌથી સારો ઉપયોગ નેધરલેન્ડમાં થાય છે. ત્યાંના વિજસ્ટર નામના ગામમાં વેસ્ટ ટ્રીટમેન્ટ નામની કંપની પ્રતિવર્ષ દસ લાખ ટન જેટલો કચરો એકઠો કરીને તેમાંથી સરસ ખાતર બનાવે છે.

• • •

એલ્યુમિનિયમનાં વાસણોમાં પડેલા ડાઘ દૂર કરવા માટે દળેલું મીઠું તેના પર ઘસવાથી તે ડાઘ દૂર થઈ શકશે.

• • •

એક ગણતરી પ્રમાણે સાગરમાં પ્રતિવર્ષ ચાર અબજ કિલો જેટલું ક્રુડ ઓઈલ ઢોળાય છે ને વ્યર્થ વહી જાય છે.

• • •

ખબર છે ને કે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરનાર હતા સ્વામી વિવેકાનંદ ?

• • •

જાણો છો કે જગતમાં લગભગ ચાર ટકા લોકો જ ડાબોડી હોય છે ?

• • •

પાંચ અઠવાડિયા પછી ગર્ભસ્થ ભ્રૂણની લંબાઈ લગભગ ૨ મિલિમીટર હોય છે અને ત્યારથી એનું ચેતાતંત્ર ઘડાવું શરૂ થાય છે.

• • •

ચકામાં કે ફોલ્લાઓ ઉપર કોથમીરનો રસ લગાવવાથી ફાયદો થાય છે.



ઑલિવ : શિયાળામાં રુક્ષ ત્વચા પર જેનું તેલ લગાડવામાં આવે છે તે આ ઑલિવનું વૃક્ષ પાંદડે આછા લીલા રંગનું હોય છે અને તેનું પાંદડું કે ડાળી શાંતિસૂચક પ્રતીક તરીકે વપરાય છે.



કલાકણિકા : ટિફિલસ નજીકથી ૧૮૭૧માં મળી આવેલા અને હર્મિટેજ મ્યૂઝીઅમમાં રખાએલા રાતા કાચના આ પ્યાલા પર ચાંદીના પતરામાં ડિઝાઈન કરીને લગાવેલી છે, જે કલાકારની શોભનદષ્ટિ દર્શાવે છે.



પહલગામની સહેલગાહ] [ફોટો : ચંદ્રકાન્ત પટેલ

કાશ્મીર એટલે પૃથ્વી પરનું સ્વર્ગ ! અહીં કોઈ અજાણ્યો અલગારી પ્રવાસી પહલગામની સહેલગાહે નીકળ્યો છે. ચોતરફ હિમનું આચ્છાદન અને આકાશના એક ખૂણામાં એકાકી વાદળી ને નીચે એકાકી પ્રવાસી ! તેની પ્રકાશ અને છાદાથી ઊપસતી ધારદાર આકૃતિ છબીકારનો કસબ તો છતો કરે જ પણ છે, સાથેસાથે છબીમાં અર્ધે સુધી આકાશ અને અર્ધે સુધી ધરતીનું સંયોજન કરી એક ખૂણામાં જ પાત્રને વિશાળ કેન્દ્રિત કરીને ભવ્ય પ્રકૃતિને પડછે માનવીની અલ્પતા અને મુગ્ધતા પણ પ્રકટાવી છે.